કુમાર

સંસ્થાપક • રવિશંકર રાવળ


આવતીકાલનાં નાગરિકો માટેનું
આજનાં ઘરોનું અગ્રણી માસિક
જુલાઈ ૩૫૫મો અંક ૧૯૫૩

વાંસ (દશરથ પટેલ) નહિ પેન્સિલ, નહિ રબર: પરભારી પીછીના ત્વરિત સપાટાથી કુદરતની લીલા અને લાલિત્યને સાક્ષાત કરી આપનાર કલાકારનો આંખ ને



આંગળાં પરનો કાબૂ કેટલો અદ્ભુત છે તેની પ્રતિતિ આ ચિત્ર આપે છે. એ જ પીછીની ટોચના વાળથી કરેલી ઝીણી કુમળી ડાળી, ને સૂકી પીછીથી કરેલાં પાછળનાં પાંદડાં એ બધાં જપાની પદ્ધતિનો કસબ છે.

તંત્રી-સંચાલક • બચુભાઈ રાવત



બાઉલ ભજનિકો ચિત્રકાર : બિહારીલાલ બારભૈયા　　　'કુમાર'ના જુલાઇ ૧૯૫૩ના અંક(૩૫૫)નું મુખચિત્ર

બાઉલ એ બંગાળનો રહસ્યવાદી ભક્તિસંપ્રદાય છે. એ લોકોની મુખાકૃતિઓ, પોશાક, સાધનો વગેરેની લાક્ષણિકતા આલેખતા આ ચિત્રમાં જમણી તરફના ભજનિકના જમણા હાથમાં 'ગોપીજંત્ર' નામનું વિશિષ્ટ વાદ્ય છે અને ડાબા હાથે તે 'બાયું' તબલું બજાવે છે. ડાબી તરફનો ભજનિક મંજીરાં વડે અને ત્રીજો ચીપિયા વડે તેમાં તાલ પુરાવે છે.

કુમાર
જુલાઈ ૧૯૫૩
અંક ૩૫૫


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

વાચકો લખે છે.

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

ભૂમિતિમાં હું રસ લેવા લાગ્યો તેના પરિણામે '૫૨ના સપ્ટેમ્બરમાં એક 'નાનેરું સત્ય' ખુલ્લું થયું. તે વખતે મને જે રસરંગ મળેલાં તે અન્ય ભૂમિતિરસજ્ઞોને પણ મળે એવી આશા સાથે તે મોકલું છું.

ચક્રીય ચતુષ્કોણનો એક કર્ણ બીજા કર્ણને દુભાગે તો ચક્રીય ચતુષ્કોણની ચારેય બાજુઓના વર્ગનું યોગફળ દુભાજક કર્ણના બમણા વર્ગની બરાબર થાય. દા.ત. ચક્રીય ચતુષ્કોણઅબકડનો અક કર્ણ બડ કર્ણને દુભાગે તો $\text{अब}^{२}+\text{बक}^{२}+\text{कड}^{२}+\text{डअ}^{२}=\text{२अक}^{२}$.



ઉપરની આકૃતિમાં અક દુભાજક કર્ણ છે. અક કર્ણ બડ કર્ણને પ બિંદુએ દુભાગે છે.

સાબિતી:

$\triangle$ અબડમાં અપ મધ્યગા છે.

$$\therefore \text{अब}^{२}+\text{डअ}^{२}=\text{२ बप}^{२}+\text{२ अप}^{२},$$
$$=\text{२ अप. पक}+\text{२ अप}^{२},$$
$$=\text{२ अप (पक+ अप)}$$
$$=\text{२ अप. अक} \text{———} (\text{१})$$

અને $\triangle$ બકડમાં કપ મધ્યગા છે.

$$\therefore \text{बक}^{२}+\text{कड}^{२}=\text{२ बप}^{२}+\text{२ कप}^{२},$$
$$=\text{२ कप पअ}+\text{२ कप}^{२},$$
$$=\text{२ कप. (पअ+कप)},$$
$$=\text{२ कप. अक} \text{———} (\text{२})$$

પરિણામ (૧) ને (૨ નું યોગફળ કરવાથી

$$\text{अब}^{२}+\text{बक}^{२}+\text{कड}^{२}+\text{डअ}^{२}=\text{२ अप.अक}+\text{२ कप.अक},$$
$$=\text{२ अक (अप+कप)},$$
$$=\text{२ अक. अक},$$
$$=\text{२ अक}^{२}.$$

(ધ્રાંગધ્રા) —નારાયણ દેસાઈ

ફેબ્રુઆરી '૫૩ના અંકના મુખપૃષ્ઠના લખાણથી મારું ધ્યાન ખેંચાયું ને તેમાં રહેલી સંકુચિતતા અનુભવી. 'આવતી કાલનાં નાગરિકો માટેનું આજના ગુજરાતનું માનીતું માસિક'. આ વાક્યમાં provincialism (પ્રાંતીયતા)ની ગંધ નથી આવતી!

'કુમાર' ફક્ત ગુજરાતનું નહિ પણ આખી ગુજરાતી વાંચી શકતી જનતાનું માનીતું માસિક કહી શકાય છે; તો શા માટે ફક્ત ગુજરાતનું નામ લખવામાં આવે છે?

(કાઝીપેઠ) —'કુમાર પ્રેમી'

[*'ગુજરાત' એટલે ગુજરાતની આજની પ્રાંતીય સીમાઓમાં વસતું ભૌતિક ગુજરાત નહિ. પરંતુ ગુજરાતીઓ વ્યાપાર વગેરે અંગે જ્યાંજ્યાં વસ્યા હોય તે સર્વ સ્થળનું બૃહદ ગુજરાત એવો જ અર્થ અમારા મનમાં છે. ને તે માટે કવિ ખબરદારની પેલી જાણીતી પંક્તિ જ અમને અભિપ્રેત છે કે

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.

અમારા મનમાં સ્થૂલ પ્રાંતીય સીમાઓથી બદ્ધ ગુજરાત નહિ, પણ ઉપર્યુક્ત ભાવનાથી વ્યાપ્ત ગુજરાતનો જ અર્થ છે. —તંત્રી]

હું જૂનાગઢ ભણતો ત્યારે એક સંન્યાસીએ પ્રવચનમાં અંગ્રેજી શબ્દ WATCHના સ્પેલિંગનો દરેક અક્ષર જુદો પાડી તેનો નવો શબ્દ બનાવી જે મનન અને ખરેખર તકેદારી રાખવા યોગ્ય અર્થ સમજાવ્યો એ ઘણા વાચકોને ઉપયોગી લાગવાથી લખું છું.

What philosophy does the
word WATCH show?
W=Watch your Words
A=Watch your Actions
T=Watch your Thoughts
C=Watch your Character
H= Watch your Health

જીવનમાં સફળતા માટે જરૂરી બધા ગુણો ઉપરના ઉપદેશમાં આવી જાય છે.

'વાચકો લખે છે' એ કૉલમમાં પ્રગટ થતા વાચકોના વિચારોનો અમલ થાય છે કે નહિ?

(કુપલેટર) —નરેન્દ્ર પી. મહેતા

[* જી; શક્ય હોય તેનો અમલ કરવામાં અમને વાંધો ન હોય. પણ ઢાલને હમેશાં બે બાજુ હોય છે. સૂચનો કરનારાઓને સામા પક્ષનો વ્યવહારુ તેમજ બીજી મુશ્કેલીઓનો કદાચ ખયાલ હોતો નથી. માટે જ પૂછવામાં આમ અવિવેકી ઉતાવળ થઇ જતી હશે?]

પત્રમિત્ર વિભાગ

હિંદી પત્રમિત્રો

(24) Shashikant Karamchand, 7/456 Hathikhana St., Rajkot (Saur.)—19, Stamps, Penpals; (25) Navin Vyas, 1587, Dhana Suthar's St., Ratan Khadki, Kalupur, Ahmedabad—20, Acting, Litera ure, Films; 26) Sanat M. Pandit, Dhant ria Pole, Visnagar (N. G.)—18, Literature, Cricket, Drawing; (27) Pravinchandra Talakchand Doshi, C/o Talakchand Dharshibhai Doshi, Sanghvi Sheri, Prahlad Plot, Rajkot (Saur.)—16, Stamps, Cricket; (28) Shamji Bhanji Khatri, Opp. Pujara Deli, Mandvi-Kutch—21, Stamps, Photography; (29) Dinesh Devjibhai Tanna, 24 Parekh Bhuvan, 544 Adenwalla Road, Matunga, Bombay-19—13, Model Aeroplane making, Stamps, Sports; (30) Arvindkumar Induprasad Bhatt, 1453/4 Raipur, Ahmedabad—14, Cricket, Penpals; (31) Harkant N. Pandit, 1453/3 Raipur, Ahmedabad—14, Cricket, Pen-pals; (32) Mahidharlal Krishnalal Bhojak, Municipal Office, Rajula City (Saur.)—21, Stamps; (33) Rohit H. Parikh, C/o M. N. Mashruwala, 1286 Kanji Divan's Lane, Raja Mehta's Pole, Ahmedabad—17, Stamps; (34) Mahendra C. Chokshi, 341, Tembla's Street, Kalupur, Ahmedabad—20, Politics, Philosophy, Photography, Literature, Autographs, Art; (35) Miss Suhasini B. Toprani, 49 Bajaj Road, Vileparle (west), Bombay-24—16, Swimming, Sports, Literature, Photography; (36) Shah Jayantilal Jadavji, Near Ganesh Bari, Wankaner (Saur.)—18, Stamps, Literature; (37) Hamant T. Pathak, 1136, Krishna Nivas, Sir P.P. Road, Bhavnagar (Saur.)—14, Reading, Stamps, Drawing; (અનુસંધાન પૃષ્ઠ ૨૬૬)

ભાલ ઉપરની

તવ ભાલ ઉપરની ચૂમી...
એ ચૂમી?—કે તલસત રાધા-રમણ-મિલનની ભૂમિ?

ત્યહીં પ્રાણના વેગતણો રવ
મૌનમહીં લય પામ્યો,
અહો અબાધિત કાલ, મધુર એ
અવસર વિષે વિરામ્યો;
ગૌર કમલ દલ ઉપર ગગન ઘન નીલ રહ્યું'તું ઝૂમી...

ત્યહીં ઉભયને અવલંબન
ઉરઉર સ્પંદિત નવ છંદ,
સહજ ઢળી પાંપણમાં પ્રગટિત
દ્યુતિમય શાન્ત ઉમંગ;
(એની) નિખિલ ભુવનના વ્યાપ્ત વાયુમાં લહરલહર રહી ઘૂમી...

રાજેન્દ્ર શાહ

વર્ષાનું પ્રભાત

· પૃથ્વી ·

ન ચંદ્ર, નહિ તારકો, પવનનો ય સંચાર ના;
મહાગહન રાત્રિના નિબિડ અંધકારે ઢળ્યાં
ધરા ગગન, રાત આખી નિજ વાત કહેતાં રહ્યાં
રહસ્યમય; શબ્દશાં વરસતાં ધીમે બિન્દુડાં!

અને નિરખ્યું પ્રાતમાં: પૃથિવી અંગઅંગે દીઠી
અસંખ્ય તૃણની પ્રસન્ન પુલકિત રોમાવલિ.

જયન્ત પાઠક

મંગલાષ્ટકમાં

· સ્રગ્ધરા-અનુષ્ટુપ ·

ફૂલો ને કંટકોમાં અડગ રહી અને નિત્ય ચાલી રહેલાં,
વર્ષામાં ગ્રીષ્મમાં યે જીવન-સફર-આનંદ માણી રહેલાં,
ધૂલી ને કાંકરાઓ સહન કરી સ્વયં અન્યને હૂંફ દેવા
સાથે નિઃસ્વાર્થભાવે, તન તૂટી જતું તો યે કરે બેઉ સેવા.

માથે બોજા વહીને, ચરણની મહીં છાલાં પડે તો ય ખૂંદી
રહે ખાડા-ટેકરાઓ સફરપથ તણા આદિથી અંત સુધી.
ચાહે આ યુગ્મ ના!ના! નસીબ-લિખિતસાથીકદી છોડવાને,
જાતું જો એક દૂરે, જીવન જીવવું થાતું અકારું બીજાને.

કાવ્યના સર્જકો! તો યે મંગલાષ્ટકમાં કયહીં
શાને સ્થાન દઇને આ 'જોડા'ને જોડતા નહીં?

ગીતા કાપડિયા

પ્રણય બાકી

· ગઝલ ·

રહેશે જ્યાં સુધી અસ્તિત્વ કૈં તારું હૃદય! બાકી
રહેશે ત્યાં સુધી જીવંત દુનિયામાં પ્રણય બાકી.

જવાનીમાં તમન્નાઓ લઈ રખડી રહ્યો છું હું.
અનુભવ કાજ નાં રહેશે પછી તો કોઈ વય બાકી.

ભલે ખાલી થયો શીશો, મને ઊઠવાનું કહેશો મા,
તમારી આંખમાં હું જોઉં છું થોડોક મય બાકી.

ખરેખર આજની દુનિયાને જોઈ પ્રશ્ન થાયે છે,
ખુદા જાણે હજી પણ શું રહ્યા છે કૈં પ્રલય બાકી?


પુરુષાતન! નસીબની ચાલ મારે વ્યર્થ કરવી છે;
નહીં જંપું, હશે એના સિતારાનો વિલય બાકી.

જગત એક યંત્ર જેવું છે, ન બદલે છે ગતિ એની,
હમેશાં અસ્ત બાકી છે, હમેશાં છે ઉદય બાકી.

બધી રીતે બધી વખતે સમય સારો નથી મળતો,
સમયની વાટ જોનારા રહેશે ના સમય બાકી.

વધુ મીઠાશમાં કડવાશ આવી જાય છે 'મુકબિલ'
વધારે છૂટછાટોમાં રહેશે ના વિનય બાકી.

મુકબિલ કુરેશી




ઓળખો છો આ આકાશરેખા? ઉપરના ચિત્રમાં જગતનાં જાણીતાં મકાનો વગેરેનાં છાયાચિત્રો આપેલાં છે. તે દરેકને પોતપોતાની આગવી આકૃતિ છે અને આકાશની ભોંય પર પડતી તેમની એ આકૃતિ-રેખાઓ—આકાશરેખાઓ પરથી અવલોકનશીલ ને ચતુર આંખ એમને તરત ઓળખી શકશે. એમાંથી તમે કેટલી ઓળખી શકો છો તેનો યત્ન કરી જુઓ. નહિતર સાચાં નામ નીચે અવળાં છાપ્યાં છે.

(૧) અમેરિકાની સ્વાતંત્ર્યદેવીની મૂર્તિ; (૨) બીજાપુરનો ઘુમ્મટ; (૩) અમેરિકાના પ્રમુખનું રહેઠાણ વ્હાઇટ હાઉસ; (૪) રશિયાના ક્રેમલિનનાં મકાનો; (૫) લંડનનો ટાવર બ્રિજ; (૬) અમૃતસરનું સુવર્ણમંદિર; (૭) દિલ્હીની જુમા મસ્જિદ; (૮) આગ્રાનો તાજમહાલ; (૯) રોમનું સેન્ટ પીટર્સનું દેવળ; (૧૦) અમેરિકાનું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ; (૧૧) ઓરિસ્સામાં આવેલા ભુવનેશ્વરનાં મંદિરો; (૧૨) લંડનના ટ્રફાલ્ગર સ્ક્વેરમાં નેલ્સનનો સ્તંભ; (૧૩) લંડનનાં પાર્લામેન્ટનાં મકાન (૧૪) દિલ્હીનો લાલ કિલ્લો; (૧૫) પારીસનો ઈફીલ ટાવર.

પ્રભાવશાળી વ્યક્તિત્વ પ્રચંડ કાર્યશક્તિ અને અસામાન્ય બુદ્ધિકૌશલ વડે પોતાના વિરોધીઓની પણ પ્રશંસા મેળવનાર હિંદના સ્પષ્ટભાષી, સતર્ક ને બહુશ્રુત વિદ્વાન નેતા

શ્યામાપ્રસાદ મુખરજી



મહાન પિતાના મહાન પુત્ર

કોઇ ધ્યેય ખાતર ઝૂઝતાં પ્રાણત્યાગ કરવો એથી મોટું સૌભાગ્ય માનવજીવનમાં બીજું એકે નથી; ને એ સૌભાગ્ય શ્રી શ્યામાપ્રસાદ મુખરજીને સાંપડ્યું. હિંદ સાથે જોડાએલ અને હિંદનાં જન-ધનથી સંરક્ષાએલા કાશ્મીર રાજ્યે એમના જેવા હિંદીને અટકાયતમાં રાખ્યા અને એમાં જ એમનું અવસાન થયું એ જેવી તેવી ગંભીર બાબત નથી. પોર્ટુગીઝ જેવી વિદેશી સરકારે પણ ગોવામાં પ્રવેશેલા ડૉ. લોહિયાને ગિરફતાર ન કરતાં પોતાની હદ બહાર તેમને મૂકી આવવાનું શાણપણ બતાવેલું; પરંતુ હિંદના જ એક ભાગ કાશ્મીરની સરકાર એટલું પણ શાણપણ ન બતાવી શકી એ ગ્લાનિ ને રોષજનક છે. શ્રી મુખરજી રાજકીય ક્ષેત્રે ભલે વિરોધી મોરચાના આગેવાન હતા, છતાં તેમની જ્વલંત દેશદાઝ અને કર્તવ્યપરાયણતાએ એમને એક રાષ્ટ્રમાન્ય નેતા બનાવ્યા હતા. એ હિંદુઓનો પક્ષ જરૂર લેતા, પરંતુ એ પક્ષપાત એ કોમ પર ગુજરેલા અત્યાચાર અને થતા રહેલા અન્યાયથી પ્રેરિત હતો, આંધળા કોમવાદી ઝનૂનથી પ્રેરિત નહિ. રાષ્ટ્રીયતાની ઉચ્ચ ભૂમિકાથી પતિત થયા વિના એમણે સ્વીકારેલા કર્તવ્યે અને રાષ્ટ્રને આપેલી સેવાએ ગાંધીજી ને સરદારથી માંડીને રાજાજી સુધીના ચુનંદા પરખંદાઓનો આદર પ્રાપ્ત કરેલો. એમનો એવો તે કયો મોટો અપરાધ હતો કે કાશ્મીર સરકારે એમને અટકાયતમાં લીધા, એટલું જ નહિ પણ જીવનની છેલ્લી ઘડી સુધી એમને મુક્ત ન કર્યાં? તેઓ એકાદ સામાન્ય ગુનેગાર તો નહોતા જ, કે નહોતા કાશ્મીર સામે બહારવટું ખેડનારા, કે કાશ્મીર સરકારને તેમની મુક્તિ ભીતિજનક થઇ પડે.

જવાહરલાલ નેહરુની જેમ શ્રી શ્યામાપ્રસાદ મુખરજી પણ મહાન પિતાના મહાન પુત્ર હતા. એમના પિતા સર આશુતોષ મુખરજી આધુનિક બંગાળના નિર્માતાઓમાંના એક હતા. હિંદભરમાં જ નહિ પણ વિદેશોમાં પણ વિખ્યાત કલકત્તા યુનિવર્સિટીના સર આશુતોષ જનક મનાય છે. આમ તો જોકે એની સ્થાપના ૧૮૫૭માં થએલી, પરંતુ શિક્ષણદૃષ્ટિએ એ તદ્દન નિર્જીવ અને માત્ર પરીક્ષાઓ લેતી સંસ્થા રહેલી. એનામાં જીવ આણવો હોય, એને શિક્ષણ આપતી બનાવીને શિક્ષણની પુનર્ઘટના કરવી હોય અને સાહિત્ય, કલા વગેરે સંસ્કૃતિપોષક અંગો વિકસાવવાં હોય તો એનું સંચાલન સ્વહસ્તક લીધા વિના છૂટકો ન હતો. પણ એ બની શકે તેમ ન હતું, કારણ એ વખતે હાઇકોર્ટના કોઈ ન્યાયાધીશ જ એના ઉપકુલપતિપદે આવી શકતા. આશુ બાબુ સંકલ્પ કર્યા પછી એમાં પાછું પગલું ભરે તેવા નહોતા. તેમણે કાયદાનો અભ્યાસ કર્યો, વકીલ થયા, ન્યાયાધીશ થયા અને છેવટે ૧૯૦૬માં વયના ૪૨મા વર્ષે એમણે એ પદ હાથ કર્યું. આ રીતે સત્તાસૂત્રો હાથ કરી એમણે પોતાના શિક્ષણવિષયક મનોરથોને ગતિમાન કર્યાં. ૧૯૦૬ થી ૧૯૨૪ સુધી કલકત્તા યુનિવર્સિટી જ એમનો ઉપસંસાર બની રહી.

આવા દૃઢ નિશ્ચયી અને કર્તવ્યનિષ્ઠ પિતાને ત્યાં, ઈ.સ. ૧૯૦૧માં કલકત્તા મુકામે એમના બીજા પુત્ર તરીકે શ્યામબાબુનો જન્મ થએલો. પ્રથમ 'મિત્ર ઇન્સ્ટીટ્યૂટ' અને પછી પ્રેસિડેન્સી કૉલેજમાં શિક્ષણ મેળવી ઈ ૧૯૧૪માં એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. એ જ અરસામાં આશુબાબુને સૅડલર કમિશનના સભ્યતરીકે હિંદના પ્રવાસે નીકળવાનું થયું અને તેમણે શ્યામબાબુને પણ સાથે લીધા. આશુબાબુનું 'મુખરજી હાઉસ' કલકત્તાના જાહેર જીવનનું કેન્દ્ર હતું. હરેક ક્ષેત્રની વ્યક્તિઓ આશુબાબુની મુલાકાતે આવતી. એ વખતે એ કુમાર શ્યામને પણ સાથે રાખતા અને એ મુલાકાતોની નોંધ એમની પાસે જ લખાવતા. આવી જ પલોટણી શ્યામબાબુને આ પ્રવાસ દરમિયાન મળી. આશુબાબુ પ્રવાસ દરમિયાન એમને દેશના મુખ્ય પ્રશ્નો સમજાવતા અને જુદાંજુદાં ક્ષેત્રોના મહાપુરુષોનો પરિચય કરાવતા રહેતા. આમાં યે એ પિતાપુત્રે મુંબઈમાં લોકમાન્ય ટિળકની મુલાકાત લીધી ત્યારથી શ્યામબાબુના મન પર એમના લોકમાન્યત્વની જે દૃઢ છાપ પડેલી તે છેવટ સુધી કાયમ રહી.

ઈ. ૧૯૨૪માં ૨૩મા વર્ષે શ્યામાપ્રસાદ એમ.એ. પાસ કરીને યુનિવર્સિટીના ફેલો નિમાયા. પછી બી.એલ.ની ઉપાધિ મેળવી એ ઇંગ્લંડ ઊપડ્યા અને ત્યાં બૅરિસ્ટર થવા સાથે એસ. એસ. ડી.ની પણ ઉપાધિ મેળવી. એ જ અરસામાં આશુબાબુનું અવસાન થયું. શ્યામાપ્રસાદે તો વકીલાત શરૂ કરી દીધેલી. કલકત્તા યુનિવર્સિટીએ એમને સાહિત્યની અને કાયદાની 'ડૉક્ટરેટો'થી વિભૂષિત કરેલા. પિતાની મહેચ્છા એમને એક નામાંકિત વકીલ બનાવવાની હતી. જોકે એમની શક્તિ પર મુગ્ધ કલકત્તાના પ્રસિદ્ધ પત્રકાર સર પૅટ લૉવેટને એ

ગમ્યું નહોતું. શ્યામબાબુએ એમની પાસેથી જ પત્રકારત્વની દીક્ષા મેળવેલી. એટલે એમણે જ્યારે વકીલ બનવાની તૈયારી કરવા માંડી ત્યારે લૉવેટે 'કૅપિટલ'માં આવતી એની 'ડિચર્સ ડાયરી'માં લખ્યું: 'સાંભળવા મુજબ તરુણ મુખરજી વકીલ બનવા માગે છે. એનામાં રહેલા પત્રકારત્વના ગુણોને એ દબાવી દે એ ખરેખર કરુણાસ્પદ ગણાય. એની સ્પષ્ટભાષિતા, સતર્કતા અને બહુશ્રુતતા પત્રકારત્વ દ્વારા દીપી નીકળ્યા વિના નહિ રહે.'

પરંતુ આશુબાબુના અવસાને એમના માટે કલકત્તા યુનિવર્સિટીનું તંત્રસંચાલન અનિવાર્ય બનાવ્યું. બંગાળના હાલના ગવર્નર શ્રી એચ. સી. મુખરજીએ સેનેટમાંના પોતાની જગ્યા શ્યામબાબુ માટે ખાલી કરી આપી અને માત્ર ચોત્રીસ જ વર્ષની ઉંમરે તેઓ કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ (વાઈસ ચૅન્સેલર) બન્યા! એ પદે રહીને એમણે પોતાનામાં રહેલી રચનાત્મક શક્તિ અને વહીવટી કુશળતાની પ્રતીતિ કરાવી આપી. શિક્ષણની અનેકવિધ યોજનાઓ ઘડી એમણે અમલમાં મૂકી. અને સૌથી વિશેષ તો માતૃભાષા બંગાળીને એમણે શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન અપાવ્યું. વર્ષો સુધી યુનિવર્સિટીના અનુસ્નાતક વર્ગોના પણ એ અધ્યક્ષ રહેલા.

ઈ. સ. ૧૯૨૯માં બંગાળ ધારાસભામાં ચૂંટાઇને એમણે રાજકારણમાં પ્રવેશ કર્યો. હિંદ પરની વિદેશી સરકારે, ભાગલા પાડીને રાજ્ય કરવાની પોતાની નીતિ અનુસાર દેશની બે મુખ્ય કોમોમાંની મુસ્લિમ કોમને બહેકાવવા માંડેલી અને હિંદુ કોમ તરફથી બોલનાર કોઈ રહ્યું ન હતું. એવે વખતે શ્યામબાબુએ એક બાજુ સરકારની અવકૃપા અને બીજી બાજુ કોમવાદીપણાનો આક્ષેપ વહોરીને પણ ત્રસ્ત હિંદુ કોમની વાચા બનવાનો નિર્ણય કર્યો. એમના પર કોમવાદીનો આક્ષેપ મૂકનારા બંગાળમાં છેલ્લા ત્રણ દાયકાથી સરજાએલી પરિસ્થિતિથી અજાણ જ સંભવે. બંગાળના રાજકારણમાં એક બાજુ બોઝબંધુઓના ઝગડા ચાલુ હતા, ને બીજી બાજુ મુસ્લિમ લીગની આગેવાની વિદેશી શાસકોની પ્રેરણાથી દેશભરમાં અંધ કોમી ઝનૂન ઉત્તેજી રહી હતી. એ સ્થિતિમાં મુસ્લિમ બહુમતીના બંગાળ પ્રાંતમાં હિંદુઓના પક્ષે કોઈ નેતાની જરૂર અનિવાર્ય હતી, અને એ જરૂર રાષ્ટ્રીયતાથી જરા યે સ્ખલિત થયા વિના શ્યામબાબુએ પૂરી પાડી.

ઈ. ૧૯૩૩માં પત્નીનું અવસાન થતાં શ્યામબાબુ માત્ર ૩૨ વર્ષની ઉંમરે વિધુર બન્યા, પરંતુ ફરી લગ્ન ન કરતાં લોકસેવામાં જ જીવન વ્યતીત કરવાનો તેમણે નિર્ણય કર્યો. ૧૯૩૭માં મુસ્લિમ લીગની સરકાર બંગાળમાં અસ્તિત્વમાં આવી અને એ સાથે જ ભાવિ સંઘર્ષનાં ચિહ્ન દૃષ્ટિગોચર થવા માંડયાં. લીગ પ્રધાનમંડળે સૌથી પહેલું કાર્ય એમને કલકત્તા યુનિવર્સિટીનું ઉપકુલપતિ પદ છોડાવવાનું કર્યું. આ અનુચિત પગલા વિષે બોલતાં ખુદ બંગાળના ગવર્નર લૉર્ડ બ્રેબોર્ને કહેલું: 'આ પદ માટે કોઈ વ્યક્તિ યોગ્ય હોય તો તે ડૉ. મુખરજી જ છે, અને મેં તો એમને જ એ પદે રહેવા દીધા હોત. પરંતુ લીગ પ્રધાનમંડળને એ માન્ય નથી.'

એ પછીનાં વર્ષ બંગાળને માટે કપરામાં કપરાં નીવડયાં. ખુલના, બારીસાલ વગેરે સ્થળોએ હુલ્લડો થયાં તથા હિંદુઓ પર અસીમ અત્યાચાર ગુજરવા માંડયો, અને બીજી બાજુ દારિદ્રય ને દુષ્કાળની છાયા આખા પ્રાંત પર ઊતરવા માંડી. શ્યામબાબુએ હવે આજસુધી પોતાની નજર સામે રહેલું કલકત્તા યુનિવર્સિટીનું ચિત્ર ભૂંસી નાખ્યું અને ત્વરિત લઘુમતીના પક્ષે ઊભા રહ્યા. એના પર ગુજરતા ત્રાસના નિવારણ અર્થે એમણે દેશની બહુમતી હિંદુ જનતાનો સાથ અનિવાર્ય માન્યો અને હિંદુ કોમનું નેતૃત્વ પોતાના હાથમાં હોવાનો દાવો કરતી હિંદુ મહાસભામાં જોડાયા. એ વખતની એમની વાણીમાં દર્દ અને કરુણા જાણે મૂર્તિમંત આકાર ધારણ કરતાં. એમાં ક્યાં યે પરકોમ પ્રત્યે દ્વેષબુદ્ધિ ન હતી, રાષ્ટ્રીયતાનો ઘાત નહોતો. ધર્માંધતાના ખપ્પરમાં માનવજાતના એક અંગને હોમાતું બચાવવાની કેવળ માનવનિષ્ઠા એ પાછળ હતી. એમના પોતાના જ શબ્દોમાં, 'બંગાળનું સંત્રસ્ત હૈયું મારા દ્વારા વાચા મેળવી રહ્યું હતું.'

ઈ. ૧૯૪૧માં લીગ પ્રધાનમંડળમાં ફાટફૂટ થઈ અને ફઝલુલ હકે સ્વતંત્ર પ્રધાનમંડળ રચવાનું નક્કી કર્યું. એમાં તેમણે શ્યામબાબુનો સાથ માગ્યો. શ્યામબાબુએ એ આપ્યો અને હક્ક પ્રધાનમંડળમાં નાણાંખાતાના પ્રધાન બન્યા. જો એ કટ્ટર કોમવાદી હોત તો આવું કદાપિ ન કરત, અને તો, હમણાં એમના અવસાન પર 'મારો નાનો ભાઇ ચાલ્યો ગયો' એવા દર્દમય શબ્દો ફઝલુલ હક્કે ન કાઢયા હોત. શ્યામાપ્રસાદને તો હક્ક પ્રધાનમંડળને સાથ આપીને હિંદુ-મુસ્લિમ એકતા સિદ્ધ થઇ શકે તેમ હોવાનો અપૂર્વ દાખલો બેસાડવો હતો. તે એમણે તો બેસાડયો, પણ એ જ કારણે એ બંને કોમો વચ્ચેના વૈમનસ્યમાં જ પોતાની સલામતી જોતી વિદેશી સરકારની આંખનું કણું તેઓ થઇ પડયા, ને હિંદુ મહાસભાના ભાગલપુર અધિવેશનમાં એ ભાગ લેવા ઊપડયા ત્યાં બિહારની હદમાં પગ મૂકતાં જ તેમને ગિરફતાર કરી લીધા. દેશના એક પ્રાંતનો પ્રધાન બીજા પ્રાંતમાં પગ મૂકતાં દેશની સલામતી માટે જોખમકારક ગણાઈ તેને ગિરફતાર કરી લેવામાં આવે એ ઓછું હાસ્યાસ્પદ નથી. આ હાસ્યાસ્પદ પ્રકાર પર ગાંધીજીએ શ્યામબાબુને લખેલું: 'તમે સઘળો આંક તોડયો છે. અમને તો પકડવામાં આવ્યા, કારણ અમે વિરુદ્ધમાં હતા; પણ તમે તો પ્રધાન હતા.' સરકારની મકસદ તો આ ધરપકડ પાછળ એક જ હતી અને તે બંગાળમાં ઊભી થવા માંડેલી હિંદુ-મુસ્લિમ એકતા તોડવાની; કેમકે શ્યામબાબુ એ એકતાના આધારસ્તંભ હતા.

૧૯૪૨ના ઑકટોબરમાં મિદનાપુર જિલ્લામાં પ્રલયંકર પૂર ફરી વળ્યાં. એ પછી આખા બંગાળને ભરડો લેતો માનવસર્જિત દુકાળ આવ્યો. અન્ન અને આશ્રય વિનાની માનવતા ઠેરઠેર ઊભરાવા લાગી. એને માટે એક જ રાહ ખુલ્લો હતો અને તે મૃત્યુનો. સરકાર નિષ્ક્રિય હતી. ગવર્નરે પોતાના અધિકારનું અતિક્રમણ કરી સરકારને તદ્દન નિર્માલ્ય બનાવી દીધેલી. આ નિષ્ક્રિયતા અને નિર્માલ્યતા સામે પુણ્યપ્રકોપિત થઈ શ્યામબાબુએ પ્રધાનમંડળમાંથી પોતાના પદનું રાજીનામું આપી દીધું. એ રાજીનામાનો પત્ર પ્રસિદ્ધ કરવા પર સરકારે પ્રતિબંધ મૂકયો, પરંતુ શ્યામબાબુએ તે છપાવીને દેશભરમાં વહેંચ્યો જ. એમનો આ પત્ર એમના પિતાએ લૉર્ડ લિટન પર લખેલા પત્રની યાદ આપ્યા વિના નથી રહેતો.

એમણે તરત જ રાજનીતિથી પર કેવળ અનુકંપાપ્રેરિત સહાયપ્રવૃત્તિ ઉપાડી. જેટલાં માનવીઓને મૃત્યુમુખે હોમાતાં બચાવાય એટલાંને વર્ગ કે કોમના ભેદ વિના બચાવ્યાં. એ વખતે એમણે ઉઠાવેલા પરિશ્રમનું બીજાઓને આશ્ચર્ય થાય એ તો સમજાય એવું છે, પણ ખુદ એમને એનું આશ્ચર્ય થએલું. પાછળથી એમણે કહેલું: 'મારા હાથે થએલા કાર્યનો વિચાર કરું છું ત્યારે આટલાં સામર્થ્ય અને ઉત્સાહ મારામાં કયાંથી આવ્યાં એનું મને આશ્ચર્ય થાય છે.'

સર સ્ટૅફર્ડ ક્રિપ્સે પ્રાંતોને કેન્દ્રથી અલગ પડવાની છૂટ આપતી યોજના સાથે ૧૯૪૨ના માર્ચમાં હિંદની મુલાકાત લીધી. પ્રાંતોના સ્વયંનિર્ણયના અધિકારને આટલી ઘાતક હદે પહોંચાડવાની બ્રિટિશ કૂટનીતિનો શ્યામબાબુએ જબરો વિરોધ કર્યો. ૧૯૪૫ના નવેમ્બર મહિનામાં આઝાદ હિંદ ફોજના નેતાઓને મુક્ત કરવાની માગણી

કરતું સરઘસ નીકળ્યું. સરકારે એ પર ગોળીબાર કરતાં તરત ડૉ. શ્યામાપ્રસાદ સરઘસને મોખરે જઇ ઊભા રહ્યા. એમણે સરઘસને ન વિખરાવા દીધું, ન પાછું ફરવા. સરઘસ સાથે આખી રાત રસ્તા પર કડકડતી ઠંડીમાં એ બેઠા રહ્યા ને બીજે દિવસે નીકળેલી, ગોળીબારથી મરાએલા વિદ્યાર્થીઓની સ્મશાનયાત્રામાં સાત માઇલ પગે ચાલીને સ્મશાન પર ગયા. લોકોને સંકટમાં છોડીને પોતાનો જીવ વહાલો કરવાનું એ કદી શીખ્યા નહોતા.

૧૯૪૬માં શ્રી જવાહરલાલ નેહરુએ પ્રધાનમંડળ રચ્યું, પરંતુ સર્વ પક્ષોને સમજૂતી પર લાવવા યોજાએલી સીમલા પરિષદ એળે જતાં મુસ્લિમ લીગે દેશભરમાં કોમી હુલ્લડો જગાવ્યાં. છેવટે લીગની માગણી પ્રમાણે દેશના ભાગલા પડ્યા ને ખંડિત રૂપે દેશ સ્વતંત્ર થયો. સ્વતંત્ર હિંદનું બંધારણ તૈયાર કરવા રચાએલી બંધારણસભાના સભ્ય તરીકે એમણે બંધારણમાં વાણી અને લેખનસ્વાતંત્ર્યના માનવીના મૂળભુત અધિકારોનો હ્રાસ થવા ન દેવા માટે ચલાવેલી લડત એ બંધારણના ઇતિહાસનું એક ઊજળું પ્રકરણ છે. એમનો ઉત્કટ સ્વાતંત્ર્યપ્રેમ એમણે એક વાર કલકત્તા યુનિવર્સિટીમાં ઉચ્ચારેલા આ શબ્દો દર્શાવી આપે છે: 'Freedom first, freedom next, freedom always—nothing less will satisfy me.'

સ્વતંત્ર હિંદના પહેલા જ પ્રધાનમંડળમાં શ્યામાપ્રસાદને લેવામાં આવ્યા. જોકે શરૂઆતમાં તો તેઓ એ માટે તૈયાર નહોતા, પણ સરદાર પટેલના આગ્રહ પછી ગાંધીજીએ પણ તે માટે આગ્રહ કરતાં તેઓ એમાં જોડાયા પરંતુ નેહરુ સરકારની પાકિસ્તાન સામેની નીતિ એમને ઢીલી લાગતાં તે એમાંથી ખસી ગયા. સરદાર પટેલે તેમને એ સ્થાને રહેવા ઘણું સમજાવ્યા, પરંતુ પ્રધાનમંડળને પોતે પોતાના દૃષ્ટિકોણથી સહમત કરી શકે તે અશક્ય હોવાનું જણાતાં તે ૧૯૫૦ના એપ્રિલમાં છૂટા થઈ ગયા.

હિંદુમહાસભામાંથી તો તેઓ ગાંધીજીની હત્યાના ગોઝારા કૃત્ય સમયથી જ છૂટા થઈ જઈ કૉંગ્રેસમાં જોડાયા હતા. દેશની બદલાએલી સ્થિતિમાં તેમને એવી કોઈ કોમવાદી સંસ્થાની જરૂર પણ દેખાતી ન હતી. એટલે પ્રધાનમંડળમાંથી છૂટા થઇ એમણે પોતાનો 'જનસંઘ' નામે જુદો જ પક્ષ રચ્યો ને તેના દરવાજા તમામ કોમો માટે ખુલ્લા રાખ્યા. ૧૯૫૧ના જાન્યુઆરીની ૧લીએ સંઘનું નામકરણ થયું. એ પક્ષના નેતા તરીકે પાર્લામેન્ટમાં શ્રી નેહરુ સામે એમણે ટક્કર ઝીલવા માંડી—ખાસ કરીને કાશ્મીરના પ્રશ્નની બાબતમાં. કાશ્મીરનું હિંદ સાથેનું જોડાણ પૂરેપૂરું ને અસંદિગ્ધ હોવું જોઇએ એ એમનો આગ્રહ હતો. આ આગ્રહને કારણે એ નેહરુ સરકાર સાથે ઘર્ષણમાં આવ્યા અને ગયા માર્ચ માસમાં દિલ્હી મુકામે એમની ધરપકડ કરવામાં આવી, પરંતુ સર્વોચ્ચ અદાલતે એમને છોડી મૂક્યા.

ત્યાર બાદ એ કાશ્મીર સરકાર સાથે ઘર્ષણમાં આવ્યા. એક હિંદી તરીકે તેઓ હિંદ સાથે જોડાએલા કાશ્મીરમાં પ્રવેશવાનો પોતાનો મૂળભૂત અધિકાર હોવાનું માનતા, ને એ અધિકારની સ્થાપના અર્થે કાશ્મીર રાજ્યમાં પ્રવેશતાં ત્યાંની સરકારે ગયા મે માસની ૧૧મીએ તેમની ધરપકડ કરી અને ૨૩મી જૂને થએલા તેમના અંતકાળ પર્યંત તેમને અટકાયતમાં ગોંધી રાખ્યા.

એ સંકુચિત કોમવાદી નહોતા એ તો મહાબોધિ સોસાએટીએ એમને સોંપેલું અધ્યક્ષપદ દર્શાવી આપે છે. એ પદે રહીને એમણે સારિપુત્ત અને મોગ્ગલાનના અવશેષોની સાંચી મુકામે પુનઃપ્રતિષ્ઠા કરેલી. ઇ. સ. ૧૯૫૨માં કટક મુકામે મળેલા પ્રવાસી બંગ સાહિત્ય સંમેલનના પણ એ પ્રમુખ હતા. એક હિંદુ કોમવાદી તરીકે નહિ પણ એક વિશુદ્ધ રાષ્ટ્રવાદી તરીકે તેઓ કાશ્મીરના પ્રશ્નનો ઉકેલ માગતા હતા એ તો એમણે એમના કારાવાસ દરમિયાન કાશ્મીરના વડા પ્રધાન શેખ અબ્દુલ્લા પર લખેલા પત્રો પરથી જણાઇ આવ્યા વિના નથી રહેતું. એમણે છેવટ સુધી એ પ્રશ્નનો ઉકેલ વાટાઘાટ દ્વારા લાવવા પર જ ભાર મૂકેલો.

નવાખલીમાં હિંદુઓ પર ગુજરેલા અત્યાચારોની જાતતપાસ માટે ગાંધીજીએ ખેડેલા દીર્ઘ પ્રવાસ પહેલાં તેઓ પરિસ્થિતિનું અવલોકન કરવા પહોંચી ગએલા. સરકારે તેમને રક્ષણ આપવા ના પાડેલી, ગુંડાઓએ ધમકીઓ પર ધમકીઓ આપવા માંડેલી, પણ એથી મુદ્દલ ન ડગ્યા. એમની જિંદગીમાં ભય જેવી વસ્તુ એમણે જાણી નહોતી. ઢાકાનાં હુલ્લડોની તપાસ માટે પણ તે એ જ રીતે પહોંચી ગએલા. વિમાની મથકે ઊતરતાં જ ત્યાંના બ્રિટિશ કમિશ્નરે એમને પાછા વળી જવા સમજાવ્યા, પણ રહેંસાતી માનવતાથી મોં ફેરવી લેવા શ્યામબાબુ તૈયાર નહોતા. કમિશ્નરે એમને કશું રક્ષણ આપવા ના પાડી એટલે શ્યામબાબુએ પગે ચાલીને જવાનો નિર્ણય કર્યો એમના આ નિર્ણયથી કમિશ્નર ગભરાયો અને એ વખતે ઢાકામાં જ રહેલા ત્યારના વડા પ્રધાન ફઝલુલ હક્ક પાસે તેમને લઈ ગયો ફઝલુલ હક્ક તો શ્યામબાબુને આમ અચાનક ફૂટી નીકળેલા જોઇ આભા જ બની ગયા. એમણે તરત શ્યામબાબુને રક્ષણ આપવાનું તથા તેમની બધી સગવડ સાચવવાનું પોલિસને ફરમાન કર્યું.

બ્રિટિશોની ભાગલાનીતિએ ઉત્તેજેલા આંધળા ઝનૂન સામે વર્તમાનપત્રો કંઈક કરી શકે તેમ હતું, પરંતુ શ્યામબાબુએ કલકત્તા પાછા ફરીને જોયું કે એ વખતનો પોલિટિકલ સેક્રેટરી એ. જે. પોર્ટર વર્તમાનપત્રોને મોંએ ડૂચો દઈ રહ્યો હતો. આ સામે એક જ માર્ગ હતો, અને તે બંગાળ ધારાસભામાં સભા મોકૂફીની દરખાસ્ત રજૂ કરવાનો તથા એ દરખાસ્ત પર થએલી ચર્ચા વર્તમાનપત્રોએ વિગતવાર છાપવાનો. આ માટે ધારાસભામાં કૉંગ્રેસ પક્ષનો ટેકો જરૂરી હતો. કૉંગ્રેસ પક્ષના પ્રમુખ એ વખતે પટણા હતા. તેમને લખ્યું તો તેમણે એવું કંઈ કરવા તત્પરતા ન બતાવી. એટલે તેમને કલકત્તા આવી પરિસ્થિતિનું જાતે અવલોકન કરવાનું જણાવવામાં આવ્યું, તો પોતાને બીજાં અરધો ડઝન રોકાણો હોવાનો જવાબ મળ્યો! શ્યામબાબુએ છેવટે ગાંધીજી પાસે બધી હકીકત રજૂ કરી. ગાંધીજી આખો મામલો પામી ગયા. જોગાનુજોગ એ વખતે કૉંગ્રેસપ્રમુખ તેમની મુલાકાતે વર્ધા આવતાં ગાંધીજીએ તેમની ધૂળ કાઢી નાખી ને શ્યામબાબુ કૉંગ્રેસ પક્ષના ધારાસભ્યોની જે કંઈ સહાય માગે તે આપવાનો આદેશ આપીને તેમને કલકત્તા રવાના કર્યા.

શ્યામબાબુ તેમની શક્તિ અને મતિ અનુસાર પોતાની માતૃભૂમિની સેવા કરી ગયા. પ્રભાવશાળી વ્યક્તિત્વ, પ્રચંડ કાર્યશક્તિ અને અસામાન્ય બુદ્ધિકૌશલ વડે તેમણે વિરોધીઓની પણ પ્રશંસા મેળવેલી. એમની વાણીમાં રહેલા વકીલના યુક્તિવાદ અને મર્મભેદક ઉપહાસ સાથે ગર્જનાશીલ અવાજને લઇને એ સૌના લક્ષનું કેન્દ્ર બનતા. રાજકીય મોરચે એમના વિરોધીઓ પ્રત્યે પણ એમને કશો અંગત રાગદ્વેષ નહોતો એ શ્રી નેહરુની તેઓ ખાનગીમાં જે પ્રશંસા કરતા તે પરથી જણાય છે. હિંદુત્વવાદી નેતાઓમાં માત્ર એ જ એક એવા હતા જે માનતા કે સામે પક્ષે પણ સત્ય સંભવી શકે છે. પ્રાંતીયતા તો મહારાષ્ટ્રીયો જેટલી જ બંગાળીઓને પણ વરેલી છે, પરંતુ એ સંકુચિતતા પણ એમને નહોતી સ્પર્શી. રાષ્ટ્રના લોકશાહી વિકાસમાં આવા એક સન્નિષ્ઠ અને સોએ સો ટકા દેશભક્તનું અસ્તિત્વ નિઃશંક સામર્થ્યદાયી પુરવાર થયું હોત.

અશોક હર્ષ

સાગર સામે સાહસ

એક સ્વપ્નસેવી અને છાતીધડા દાક્તરે ખેડેલા આંધળિયા સાહસની રોમાંચક કહાણી-તેની પત્નીના જ શબ્દોમાં

ત્યારે ન્યૂ ઝીલૅન્ડમાં તો બધા મિત્રો અમને અમેરિકાની કોઈ ગાંડાની ઇસ્પિતાલમાં જગ્યાનું નક્કી કરીને પછી જ ઊપડવાની સલાહ આપતા હતા. તેમણે અમારા સાહસને એક અવિચારી પગલું ગણ્યું હતું; અને પાછા આવવાની વાત તો ક્યાં ય રહી, પણ બૉસ્ટન સુધી અમારા પહોંચવા વિષે જ તેમને શંકા હતી.

વાત એમ હતી, કે પોષ-માહની કડકડતી ઠંડીમાં પ્રશાંત મહાસાગર પોતાનું સ્વરૂપ બદલીને તાંડવ કરવા લાગે છે. પરંતુ મારા પતિ ડૉ. ટૉમસ ડેવિસે જરા પણ નમતું ન મૂક્યું અને પોતાનું ધાર્યું જ કરવાનો અડગ નિર્ણય કર્યો હું તો શું બોલું? મને તો ખબર જ હતી કે પોતાની જ નૌકામાં, પોતાના કપ્તાનપણા નીચે પ્રશાંત પાર કરવાનાં એમનાં સ્વપ્નો કેટલાં યે વર્ષોથી એમના મગજમાં વમળ ઊભાં કરે છે. આમ તો એ ડૉક્ટરની પદવી લઇને વૈદકમાં નિષ્ણાત થઈ ગયા હતા, પણ એમનું મન તો પ્રશાંતની લહેરો સાથે હિલોળા લેતું હતું.

એમના પૂર્વજો આયર્લૅન્ડના વાસી હતા ને દરિયા સાથે એમને લોહીનો સંબંધ હતો. ટૉમ તો સમુદ્રયાત્રામાં આનંદથી નાચી ઊઠતાં ને કહેતા કે પૃથ્વી પરની જમીન તો નકામી વસ્તુ છે. કદાચ જહાજોનાં લાકડાં માટે જંગલો ઉગાડવા ઈશ્વરે એ સગવડ રાખી હશે!

સોળ વર્ષ અને શાળાનો અભ્યાસ, બંને સાથે જ પૂરાં કરીને ટૉમે મેડિકલ કૉલેજમાં પ્રવેશ તો કર્યો, પણ પોતાની નૌકા ખરીદવાનું સ્વપ્ન તો ત્યાં પણ ન જ ભૂલ્યા. રવિવારે કે તહેવારે એ અટૂલો, યુવાનીમાં પ્રવેશતો યુવાન પોતાના સૂકા વાળને બંદરના વાયરાઓ વડે ફરફરાવતો બંદરના કોઇ ખૂણે બેઠેલો ઘણી વાર દેખાતો.

આથી ૧૭-૧૭ વર્ષોથી સેવેલાં સ્વપ્નો વાસ્તવિકતામાં ઊતરતાં યે જોયાં ત્યારે તેમાં અંતરાય નાખવા મેં જરા પ્રયત્ન ન કર્યો. આ જ દરમિયાન ટૉમને તેના એક મિત્રે બૉસ્ટન શહેરમાં આવેલી હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જવાની સલાહ આપી.

પછી તો શું બાકી રહે? વાંદરાને દારુ મળ્યો! ટૉમે તો બૉસ્ટન જવાનો નિશ્ચય કર્યો. ખૂબ કરકસર કરીને બચાવેલી છેલ્લી પેની અમે 'સૅાએટ' નામની સ્ટીમર ખરીદવામાં ખર્ચી નાખી. ટૉમે નક્કી કરી નાખ્યું કે એ પોતે પ્રશાંત મહાસાગરના ૧૨,૦૦૦ માઈલની સફર એમાં ખેડીને ન્યૂ ઝીલૅન્ડથી બૉસ્ટન (અમેરિકા) જશે.

જ્યારે મેં મને સાથે લઈ જવાની વાત કરી ત્યારે તેમણે રસોઇયણ તરીકે કામ કરવાની શરત આગળ ધરી, અને મેં તે સ્વીકારી લીધી. એટલું જ નહિ, પણ અમારા મોટા પુત્ર જ્હૉનને પોતાના મદદગાર તરીકે ને નાના ટિમૉથીને કૅબિન-બૉય તરીકે કામ કરવાની શરત કરીને પછી જ સાથે લેવાનું નક્કી કર્યું. પોતે કપ્તાન બન્યા અને સહાયક તરીકે તેમણે નેલ નામના એક અનુભવી સાગરખેડૂને પસંદ કર્યો. નેલે પોતાના મદદનીશ તરીકે એના સાળા બિલીને પસંદ કર્યો. આ પ્રમાણે અમે છ જણાએ 'મિરૂ'ની આગ્રહભરી મહેમાનગતી સ્વીકારી. પૉલીનેશિયનોની એવી પ્રથા છે કે જ્યારે જહાજનો માલિક બદલાય ત્યારે જહાજનું નામાભિધાન પણ નવેસરથી કરવું જોઇએ. આ પ્રથાને અનુસરીને પૉલીનેશિયન ટાપુઓની કુળદેવી 'મિરૂ'ના નામ પરથી સૅાએટનું નવું નામ પણ અમે 'મિરૂ' જ પાડયું.

સાગરયાત્રાના નિર્ણય પછી છ માસ સુધી અમારું ઘર ધર્મશાળાથી પણ બદતર દશામાં પડયું રહ્યું. જ્યાં જુઓ ત્યાં વસ્તુઓ વેરવિખેર પડેલી જોવા મળે. કેટલા યે નકશાઓએ તો મહિનાઓ સુધી જાણે અમારી શેતરંજીની ગરજ સારી! સાથે લેવાની ખાદ્યસામગ્રી પણ વેરવિખેર પડી રહેતી. દોરીના કટકા, ખીલીઓ, તેલનાં ડબલાં અને નાનીનાની કેટલી યે વસ્તુઓ પગમાં અટવાતી.

વેલિંગ્ટન (ન્યૂ ઝીલૅન્ડની રાજધાની)માં અમારી સ્ટીમરનું છેલ્લું સમારકામ ચાલતું હતું. પણ ત્યાં જઇને જોયું તો અમે સ્તબ્ધ બની ગયા. હજી તો ઘણું કામ બાકી હતું! અમારે ઓછામાં ઓછું બે માસ તો રોકાવું જ પડશે એમ લાગ્યું. અને એનો અર્થ એ થયો કે વધુ તોફાન, વધુ વંટોળિયા અને એટલી જ મુસીબતો. હવે તો ઝંઝાવાત અને વમળ સાથે વીંટળાએલા કૅરીબિયન સાગર સાથે અમારે હારજીતના કપરા ખેલ ખેલવાના હતા. જૂન, જુલાઇ અને ઑગસ્ટ ત્રણ માસમાં આ સાહસ ખેડવું એ મૃત્યુને જ આમંત્રણ હતું. પરંતુ ટૉમ પોતાને મૃત્યુના વિજેતા માનવા લાગ્યા હતા.

મેની ૨૯મીએ અમારે ઊપડવાનું હતું, એટલે શાંતિથી તૈયારી કરવા જ્હૉન અને ટિમૉથીને એક મિત્રને ત્યાં મોકલી દીધા. અંતે ૨૯મી આવી. વાતાવરણ ખુશનુમા હતું. બધી વસ્તુઓ યાદ કરીને લઇ લેવામાં આવી હતી. 'મિરૂ'નું એન્જિન કોઈ પણ ક્ષણે ચાલુ થવા તૈયાર હતું. અમે મંગળપ્રયાણનો સૂચક 'પીટરનો ધ્વજ' ફરકાવ્યો.

પણ બરાબર આ જ વખતે બાળકોની આયાનો ટેલિફોન આવ્યો. કે નાના ટિમૉથીને તાવ આવ્યો છે. થોડી વાર વિચારસમુદ્રમાં ડૂબકી મારીને બહાર આવ્યા પછી ટૉમે જણાવી દીધું કે બાળકોને પ્લેગ થાય કે કૉલેરા થાય, હવે ૩૧મી મેએ 'મિરૂ'નું લંગર ઊંચકાઈ જશે. આ વધારાના ચાર-પાંચ દિવસ દરમ્યાન માંદગીના આ સમાચાર ખૂબ જ ગુપ્ત રાખવામાં આવ્યા. બરાબર એ જ સમયે ભયાનક તોફાન ઊઠયું અને મૂશળધાર વરસાદ શરૂ થઈ ગયો!

૩૧મીએ પણ આમ જ ચાલુ રહ્યું. વરસતા વરસાદમાં અમને વિદાય આપવા આવેલા મિત્રો અને સગાંવહાલાંઓને દૂરથી જ અમે છેલ્લી સલામ કરીને સંતોષ માન્યો. મળેલી ભેટો અને ખાવાની વસ્તુઓની અમે એક તરફ થપ્પી કરી દીધી. પણ તરત જ અમને આશંકાઓની ભૂતાવળે ઘેરી લીધા અને અમને નિરાશા સિવાય બીજી કોઇ ક્ષિતિજ દેખાતી બંધ થઇ. અમે ઉદાસ બની ગયા.

'મિરૂ'એ લંગર ઉઠાવ્યું. સ્ટીમરનો ધ્વજ ફરકવા લાગ્યો. સઢ પર ચીતરેલા 'ટંગારોઆ' દેવની પ્રતિમાના મુખ પરથી કરચલીઓ અદૃશ્ય બની, અને 'મિરૂ'એ ન્યૂ ઝીલૅન્ડને વહાલભરી વિદાય આપીને પીઠ ફેરવી. ૨૭ અશ્વબળવાળા અમારા 'એલ્સાક્રેગ' ડીઝલ એન્જિને ધમધોકાર કામ શરૂ કરી દીધું. અમે એનું નામ 'વૃદ્ધ એલ્સા' પાડી દીધું.

વેલિંગ્ટન છોડયાને એક દિવસ થયો ન હતો ત્યાં તો સંકટોએ અમારી સમક્ષ પ્રત્યક્ષ બનીને રૌદ્ર નૃત્ય શરુ કર્યું. ચાલીસ ચાલીસ ફૂટ ઊંચી બિકરાળ પહાડ જેવી પાણીની છોળોએ 'મિરૂ'ના વિશાળ વાંસા પર ધસવાનું શરૂ કરી દીધું. અમારી પહેલાં આવાં સાહસોનો શૉખ કોઇએ કેમ નહિ કર્યો હોય તેનો જવાબ મને આમાંથી જડી ગયો.


પ્રશાંત મહાસાગરની વિનાશક લહેરોરૂપી ડાળીઓ પર ઝોબન-વતી 'મિરુ' ઝૂલે ચડી હતી. પણ વેલિંગ્ટનના કોઈ કારીગરની અપાર કૃપા અમારા પર વરસવા લાગી. એણે અમારા જ કહેવાથી ઉતા-વળ કરીને તડો પૂરવામાં બેદરકારી બતાવી હતી, એટલે તેમાં થઇને પાણી અંદર આવતું હતું! પહેલી રાત્રી માંડમાંડ પસાર કરીને હું જ્હૉનની કૅબિનમાં પહોંચી–તપાસ કરવા કે એને કેવીક ઊંઘ આવી–પણ જઈને જોઉં છું તો જ્હૉન ભાઈ તો નિરાંતે ડિટેક્ટિવ વાર્તા વાંચતો હતો, ને ચારે તરફ પાણી જ પાણી! હું એને મારી કૅબિન-માં ખેંચી ગઇ. ટિમોથીને મેં મારી સાથે જ રાખ્યો હતો. નીચે ડેક પર તો ફુવારો જ ચાલી રહ્યો હતો. એન્જિનની કૅબિનમાં પણ ઉસે-ચવાં જેટલું પાણી ભરાઈ ગયું હતું. હવે શું થશે? મારી છાતીને ધબકારે ધબકારે હું મારા જ મનને પ્રશ્નો પૂછીને મૂંઝાઇ રહી હતી.

૨૨ દિવસ સુધી અમે કૅબિનમાં પુરાઈ રહ્યા. વરસાદ તો ચાલુ જ હતો, અને હવે તો ઠંડીએ પણ વરસાદ સાથે શરત મારી હતી. પુરુષોની પાસે એક પણ સૂકું કપડું ન હતું. બિછાનાંએ પણ પેટ ભરીને જલપાન કર્યું હતું. ચોપડીઓ પલળીને માવો બની ગઈ હતી. નકશાઓ કોરા કાગળમાં ફેરવાઈ ગયા હતા. વારંવાર સાગર અમારી સ્ટીમર સામે ઘૂરકતો હતો. એની સામે રક્ષણ થાય તેવું એક પણ હથિયાર અમારી પાસે ન હતું. ભયંકર મોજાંઓ સ્ટીમરની બંને બાજુ અથડાતાં અને કાન ફાડી નાખે એવા તીવ્ર અવાજ કરીને નિષ્ફળ બનીને પાણીમાં જ પાછાં પડતાં. પાછળથી અમને ખબર પડી કે અમારો એકનો એક દિશાસૂચક કંપાસ(હોકાયંત્ર) પણ કામ કરીકરીને થાકી ગયો હતો અને હવે એની ઈચ્છા પણ ન હતી!

બપોરનું ભોજન લઇને હું મારા કમરામાં આરામ કરતી હતી ત્યાં અચાનક કંઈક ચમત્કાર થયો, ને મેં મારી જાતને ચોપડી વાંચતા બિલની છાતી પર બેઠેલી જોઈ! પાછળથી તેણે ખુલાસો કર્યો કે હું જ્યારે સૂતી હતી ત્યારે એક પહાડી મોજાએ સ્ટીમરને ભેટવાનું સાહસ કર્યું અને એના આંચકાથી હું ઊડીને ખુરસી ટેબલોને વટાવતી બિલની છાતી પર ચડી બેઠી હતી! બીચારા બિલની શી દશા થઈ હશે?! હું પણ ૧૦-૧૨ જગ્યાએ જ ઘવાણી હતી! પરંતુ આ ચમ-ત્કારથી એક ટેબલની ખીલીઓ ઢીલી થઈ ગઇ; તેથી ગમે તે વખતે વગર આમંત્રણે તે ગમે તેની મુલાકાત લેવા પહોંચી જતું, અને ત્યાં વિનાશના અંગારા વેરીને થોડી વારમાં ક્યાંક બીજે આવી પહોંચતું! છેલ્લાં ત્રણ અઠવાડિયાંમાં થએલા નુકસાનનો હિસાબ કાઢતાં અમને જણાયું કે ફક્ત બાગો જ સાવ કોરાં રહ્યાં હતાં. જ્હૉને લખવા વાંચવાનું બંધ કર્યું હતું ને એ તો પોતાને મળેલી લાંબી રજાઓથી ખૂબ ખુશ થઈ ગયો હતો. બંને જણાનો તાવ તો ક્યાંય ભાગી ગયો હતો!

રાપા બેટની એક ટૂંકી મુલાકાત લઇને ૯મીએ અમે પાછાં સફરે નીકળી પડચાં. પણ થોડી જ વારમાં વગર નોટિસે 'એલ્સા'એ એક લાંબોનિશ્વાસ નાખીનેકામ કરવાની પોતાની અશક્તિ બતાવી દીધી! તપાસ કરતાં જણાયું કે એ તો નિર્દોષ જ હતું. બિલે ડીઝલ ઑઇલ-ને બદલે તેને પાણી પાઈ દીધેલું એ તો એને ક્યાંથી ભાવે?!

પહેલાં તો અમને એમ હતું કે પેરુ પહોંચતાં છ થી સાત અઠ-વાડિયાં લાગશે, એટલે મેં તો આઠ અઠવાડિયાંનો જ ખોરાક લીધો હતો. પણ પાંચ અઠવાડિયાં તો અહીં જ થઈ ગયાં, ને હજી ૪૫૦૦ માઈલ બાકી હતા! એટલે હવે અમે દિવસમાં બે જ વખત ખાવાનું રાખ્યું. જ્હૉનને પરાણે ભણવાનું શરૂ કરાવ્યું પણ ટિમોથીએ તો રોકડું જ પરખાવ્યું કે પોતે કાંઇ ભણવાબણવાનો નથી અને પોતાના પિતાની જેમ જ વહાણવટું કરશે!



સફરનો પ્રવાસમાર્ગ દર્શાવતો નકશો

એવામાં એક દિવસ ઝંઝાવાત આવ્યો. એણે અમને દસ મિનિટ-માં પકડી પાડચાં અને 'મિરુ'ની મહેમાનગતિ જાણે એને ફાવી હોય તેમ ખાસ્સા બે દિવસ રહીને પછી જ તેણે વિદાય લીધી. ભોજનસામગ્રી ખૂટવા માંડી હતી. માછલીઓ અમે પકડી ન શક્યા. જોકે વ્હેલનાં તો ટોળેટોળાં મળતાં. એવામાં કોઠારમાંથી ખાંડના ડબ્બાએ ખાલી હોવાનો અવાજ દીધો. હવે ફરી રૅશનિંગમાં ઘટાડો કરવો પડચો. સવારમાં ચા અથવા કૉફી, બપોરે દાળનું પાણી અને એક કપના છઠ્ઠા ભાગ જેટલા ભાત દરેક જણને મળતા. હા, બાળ-કોને આમાંથી મુક્તિ હતી. પણ આટલા ખોરાકથી અમારું શું વળે? અમે એ લોકો કંઇ પડતું મૂકે તો ખાઇ લેવાય એમ ધારીને ટાંપીને બેસતાં; પણ એ બારકસો એક દાણો પણ પડતો મૂકે તો ને?

હવે અમે દક્ષિણ અમેરિકાની રહસ્યભરી ધરતી તરફ જઈ રહ્યાં હતાં. પણ અચાનક જ,—અમારી કલ્પનાઓ પરિપૂર્ણ બને એ પહેલાં જ, ટૉમના શરીરમાં ઝેરના અણુઓ ફેલાવા લાગ્યા. અમારા હોશકોશ ઊડી ગયા. આંતરડામાં થએલા સડાને દૂર કરવા પેનિસિ-લિનની જરૂર હતી, અને તેવે જો તે તુરત ન શોધી કાઢચું હોત તો ટૉમ જરૂર મૃત્યુનો ભોગ બની જાત.

અત્યાર સુધીમાં અમે ૫,૦૦૦ માઇલ વટાવી ચૂક્યા હતા. ઑગસ્ટની ૨૨મીએ અમારી પાસે માત્ર દૂધના પાઉડરનો એક ડબ્બો અને થોડું માંસ બાકી રહ્યું હતું. ટૉમે આખો દિવસ એન્જિનની સાફસૂફી કરી. અમને આશા હતી કે 'એલ્સા' તેની તનતોડ મહેનતનો બદલો ઝડપ વધારીને ચોક્કસ આપશે. હજી અમે ક્યાં છીએ તેની અમને ચોક્કસ ખબર ન હતી. અને ત્યાં જ 'એલ્સા'એ ડીઝલ ઑઈલ-નો છેલ્લો ઘૂંટડો ભરીને એડકાર ખાધો. હવાનું તો નામનિશાન ન હતું. ટૉમને કંઈક ધુરી આવી તે તેણે દોડીને મારા બે સ્ટવમાંથી બધું ગ્યાસતેલ 'એલ્સા'ને પાઇ દીધું. 'એલ્સા'એ તૃપ્તિની નિશાની રૂપે 'ફટફટ' અવાજ શરૂ કરી દીધો. હવે અમે હમ્બોલ્ટના ગરમ પ્રવાહ-માં પ્રવેશી ચૂક્યાં હતાં એટલે ઠંડીનો પ્રશ્ન ન હતો. ૨૨મીને દિવસે જ અમે માંસનો છેલ્લો ટુકડો ખલાસ કર્યો. હવે અમે ખાલી ડબ્બા-ઓની તપાસ કરવા લાગ્યા પણ એ ડબ્બાઓએ દેખાડેલાં ચકચકિત તળિયાંમાં અમને અમારા નિરાશાભર્યા ચહેરા જ જોવા મળ્યા.

પણ પૂરા ૪૫ દિવસ પછી અમને માનવમુખનાં દર્શન થયાં. બે પેરુવાસીઓ હોડીમાં બેસીને અમારી તરફ આવી રહ્યા હતા. ઇટા-લિયન, ફ્રેંચ, લૅટિન અને પૉલીનેશિયન ભાષાઓનું મિશ્રણ કરીને અમે એને પેરુ કેટલું દૂર છે તે પૂછી લીધું. પણ એ લોકો તો પૂર્વ તરફ આંગળી ચીંધીને અમને એક માછલી આપીને આગળ ચાલ્યા ગયા. હજી માછલી રાંધું એ પહેલાં તો કટકા કરીને સૌ એને ખાઈ પણ ગયા.

સૂર્ય પોતાના પ્રકાશથી દરિયાનાં શાંત મોજાંઓને ચમકાવતો રૂપેરી રંગોળી પૂરતો હતો. બપોરનો સમય હતો. હું તો નીચેના ભાગમાં હતી. ત્યાં અચાનક 'મિરુ'ની ઘંટડીએ પોતે જમીન જોઈ છે તેની ખબર આપતો મધુર ઘંટારવ શરૂ કરી દીધો! હું અને બિલ એક ઝપાટે ડેક ઉપર પહોંચી ગયાં ને પછી તો ત્યાં ભૂખ કે નિરાશાને સ્થાન ન હતું. બાળક, વૃદ્ધ કે સ્ત્રી-પુરુષના ભેદ ન હતા. અમે ખૂબ નાચ્યાં. પણ મેં તો આ નાચનો આનંદ છોડીને ચાની પાર્ટીની તૈયારી કરવા માટે રસોડામાં જવાનું વધારે પસંદ કર્યું. ટૉમે તો અમને આજ રાત્રે કાલાવની હૉટલમાં બાદશાહી ખાણાનું વચન આપ્યું હતું.

પણ કાલાવમાં પ્રવેશ કરવાનો પ્રવેશપત્ર તો અમારી પાસે હતો નહિ! બંદરના અધિકારીને મહામહેનતે સમજાવ્યો કે અમે કોઈ દેશનાં નાસી છૂટેલાં કેદીઓ ન હતાં. પણ ન્યૂ ઝીલૅન્ડના વિદેશ પ્રધાને આપેલા ભલામણપત્રે આમાં ખાસ મદદ કરી. વધુ ખાતરી કરવા તે પેરુમાં આવેલ અમેરિકન કૉન્સ્યુલેટમાં ખબર કાઢવા ગયો અને આવ્યો ત્યારે બીજો એક તારસંદેશો પણ સાથે લેતો આવ્યો: 'લંડનમાં આવેલી "બરોઝ વેલકમ ડ્રગ કમ્પની"ને ડૉ. ટૉમ ડેવિસને અમેરિકામાં અભ્યાસ માટે ૩,૦૦૦ ડૉલર(૧૫૦૦૦ રૂ.)ની શિષ્યવૃત્તિ આપતાં આનંદ થાય છે. અભિનંદન!' અમારા આનંદનો પાર ન રહ્યો. અમે પેટ ફાટે એટલું જમ્યાં અને પછી ઊંઘી ગયાં.

સાત દિવસ પછી ફરી વાર સઢને ઢીલા કરીને 'એલ્સા'ને ચાલુ કરી અમે ક્યૂબા જવા રવાના થયાં. અમે ધારતાં હતાં કે ત્યાં જઈને તુરત અમે ક્યૂબાની નાગરિકતા સ્વીકારી લઈશું, પણ સાન ઍન્ટોનિયોથી જરા આગળ ગયાં ત્યાં તો અમે ભયાનક વમળમાં સપડાયાં. દરેક પળે મૃત્યુ અમારી આંખો સામે તરવરતું હતું. આ મુશ્કેલી તો માંડમાંડ પસાર કરીને અંતે અમે ક્યૂબા પહોંચ્યાં. જકાતની કચેરીમાં બધું કામ શાંતિથી અને પંચાત વગર પતી ગયું. ડૉક્ટરી તપાસમાંથી પણ બચી ગયાં. પણ પાસપોર્ટ માગવામાં આવ્યો ત્યારે અમે કંઈ બોલી ન શક્યાં. તેણે અમને તરત જ બંદર અને ક્યૂબા છોડી જવાની ચેતવણી આપી. અમે એને જુદીજુદી રીતે સમજાવ્યો, જુદીજુદી રીતે અમારો પરિચય આપ્યો, યોગ્યતાનાં સર્ટિફિકેટો રજૂ કર્યાં, પણ તે ન જ માન્યો. અંતે એણે અમેરિકાની સરકાર તરફથી કાંઈ ખબર આવે તે પહેલાં, બંદર પર પગ ન મૂકવાની શરતે અમને અમારી સ્ટીમર પર રહેવા દઈને સમાધાન કર્યું. સાંજે એ આવ્યો ત્યારે એનું મોં પડી ગયું હતું. તેને ઉપરી અધિકારી પાસેથી હુકમ મળ્યો હતો કે ડૉ. ટૉમિસ ડેવિસની યોગ્યરીતે આગતાસ્વાગતા કરવી!

'ફૉરેસ્ટ'થી અમે મીઆમી પહોંચ્યાં. ત્યાંથી ઊપડતી વેળા એક જણે ભાવિ તોફાનની આગાહી કરી. પણ ટૉમ હવે જરા ગર્વમાં આવ્યા હતા. તેમણે ગંભીર વિચાર કરીને પોતાની દૃઢતા બતાવી આપી: 'તુફાન યા મોત, થોભવાનું નથી. બોસ્ટન આપણી મંઝિલ' એવા એના લોખંડી શબ્દોએ અમને થોડી હિંમત આપી. પણ મીઆમીથી નીકળ્યાને ૨૪ કલાક થયા ત્યાં તો એક ઈંચ પણ આગળ જવાનું કઠિન બન્યું. અધૂરામાં પૂરું અમેરિકા સાથેનો રેડિયો-વ્યવહાર પણ ખોરવાઈ ગયો. 'એલ્સા' ખરે વખતે નિમકહરામ બન્યું. પોતાની ટેવ પ્રમાણે એક લાંબો નિશ્વાસ નાખી તે ચૂપ થઈ ગયું. ગમે તેમ કરીને ફ્લૉરિડાના એક બંદર સુધી તો પહોંચ્યાં. ત્યાંથી ફર્નાન્ડિના, જ્યાંથી ઍન્જિનનું સમારકામ કરીને આગળ વધવાનું નક્કી કર્યું. પણ કીચડથી ભરેલા 'વૉટર વે'માં થઈને જવાની યોજના પર લોકો હસ્યા. ટૉમે તે સામે આંખ આડા કાન કર્યા. ત્યાંથી દક્ષિણ કૅરોલીના સલામત રીતે પહોંચી ગયાં. ત્યાં બંદર પર તોફાનના ચેતવણીસૂચક વાવટા જોયા, પરંતુ ટૉમ ન માન્યા ને એની ઉચ્છૃંખલતાનું ફળ તુરત જ મળ્યું. નૌકા કાબૂ બહાર ગઈ અને દરિયામાં સરવા લાગી. દશે દિશામાં અંધકારનો પડદો પડી ગયો હતો. વંટોળિયાનો પાર ન હતો. તુરત જ અમે લંગર ઉતાર્યું. પણ તેણે કુદરતના રૌદ્ર સ્વરૂપને હરાવવાની ના પાડી. પવને બધી વસ્તુઓને ઉડાડવાનું શરૂ કર્યું. ટૉમે એક વાર ડેક પર જવાનું સાહસ કર્યું, પણ તે તો ડેક પર જ અહીંથી ત્યાં ઊડણ માછલીની નકલ કરવા લાગ્યા! નેલે સમયસૂચક બનીને ટૉમ પર કુદકો માર્યો—ટૉમ ઊડી ન જાય એટલા માટે. પણ ત્યાં તો બંને ઊડવા લાગ્યા, અને ભય એટલો બધો વધી ગયો કે મગજમાંથી વિચાર કરવાની શક્તિ જ ઓસરી ગઈ. હવે બિલ આગળ વધ્યો અને તે કુસ્તીબાજની અદાથી નેલ પર ચડી બેઠો. ત્રણે જણાએ આંકડા ભીડીને સાંકળને યથાસ્થાને ભરાવી અને પરિણામે ત્રણે જણા ઠીકઠીક ઘવાયા. જ્હૉન અને ટીમોથી તો આ પ્રસંગને લીધે એટલા ખુશ થઈ ગયા કે તેમને તોફાનની ભયંકરતાનો ખ્યાલ જ ન આવ્યો અને બંને જણા વારેવારે ટૉમ, નેલ અને બિલને 'વન્સમોર' કરવાની આજીજીઓ કરવા લાગ્યા.

અહીંથી અમારું સુકાન વર્જિનિયામાં આવેલા નૉર્ફોક બંદર તરફ ફેરવ્યું ને ખાસ સંકટો વગર ત્યાં પહોંચી ગયાં. નૉર્ફોકથી આગળ વધતી વખતે ત્યાં એ તોફાનના વાવટા જોયા. પણ ફરી વાર ટૉમે પોતાનું ધાર્યું કર્યું! પણ આ વખતે વાતાવરણે ટૉમની તરફેણ કરી, અને સાવ શાંત રહ્યું. અંતે નવેમ્બરની બીજીએ પાંચ માસ કરતાં વધારે વખત દરિયામાં રહીને ૧૨,૦૦૦ માઈલનો પ્રવાસ કરીને અમેરિકા પહોંચ્યાં ત્યારે આનંદની અવધિ ન હતી. મિત્રો ને સગાંઓ, વિદ્યાર્થીઓ ને અધ્યાપકો, જાણીતા ને અજાણ્યા, સૌ અમારું સ્વાગત કરવા તત્પર હતાં. જ્હૉન ને ટિમોથીને મન તો તેમનો જન્મદિવસ હતો. તેમને કેક, બિસ્કીટ અને રમકડાંનો પુષ્કળ જથ્થો ભેટ મળ્યો, પણ એ બંને તો કોઈનો આભાર પણ નહોતા માનતા! કેટલા કૃતઘ્ની!

રસ્તા ઉપર પણ અગણ્ય માનવસંખ્યા અમારું સ્વાગત કરવા હાજર જ હતી. હૉટેલમાં પહોંચીને ખબરપત્રીઓના મધપૂડાને સંતોષવાનું કામ ટૉમે જ કર્યું. હું તો શું બોલું? પતિ અને બાળકો સાથે હું કુશળ પહોંચી એ જ ઓછા આનંદની વાત હતી?

બીજે દિવસે હું અમારે રહેવાના મકાનની તપાસે નીકળી. ટૉમ પોતાના મિત્ર ફ્રાન્સિસ હેરશૉફને મળવા ગયા. હેરશૉફ કુટુંબે ૧૮૯૩ થી૧૯૨૦ સુધી લાગટ નૌકાવહનમાં 'અમેરિકાનો કપ' જીત્યો છે.

અંતે મને એક મકાન મળ્યું. તેમાં ટેલિવિઝનની પણ સગવડ હતી. અમારે મન તો એ નવાઈની વાત હતી. સાંજે જ્યારે ટૉમ ઘેર પાછા આવ્યા ત્યારે મેં ખૂબ ઉલ્લાસથી તેમને વાત કરી. પણ મને લાગ્યું કે મારા ઉત્સાહની ખાસ કંઈ અસર એમના પર થઈ નથી, ત્યારે મેં પૂછ્યું, 'કેમ ટૉમ, શી વાત છે? તબિયત તો સારી છે ને?' ત્યારે તેણે મોં મલકાવીને જવાબ આપ્યો, 'હું હેરશૉફને મળી આવ્યો. ખૂબ સરસ માણસ છે. અમે એક પાવરબોટ બનાવવાનો વિચાર કરીએ છીએ. જે ઘડીએ હું હાર્વર્ડનો અભ્યાસ પૂરો કરીશ તે જ ઘડીએ હું અને હેરશૉફ કૉન્ગો નદીમાં અમારી નાવને તરતી કરશું. તું પણ ધારે તો રસોયણ બનીને અમને સાથ આપી શકીશ.'

અને ફરી હું સ્તબ્ધ બની. મને થયું કે આનું એક સ્વપ્ન સિદ્ધ થયું ત્યાં બીજું ઊભું કર્યું જ છે. હે ભગવાન, આ ટૉમથી તો તોબા!

(મિસિસ ડેવિસની અંગ્રેજી નોંધપોથીના 'નવનીત'માં આવેલા સંક્ષિપ્ત હિંદી ભાષાંતર પરથી)

વિનોદ મેઘાણી

આપણને જીવનનો સંપર્ક આપનાર જ્ઞાનતંતુઓનું એક મુખ્ય થાણું

'કાયાની કરામત'નો ૩૪મો હપતો

કરોડરજ્જુ

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



[૧]
કરોડના મણકાઓ વચ્ચે ગૂંથાઇને પડેલી કરોડરજ્જુનું પડખેથી દર્શન : તેનો મથાળાનો છેડો મગજ સાથે સંધાએલો છે અને નીચલો છેડો કેડના પહેલા મણકા આગળ પૂરો થાય છે. તે પછી ઘોડાના પૂંછડા જેવો જ્ઞાનતંતુઓનો ગુચ્છો તેમાંથી નીકળે છે, જેને કૉડા ઇક્વીના કહે છે

જ્ઞાનતંતુઓની આ રચના જાણ્યા બાદ હવે આપણે આખા જ્ઞાનતંત્રનો વિચાર કરીએ. જ્ઞાનતંત્ર એટલે મગજ, કરોડરજ્જુ તથા એ બંનેમાંથી નીકળતા અસંખ્ય જ્ઞાનતંતુઓ. મગજ અને કરોડરજ્જુ એ જ્ઞાનતંતુનાં કેન્દ્રો (Nerve-centers) છે અને તે જ્ઞાનતંતુ-કોષો તથા તંતુઓનાં બનેલાં છે, એમ આપણે આ અગાઉના હપતામાં જોઈ ગયા.


કરોડર-જ્જુ આપણી કરોડના મણકાઓના પોલાણમાં, માળાના મણકાઓમાં પરોવાએલી દોરીની જેમ ગોઠવાએલી છે. શરીરનું એ અત્યંત નાજુક અંગ હોવાથી એનું યોગ્ય રક્ષણ થવા કાજે જાણે કે એને અસ્થિના બખ્તરમાં જતન કરી મૂકવામાં આવી છે. વળી એના ઉપર ત્રણ ત્રણ તો આવરણો છે; અને અંદરનાં બે આવરણો વચ્ચે વળી 'સેરીબ્રોસ્પાઈનલ ફ્લ્યૂઈડ' નામનો પ્રવાહી પણ છે. આને લીધે ધક્કાથી કે પછડાટથી કરોડ-રજ્જુનું ચોક્કસરીતે રક્ષણ થાય છે.

કરોડ-રજ્જુ અઢાર ઇંચ લાંબી અને અરધો ઇંચ પહોળી છે અને આપણી કેડના પહેલા કે બીજા મણકા આગળ તે પૂરી થાય છે. પૂંછડીવાળાં પ્રાણીઓમાં તે આખી કરોડની લંબાઈ જેટલી જ લાંબી હોય છે, જ્યારે વાંદરાં, માણસ વગેરેમાં થોડી ટૂંકી હોય છે. મથાળાના ભાગે તે મગજ સાથે જોડાએલી છે અને છેડાના ભાગે તેમાં ઘોડાની પૂંછડી આકારનો થોડા જ્ઞાનતંતુઓનો ઝૂમખો છે, જેને કૉડા ઇક્વીના (Cauda equina) કહેવામાં આવે છે. (જુઓ આકૃતિ ૧ તથા ૩)

શરીરના મધ્યભાગે આવેલી આ કરોડરજ્જુનાં બન્ને પડખાંમાંથી ૩૧–૩૧ નાડીઓ (જ્ઞાનતંતુઓ) નીકળે છે અને શરીરના જુદાજુદા ભાગોમાં ફરી વળે છે. આ નાડીઓમાંથી ફાંટા રૂપે નીકળતી બીજી નાડીઓ પણ છે, જે શરીરની સ્વયંગતિક (આપમેળે ચાલતી) ક્રિયાઓનું નિયમન કરે છે. આ અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર (Sympathetic Nervous System) વિષે આગળ ઉપર જોઈશું.

કરોડરજ્જુ અંડાકૃતિ આકારની અને બરફ જેવા સફેદ રંગની છે. એનો કાપેલો છેદ જોઈએ તો વચમાં અંગ્રેજી H આકારનો ભૂખરા રંગનો ગરભ છે અને એની આજુબાજુ સફેદ રંગી જાડું પડ છે. ગરભ એ જ્ઞાનતંતુ-કોષોનો સમૂહ છે ને તેની આગળ પાછળ તંતુઓનું જાડું પડ આવેલું છે. એ ગરભ ઉપરાંત કરોડરજ્જુની બરાબર મધ્યમાં એક નાનું છિદ્ર હોય છે. (જુઓ આકૃતિ ૫)


કરોડ-રજ્જુની આગલી બાજુએ ઊંડો ખચકો છે, જ્યારે પાછલી બાજુએ પાતળો પડદો છે. આથી જાણે કે એનાં બે અડધિયાં જોડાઈને પડયાં હોય એવું દેખાય છે. દરેક અડધિયામાં ભૂખરા દ્રવ્યનાં બે પાંખિયાંને લીધે સફેદ દ્રવ્ય(Column)ના ત્રણ પડખાં પડે છે. એક આગલું (Anterior) બીજું પાછલું (Posterior) ને ત્રીજું બાજુનું (Lateral). ભૂખરા દ્રવ્યનાં પાંખિયાંમાંથી તંતુઓ નીકળે છે. આ બને છે મૂળ (Root). એક પેટ ભણીનું આગલું મૂળ (Anterior Horn. Ventral Root) અને બીજું પીઠ ભણીનું પાછલું મૂળ (Posterior Horn. Dorsal Root). દરેક પાછલા મૂળમાં એક ગાંઠ હોય છે; જેને નાડીગ્રંથી (Gonglia) કહેવામાં આવે છે. આ બે મૂળમાંથી તંતુઓ નીકળી, કરોડરજ્જુની બહાર એકઠા મળી જઈ, એક જ્ઞાનતંતુરૂપે બે મણકા વચ્ચેના પોલાણમાંથી બહાર નીકળી શરીરમાં ફેલાય છે. આગલા મૂળના આજ્ઞાવાહક તંતુઓ (બહિર્વાહી) છે; પાછલા મૂળના સંવેદનાવાહક (અંતર્વાહી) તંતુઓ છે. આગલા તંતુઓ સંદેશો બહાર લઇ જાય છે. પાછલા તંતુઓ સંદેશો કરોડરજ્જુમાં લાવે છે. આ રીતે દરેક કરોડરજ્જુના જ્ઞાનતંતુઓમાં બંને પ્રકારના તંતુઓ સમાએલા હોય છે. જ્ઞાનતંતુ શરીરના ભાગોમાં ગયા બાદ વળી એમના તંતુઓ છૂટા પડે છે. સંવેદનાવાહક તંતુઓ ચામડીમાં પથરાય છે અને આજ્ઞાવાહક તંતુઓ માંસપેશીઓમાં. આપણે આગળ જોઈ ગયા છીએ કે ચામડી પાંચ પ્રકારની સંવેદનાઓ સ્વીકારે છે. આ છે વેદના, સ્પર્શ, દબાણ, ઠંડી ને ગરમી ચામડીમાં આવતા જ્ઞાનતંતુઓના છેડાઓ એક જાતના કોષ-સમૂહમાં વિંટળાય છે. આ બને છે સંવેદના-ધારકો. ઉપર દર્શાવેલી સંવેદના સ્વીકારનાર સંવેદના-ધારકો જુદાજુદા ઘાટના ('સ્પર્શ ને વેદના' વાળા લેખમાં ચિત્ર જુઓ) હોય છે. દરેક જાતના સંવેદનાધારક એક જ જાતની સંવેદના સ્વીકારે છે.



[૨] જ્ઞાનતંતુ કાપીને જોયો હોય તો તેના મથાળાનો છેદ દેખાય તેવું અંતરંગ ચિત્ર

આ ટલું જાણ્યા બાદ હવે જ્ઞાનતંત્ર શી રીતે કામ કરે છે ને જોઇએ.





જમણી બાજુ: [૪] મજબૂત ને સ્થિતિસ્થાપક સાંધાઓથી જોડાએલા કરોડના મણકાઓની વચ્ચે ગુંથાઇને પડેલી કરોડરજ્જુમાંથી જ્ઞાનતંતુના બે છેડા, કરોડના બે મણકાઓ વચ્ચેના પોલાણમાંથી કેવી રીતે નીકળે છે તેની આકૃતિ. કરોડનો પ્રત્યેક મણકો એકએક નંબરથી દર્શાવેલો છે. એ આખી કરોડરજ્જુ પીઠ તરફથી કેવી દેખાય તેનું દર્શન- ડાબી બાજુની આકૃતિ [૩]માં આપેલું છે ને પડખેથી કેવી દેખાય તેનું ચિત્ર [૧] લેખના મથાળે આપ્યું છે.

સળગતી મીણબત્તીની જ્યોતને આંગળી અડકતાં વેંત જ ઝડપથી હાથ પાછો ખેંચાય છે. આમાં નથી કરવો પડતો વિચાર કે નથી કરવો પડતો કશો પ્રયત્ન. જ્યોતને અડકતાં જ ચામડીના ગરમીધારક જ્ઞાનતંતુઓને ઉત્તેજન મળે છે. આનો તંતુપ્રવાહ સંવેદનાવાહક તંતુ દ્વારા નાડીગ્રંથીમાં થઇ પાછલા મૂળ દ્વારા કરોડરજ્જુમાં થાય છે. જ્યાંથી લઘુ તંતુઓ દ્વારા બહિર્વાહી જ્ઞાનતંતુ-કોષમાં જાય છે. પછી તે બહિર્વાહી તંતુ દ્વારા માંસપેશીના કોષોમાં જવાથી સંકોચાય છે, પરિણામે આંગળી પાછી ખેંચી લેવાય છે. આ ક્રિયા ખૂબ ઝડપી હોય છે. આટલું વાંચવામાં જે સમય થયો તે કરતાં તો ઘણી વહેલી તે પતી જાય છે.

આ ક્રિયાને રિફ્લેક્સ ક્રિયા (Reflex Action—અહેતુક પ્રતિક્રિયા, પરાવૃત્ત ક્રિયા) કહેવામાં આવે છે. આ ક્રિયામાં અંતર્વાહી સંદેશાના પરિણામે માંસપેશીનું હલનચલન થાય છે ને કોઈ પણ સંવેદનાનો ક્રિયામાં જવાબ મળે છે. આ રીતે રિફ્લેક્સ ક્રિયા એ શરીરવ્યાપારનું એક એકમ છે. આ ક્રિયાની ખૂબી એ છે કે એ સ્વયંગતિક છે. એના વિષે આપણે વિચાર કે ઇચ્છા નથી કરવાં પડતાં. ઊંઘતા માણસના પગનાં તળિયાં ઉપર ગલીપચી કરવાથી આંગળીઓ નીચી વળે છે અને પગ આઘો ખેંચાય છે. એકાએક ઝળાંહળાં પ્રકાશ જોવામાં આવતાં તેની ઉત્તેજનાથી આંખની કીકી સંકોચાય છે. આ બધી રિફ્લેક્સ ક્રિયાઓ છે; તેમાં અંતર્વાહી સંદેશાઓ મગજ સુધી જતા નથી. એ થવામાં મગજની દોરવણીની જરૂર પણ પડતી નથી; કારણકે અંતર્વાહી અને બહિર્વાહી જ્ઞાનતંતુકોષોનું સંયોજન કરોડ-રજ્જુમાં જ આવેલું છે. રિફ્લેક્સ ક્રિયામાં ભાગ લેતાં અંગોને રિફ્લેક્સ આર્ક કહેવામાં આવે છે.

આંખ સામે હાથ ઉગામાએલો જોઇ પોપચાનું બિડાવું, પ્રકાશ ફેંકવાથી આંખની કીકીનું સંકોચાવું, પેટ ઉપર આંગળી ફેરવતાં પેટની માંસપેશીઓનું સંકોચાવું અને ઘૂંટણ આગળના સંધિબંધન ઉપર ઠોકવાથી લાત મારવાની ક્રિયાની જેમ પગનું ઊછળવું (Knee-Jerk)—આ બધી 'સાદી રિફ્લેક્સ ક્રિયાઓ' છે. રોગની પરખ કરવામાં દાક્તરો આ ક્રિયાઓના,--ખાસ કરીને છેલ્લી ક્રિયાની તપાસ કરે છે. એમાં વધારો કે ઘટાડો હોય તે જ્ઞાનતંત્રની સ્થિતિનું યથાર્થ ચિત્ર રજૂ કરે છે.

સાદી રિફ્લેક્સ ક્રિયામાં એક જ માંસપેશી સંકોચાય છે, જ્યારે બીજી 'અટપટી રિફ્લેક્સ ક્રિયાઓ'માં કરોડરજ્જુનાં બન્ને પડખાંમાં અસર થતી હોવાથી ઘણી માંસપેશીઓ સંકોચાય છે. વળી ત્રીજી 'કડીબંધ રિફ્લેક્સ ક્રિયાઓ (Chain Reflexes)'માંનો એક રિફ્લેક્સ બીજા માટે ઉત્તેજનારૂપ નીવડે છે. દાખલા તરીકે ચાલવાની તાલબદ્ધ ગતિમાં 'કડીબંધ રિફ્લેક્સ' થાય છે. પક્ષીઓની અને મધમાખીની સ્વ-સ્થાને પાછા ફરવાની પ્રેરણાભરી ગતિમાં આ ક્રિયા જ ભાગ ભજવતી હોય છે.

મોટા ભાગની રિફ્લેક્સ ક્રિયાઓ જન્મજાત છે, જે શરીરમાં કુદરતીરીતે જ—શીખ્યા વગર થતી હોય છે; જ્યારે કોક ક્રિયાઓ શિખાય છે પણ ખરી. આ છે કૃત્રિમ કે 'સંપાદિત રિફ્લેક્સ ક્રિયાઓ' (Conditional or Acquired).

રશિયાના વિજ્ઞાની પાવ્લૉવે કૂતરા ઉપર પ્રયોગો કરી આ હકીકત સિદ્ધ કરી છે. કૂતરાના મોંમાં ખોરાક મૂક્યો હોય ત્યારે મોંમાં લાળ આવવી અને ખાવું વગેરે અકૃત્રિમ રિફ્લેક્સ છે. આમાં મગજની દોરવણીની જરૂર પડતી નથી, કેમકે મગજ કાઢી લીધેલા કૂતરામાં પણ આ ક્રિયા થાય છે. પણ રસોઈયાનાં પગલાં સાંભળી, ખોરાકનું દૃશ્ય જોઈ કે ઘંટના ટકોરા સાંભળી કૂતરું જીભ લબકાવે ને તેના મોંમાં લાળ આવે એને પાવલૉવ 'કૃત્રિમ રિફ્લેક્સ' કહે છે. આમાં ખાવાની અકૃત્રિમ રિફ્લેક્સ પ્રકાશ કે અવાજની અસર નીચે કૃત્રિમરીતે થવા પામે છે. આમ, શરીર નવાં રિફ્લેક્સ શીખતું હોઇ એક નવો સિદ્ધાંત તારવવામાં આવ્યો છે કે વ્યક્તિના શરીરની કામગીરીઓ ઉપરાંત એના વર્તનને પણ ધાર્યો ઘાટ આપી શકાય.

વારંવારના આચરણથી પ્રાપ્ત થતી અન્ય સંપાદિત (કૃત્રિમ) રિફ્લેક્સ ક્રિયાઓના દાખલા ટાઈપ કરવામાં કે વાયોલીન-હારમોનિયમ વગાડવામાં થતું આંગળીઓનું ઝડપી કે માપસરનું હલનચલન છે. પણ આ બધાના કરતાં સામાન્ય જીવનમાં છતી થતી આ પ્રકારની ક્રિયા તે ચાલવાની છે. એમાં ભાગ લેતા અવયવોના સંદેશાઓ મગજ સુધી જતા નથી. ચાલવામાં બહુ અટપટી ક્રિયાઓ અને અઘરી કળા સમાએલી છે. એમાં ઘણી માંસપેશીઓ અને અંગો ઉપર કાબૂ રાખવાનો હોય છે. વળી આ બધાંના તરેહતરેહનાં ચલનમાં સમતોલપણું પણ જાળવવાનું હોય છે. આનો ખયાલ ચાલતાં શીખતા નાના બાળકના નિરીક્ષણમાંથી આવી શકે છે. જુઓને, તે

કેવી કાળજીથી પગ ઊંચકે છે! અને તે નીચે મૂકતી વખતે સીધા ઊભા રહેવાય એમ શરીરનું ગુરુત્વમધ્યબિંદુ જાળવે છે. આ વખતે પગનું સમતોલપણું જાળવવામાં અને પગ ઊંચકવામાં તે ખૂબ એકાગ્રતાથી ધ્યાન આપે છે. આ બધું મગજની દોરવણી નીચે થતું હોય છે. આ કામમાં મગજ એટલું બધું પરોવાએલું રહે છે કે આ દરમિયાન બાળક બોલતાં શીખવા માટે બિલકુલ તૈયાર નથી હોતું.

ચાલતાં શીખવામાં સુમેળભર્યું સમતોલપણું જાળવતાં ફાવ્યું, એટલે ચાલવાની કળા સર કરી ગણાય. આમ થયા બાદ ચાલતી વખતે માંસપેશીઓને જરૂરી સંદેશાઓની આપ-લે મગજને જાણ થયા વગર જ કરોડરજ્જુ દ્વારા ટૂંકા રસ્તે થવા માંડે છે. આમ થયું એટલે પછી મોટપણે ગમે એવા રસ્તા ઉપર સમતોલપણાનો વિચાર કે પ્રયત્ન કર્યા વગર ને તે પર નજર સુદ્ધાં કર્યા વગર માણસ તદ્દન આયાસ વિના ચાલી શકે છે. આ રીતે ઉંમર વધતાં કે અનુભવ મળ્યાથી આપણી ઘણી ક્રિયાઓ જ્ઞાનતંત્રથી વિખૂટી પડી અનૈચ્છિક બને છે. દોડવું, લખવું વગેરે ક્રિયાઓ આ પ્રકારની છે.


શરૂમાં આ ક્રિયાઓ ઈચ્છાધીન (Voluntary) હોય છે. આવડત માટે તે શીખવી પણ પડે છે. વળી ઈચ્છાની આજ્ઞામાં રહીને સદા ક્રિયમાણ રહેતી હોવાથી એને અનૈચ્છિક માની પણ ન શકાય. પણ આ ક્રિયાઓમાં તો ઇચ્છા(Will)નો ફક્ત કાબૂ જ છે. તે એ ક્રિયાને મંદ કે ઝડપી બનાવી શકે ખરી, પણ ક્રિયા થવાની વિગતોમાં તો એને કશું લાગતુંવળગતું નથી.

કેટલીક રિફ્લેક્સ ક્રિયાઓ આપણે આપણી ઇચ્છાનુસાર વધુ–ઓછા પ્રમાણમાં કાબૂમાં રાખી કે તદ્દન અટકાવી પણ શકીએ છીએ. વેદના વખતે થતી રુદનની રિફ્લેક્સ ક્રિયા દાંત સખત દાબવાથી કે કોઈ વસ્તુ સખત રીતે પકડવાથી અટકાવાય છે. ગલીપચી વખતે પગનો ખેંચારો કે ઘા વખતે આંખો બિડાવી આપણે ઇચ્છા પ્રમાણે અટકાવી શકીએ છીએ. આ રીતે કરોડરજ્જુની રિફ્લેક્સ ક્રિયાઓ ઉપર મગજની પ્રતિબંધક શક્તિ (Inhibitory Action) સાબિત થાય છે. વળી એક રિફ્લેક્સ બીજા માટે પ્રતિબંધક અસર કરનારો પણ નીવડે છે. દાખલા તરીકે ઉદરપટલના રિફ્લેક્સ—સંકોચને લીધે હેડકી શરૂ થાય છે. તેવે વખતે મોઢામાં સાકરનો ગાંગડો મૂકવાથી તે બંધ થાય છે. આમાં મોઢામાં સાકર મૂકવાથી શરૂ થએલો નવો રિફ્લેક્સ અગાઉના રિફ્લેક્સને દબાવી દે છે.


શરીરની બધી ક્રિયાઓ કંઇ રિફ્લેક્સ નથી હોતી. ઘણી તો ઐચ્છિક અને વિચારપૂર્વકની પણ હોય છે, જે મગજની આજ્ઞાનુસાર થાય છે. આમાં આ પ્રમાણે બને છે: પહેલાં તો મગજના

---

[૫] નીચે: કરોડરજ્જુનું સંમુખદર્શન: કરોડરજ્જુના ટુકડાને સામેથી જોઇએ તો તેનો મથાળાનો છેદ તથા તેમાંથી નીકળતા ડાબી-જમણી બાજુના આગલા તથા પાછલા (ઍન્ટીરીઅર તથા પોસ્ટીરીઅર) જ્ઞાનતંતુઓ કેવા દેખાય તેનું મોટું કરી બતાવેલું આ ચિત્ર છે. પાછલા (પોસ્ટીરીઅર—અંતર્વાહી) જ્ઞાનતંતુના છેડા ચામડીમાં જઈને પથરાય છે, અને આગલા (ઍન્ટીરીઅર—બહિર્વાહી) જ્ઞાનતંતુના છેડા માંસપેશીમાં જઇને પથરાય છે તે ચિત્રમાં ડાબી તરફ બતાવીને તેમની ક્રિયા સમજાવી છે. ચામડી પર ઈજા થતાં તેનો સંદેશો અંતર્વાહી જ્ઞાનતંતુ ત્યાંથી કરોડરજ્જુમાં વહી જાય છે તે તીરના નિશાનથી દર્શાવ્યું છે; અને એ સંદેશા અનુસાર વર્તન કરવાની આજ્ઞા કરોડરજ્જુમાંથી આગલા (ઍન્ટીરીઅર—આજ્ઞાવાહક કે બહિર્વાહી) જ્ઞાનતંતુ દ્વારા માંસપેશીને મળે છે, એટલે માંસપેશી તે પ્રમાણે વર્તન કરે છે. આ ક્રિયાની સમજણ આકૃતિ ૬માં દૃષ્ટાંતથી સમજાવી છે. મીણબત્તીની જ્યોતને આંગળી અડતાં, દાઝવાની વેદના ચામડીના અંતરવાહી જ્ઞાનતંતુઓ કરોડરજ્જુમાં લઈ જાય છે; પરિણામે તરત કરોડરજ્જુ બહિર્વાહી જ્ઞાનતંતુઓ દ્વારા માંસપેશીને આજ્ઞા મોકલે છે કે આંગળી ખેંચી લો, એટલે તરત માંસપેશીઓના ચલનથી હાથ પાછો ખેંચાઈ જાય છે. આમ, અંતર્વાહી જ્ઞાનતંતુઓ સંવેદનાને અંદર વહી જાય છે, અને બહિર્વાહી જ્ઞાનતંતુઓ તેને માટેનો હુકમ બહાર વહી લાવે છે. આને રિફ્લેક્સ ઍકશન–પરાવૃત્ત ક્રિયા કહે છે.



કરોડરજ્જુનું સંમુખદર્શન



[૧] આકૃતિ ૫માં વર્ણવેલા 'રિફ્લેક્સ ઍક્શન' (પરાવૃત્ત ક્રિયા)નું દૃષ્ટાન્ત: મીણબત્તીની જ્યોત નજીક આંગળી લઈ જતાં તેની ગરમીથી ચામડી પર દાઝવાની સંવેદના થાય છે કે તુરત જ અંતર્વાહી જ્ઞાનતંતુઓ તેનો સંદેશો કરોડરજ્જુમાં પહોંચાડે છે (નં. ૧-૨-૩ની તીરની દિશા) અને તુરત જ ત્યાંથી તેની પ્રતિક્રિયા-રિફ્લેક્સ ક્રિયા થઇને આંગળી ખેંચી લેવાની આજ્ઞા બહિર્વાહી જ્ઞાનતંતુઓ દ્વારા હાથમાંની માંસપેશીઓને મળે છે (નં. ૪ની તીર દિશા), એટલે માંસપેશીઓ તરત હાથ ખેંચી લે છે. દરમિયાન મગજમાં પણ આ સંવેદનાની ખબર પહોંચે છે (નં. ૫) અને ત્યાંથી પણ એ મીણબત્તીથી દાઝવાના જોખમથી શરીરને દૂર લઈ જવાનો સંદેશો પગ તરફ જાય છે (૬-૭ની તીરની દિશા), એટલે આકૃતિમાં ટપકાંળી લીટીથી દર્શાવ્યા મુજબ આપણે જોખમથી એકદમ દૂર ખસી જઇએ છીએ. આ રિફ્લેક્સ ક્રિયા એ શરીરક્રિયાનું એક સ્વયંગતિક એકમ છે.

ક્રિયાપ્રદેશમાંથી (Motor Area કે Contexમાંથી) સંદેશો કે આજ્ઞા ઉદ્ભવે છે, જેનું ત્યાંથી નીકળતા તંતુઓ દ્વારા કરોડરજ્જુમાં વહન થાય છે. આ તંતુઓના જથ્થાને પિરામીડલ ટ્રૅક્ટ્સ (Pyramidal Tracts) કહે છે. મગજના ડાબા-જમણા બે અડધિયાંમાંથી બે પિરામીડલ ટ્રૅક્ટ નીકળે છે. તે કરોડરજ્જુ ભણી જતાં મજ્જા વિભાગમાં એ દરેક ટ્રૅક્ટના બે ભાગ પડે છે. એક ભાગ પોતાની બાજુના કરોડરજ્જુના આગલા પડખામાં (Anterior Columnમાં) સીધો ઊતરે છે, જ્યારે બીજો ભાગ ફંટાઇને સામા અડધિયાના બાજુના પડખામાં (Lateral Columnમાં) જાય છે. જ્યાં તંતુઓ ફંટાય છે એને મોટર ડીક્સેશન (Motor Decussation) કહે છે.

કરોડરજ્જુમાં ગયા બાદ એ ફંટાએલા તંતુઓ પોતાની બાજુના આગલા મૂળ (Anterior Horn Root) સાથે જોડાય છે. સીધા ઊતરેલા તંતુઓ પણ છેવટે ફંટાઇને સામી બાજુનાં આગલા મૂળ સાથે જોડાય છે. પરિણામે એમ બને છે કે મગજના જમણા પ્રદેશમાંથી ઉદ્ભવેલા સંદેશાઓનો અમલ શરીરના ડાબા ભાગમાં થાય છે, અને ડાબા પ્રદેશના સંદેશાનો અમલ જમણા ભાગમાં.

મગજ તથા કરોડરજ્જુની આજ્ઞાઓને બહાર લઈ જવાનો છેલ્લો ધોરી માર્ગ કરોડરજ્જુનું આગલું મૂળ છે. આ ભાગના કોષોમાં જો ચેપી રોગનું ઝેર લાગી જાય તો તેને લીધે ત્યાં દાહ (Irritation) થઇને જેટલા ભાગના કોષો નાશ પામે એટલાની અસર નીચે આવતી બધી માંસપેશીઓમાં પક્ષાઘાત લાગુ પડે છે. મોટા ભાગે આ રોગ નાનાં બાળકોમાં થતો હોઇ એને બાળ-લકવો (Infantile Paralysis) કહેવામાં આવે છે. ધનુર્વામાં પણ જીવાણુઓએ ઉપજાવેલું ઝેર લોહીમાં ફરતું ફરતું આ કોષોમાં આવી પહોંચતાં અહીં દાહ ઉપજાવે છે, જેની અસર નીચે રોગીને અતિ વેદનાભરી ઉપરાઉપરી તાણો આવે છે, ને જો રોગનું જોર વધારે હોય તો મૃત્યુ પણ થાય છે. ઝેરકચોલાના ઝેરની અસર પણ આના જેવી જ હોય છે.

હવે આપણે કરોડરજ્જુમાં આવતા સંવેદનાવાહક તંતુઓની વિગત જોઇએ. આ તંતુઓ કરોડરજ્જુમાં પ્રવેશ્યા બાદ શાખાઓમાં પરિણમે છે. કોક શાખાઓ થોડા અંતર સુધી ઉપર જાય છે, તો કોક નીચે. અને કેટલીક લાંબી શાખાઓ તો છેક મગજ સુધી પણ જાય છે. ઉપર-નીચે જતી ટૂંકી શાખાઓ બીજા કોષો સાથે જોડાય છે. આથી જે સંવેદના આવે તે કરોડરજ્જુમાં એક જ સપાટી ઉપર જકડાઈ ન રહેતાં કરોડરજ્જુના થોડા વિસ્તાર ઉપર ત્વરિત પથરાઈ જાય છે. મગજમાં ગએલી શાખાઓ ત્યાં પણ સંવેદનો તો પહોંચાડે છે, પણ આ સંદેશો કરોડરજ્જુ કરતાં સેકન્ડના અંશો જેટલો મોડો હોય છે. મગજ માંસપેશીઓને સંકોચવાની આજ્ઞા આપે તે પહેલાં તો કરોડરજ્જુના આગલા મૂળમાંથી છૂટેલી આજ્ઞા અમલમાં મુકાઈ પણ ગઈ હોય છે. એટલે સળગતી મીણબત્તી આંગળી અડકતાં પ્રથમ આંગળી પાછી ખેંચાય છે ને ઘણી થોડી વાર પછી આખો હાથ કે શરીર.

મગજ તરફ જતા સંવેદનાવાહક તંતુઓ કરોડરજ્જુનાં પાછલાં બે પડખાં (Posterior Column)માં—કરોડરજ્જુનાં બે અડધિયાંનાં બે પડખામાં એકઠાં થએલાં છે. આ તંતુઓ મગજના મજ્જા (Medulla) વિભાગમાં આવતાં ત્યાંના કોષો સંદેશો ગ્રહણ કરે છે. અહીંથી નીકળતા નવા તંતુઓ સામસામી દિશામાં ફંટાઇ ઊર્મિમગજમાં જાય છે. સામસામી દિશામાં ફંટાતા એ તંતુઓને 'સેન્સરી ડીક્સેશન' (Sensory Decussation) કહેવામાં આવે છે. પાછલા પડખાના તંતુઓ માંસપેશીઓની, સાંધાઓની તેમજ ધીમા સ્પર્શની સંવેદના વહી જાય છે. આથી તેમની દ્વારા અંગોની સ્થિતિ, એમનું હલનચલન અને ધીમા સ્પર્શનું જ્ઞાન થાય છે.

પરંતુ બધા જ સંવેદનાવાહક તંતુઓ કંઇ પાછલા પડખામાં થઈ જતા નથી. વેદના, દબાણ, ગરમી, ઠંડી તથા સ્પર્શના સંવેદનાવાહક તંતુઓ કરોડરજ્જુમાં પ્રવેશ્યા બાદ તરત જ ફંટાઇને તેના સામા અડધિયાના બાજુના પડખામાં જાય છે, ને ઊંચા જઇ ઊર્મિમગજમાં અટકે છે. અહીં ઉષ્મામાનની અંતિમ વધ-ઘટ તથા પીડાની સંવેદનાઓનું જ્ઞાન થાય છે. અહીંથી બાકીના તંતુઓ મગજમાં જાય છે.

આપણે જોઈ ગયા કે આજ્ઞાવાહક અને સંવેદનાવાહક તંતુઓ કરોડરજ્જુમાં સામસામી દિશામાં ફંટાય છે. પરિણામે શરીરના જમણા ભાગના સંદેશાઓનાં જ્ઞાન કે અમલ શરીરના ડાબા ભાગમાં થાય છે ને ડાબા ભાગનાનું જ્ઞાન જમણા ભાગમાં. ટૂંકમાં, શરીરનું દરેક અડધિયું સામી બાજુના મગજના અડધિયાના નિયંત્રણ નીચે છે. આમ હોવાનું કારણ હજુ સુધી સમજાયું નથી.

મગજ અને કરોડરજ્જુના સંદેશાઓની આપ-લેનો વ્યાપાર કરનાર જ્ઞાનતંતુઓ છે. માથાના ભાગમાં પથરાએલા જ્ઞાનતંતુઓ મગજમાંથી નીકળે છે, જ્યારે બાકીના આખા (અનુ. પૃ. ૨૬૪મે)

જાપાની કલાકાર ટાઇકાન

શ્રીમતી રાણી ચંદને લખાવેલાં સંસ્મરણો ઉપરથી અનુવાદક : રમણિક મેઘાણી

ટાઇકાન બહુ મઝાનો માણસ હતો. ઓકાકુરા છેલ્લી વાર આવ્યા ત્યારે કહેતા ગયા હતા કે 'હું જાપાન જઇને અમારા એક બે કલાકારને અહીં મોકલી દઈશ. તેઓ આ દેશ જોશે, ચિત્રો ચીતરશે ને તમને તેનું કામ જોવા મળશે. તમારું યે કામ થશે અને તેમનું યે કામ થશે.' અને એમણે બે ચિત્રકારોને અહીં મોકલ્યા, તે ટાઈકાન અને હિશિદા. બેઉ બાળકો જેવા હતા. તેમ છતાં ટાઇકાનનાં આંખ-મોં જરા ઘડાએલાં લાગતાં દીઠે એ સોહામણો લાગતો. પણ હિશિદા તો તદ્દન બાળક—કૂમળા છોડ જેવો હતો. એનું મોં જોઇને કોઈ માને જ નહિ કે એ છોકરો હશે. છોકરાના વેશમાં જાપાની છોકરી હોય તેમ જ લાગતું. સફરજન જેવા ચળકતા લાલલાલ ગાલ, કાચ જેવી કાળી આંખો ને મીઠડું મોં. હું રમૂજમાં એને મિસિસ ટાઈકાન કહેતો, જે સાંભળી એ બેઉ હસીહસીને ઢગલો થઈ જતા.

ટાઈકાન અને હિશિદા સુરેનને ત્યાં જ રહેતા. અહીંતહીં ફરી ચિત્રો ચીતરતા. નવરા તો બેસે જ નહિ; સતત સ્કેચ કર્યા જ કરે. કેટલી યે વાર જોતો કે ગાડીમાં બહાર જતા હોઈએ ત્યારે પણ ટાઇકાન રસ્તા ઉપર આમતેમ જોતોજોતો ડાબો હાથ ચત્તો કરી એની હથેળીમાં જમણા હાથની આંગળી ફેરવતો જ હોય! હું પૂછું કે અલ્યા શું કરે છે? તો કહે કે 'એ તો આ ચિત્રનું વસ્તુ નક્કી કરું છું. એક વાર હાથ ઉપર આંગળી ફેરવી નક્કી કરી લીધું એટલે એ મનમાં બરાબર આવી ગયું સમજવું.' તો ક્યારેક એને ઝટપટ પોતાના ઝભ્ભા કે કોટની ચાળ ઉપર પેન્સિલ કે કલમથી સ્કેચ કરતાં જોતો. પોતાનાં કપડાં કે દેખાવ ઉપર એનું ખાસ ધ્યાન નહોતું. મસ મોટી એવી ઘાસની હૅટ માથે ચડાવીને એ કલકત્તાનાં બજારોમાં બળબળતા બપોરે ભટકતો ફરતો. લોકો એ પાગલ જેવા પોશાકમાં પોતા વિષે શું ધારશે તેની એ પરવા જ ન કરતો. હું કંઈ કહેતો તો એ હસીને કહેતો કે 'એમાં શું? જાણો છો ને આ હૅટ તડકામાં બહુ ઠંડક આપે છે?' એ મારા સ્ટૂડિયો ઉપર આવતો. ત્યાં બેસીને એ જે કામકાજ કરતો એ બધાં ચિત્રો અમારા પ્રદર્શનમાં મુકાતાં. લોકો ત્યાં એ જોતા ને ખરીદતા. અમે પણ કેટલીક વાર ખાસ ચિત્રો તૈયાર કરાવતા. એ પરદેશ આવ્યો હતો; એનું ભરણપોષણ પણ થવું જોઇએને?—એ ચિત્રોના વેચાણ દ્વારા એનું નભ્યે જતું.

ટાઈકાને રેશમ ઉપર સહુ પહેલું ચિત્ર આછી રેખાઓમાં દોર્યું ત્યારે પહેલાં તો અમને એ દેખાયું જ નહિ! મુઘલ ને ઈરાની ચિત્રોના જલદ રંગો જોઇજોઇને અમારી આંખો એવા રંગો માટે જ ટેવાઇ ગઈ હતી; જ્યારે આ ચિત્રોમાં તો નહોતા રંગ કે શાહી. આછા એવા ધુમાડા જેવું લાગે! આ વળી કયા પ્રકારની ચિત્રપદ્ધતિ? કેટકેટલી યે આશાઓ બાંધી હતી કે જાપાની ચિત્રકારો આવશે, એનું કામ જોવા મળશે, કઈ રીતે તેઓ ચીતરે છે ને રંગપૂરણી કરે છે એ બધું જોવા મળશે. તેને બદલે જોયું કે ક્યાંકથી લાકડાનો કોલસો લાવી એ વતી જ પ્રથમ રેશમ ઉપર ચીતર્યું! અને પછી થોડાંક પીછાંઓને સરખી રીતે બાંધી, તે વડે આછો રંગ ફેરવી દીધો અને ચિત્ર પૂરું થઈ ગયું! મારું મન ઉદાસ બની ગયું. સુરેનને કહ્યું, 'સુરેન, આમાં તો ચિત્ર સ્પષ્ટ દેખાતું જ નથી.' સુરેને જવાબ વાળ્યો કે 'દેખાશે, દેખાશે; પહેલાં એ જોવાની ટેવ તો પડવા દો.' અને એ સાચું પડ્યું. થોડા દિવસ પછી, એ જોવાની ટેવ પડી ગયા બાદ, એ ચિત્રો મને સ્પષ્ટ થવા લાગ્યાં અને ગમવા પણ લાગ્યાં. ઘણાં ચિત્રો એ લોકોએ ચીતર્યાં હતાં. આપણાં દેવ-દેવીઓનાં ચિત્રો પણ એનું બરાબર વર્ણન આપ્યે એ ચીતરતા. ટાઇકાને સરસ્વતી અને કાલીમાતાનાં ચિત્રો ચીતર્યાં હતાં તે સરલાની બાએ ખરીદેલાં.

અમારા સ્ટૂડિયો માટે ચિત્ર ચિતરાવવાનાં હતાં. ભીંત ઉપર એક મોટું વિલાયતી તૈલચિત્ર હતું તે રાજેન મલ્લિકને વેચી દીધું અને એ પૂરી દીવાલના માપનું ચિત્ર કરવા ટાઈકાનને કહી દીધું.

ચિત્ર રાસલીલાનું કરવાનું હતું. ટાઇકાન કહે, એની વિગત આપો. મેં એને રાસલીલાનું વિગતવાર શબ્દચિત્ર આપ્યું. અહીંની સ્ત્રીઓ કઈ રીતે સાડી પહેરે છે એ બતાવવાનું હતું. તે માટે ઘરમાંથી એક નાની છોકરીને બોલાવી એને 'મૉડેલ' તરીકે બતાવી કહ્યું કે આ રીતે સાડીના છેડાનો વળાંક લેવાનો. સાડીના પાલવ—છેડાના વળાંકનો એણે અભ્યાસ કર્યો. ક્યાં ક્યાં કયા કયા અલંકાર મૂકવા તે બતાવવા જૂના કાળનાં શિલ્પ અને ચિત્રો દ્વારા તેની વાત સમજાવી. અને બસ, વાત પૂરી. પછી એ નીચે જમીન ઉપર જબ્બર એવો કાગળ પાથરી ચીતરવા બેસી ગયો. રેશમ ઉપર પ્રથમ કોયલાથી રેખાંકન કરી પછી આસન લગાવીને ચિત્રકામમાં લાગી ગયો. બીજી તરફથી રંગપૂરણી કરવા લાગ્યો, અને જોતજોતાંમાં થોડા દિવસમાં જ ચિત્ર પૂરું થવા આવ્યું. ઉપર આકાશમાં ચંદ્રની ચાંદની પ્રગટી, લગભગ બધું જ પૂરું થઈ ગયું, અને છતાં ટાઈકાનના હાથ ચીતરતા જ રહ્યા. એ અટકતા જ નહિ, જાણે ચિત્રકામનો છેડો આવતો જ નહોતો. ત્યારે એ બાલીગંજ બાજુ રહેતો. વહેલી સવારે ચાલ્યો આવે. આવતાં જ ચિત્ર ઉપરનો પડદો એક બાજુ સેરવી નિહાળીનિહાળીને ચિત્ર જુએ અને આમતેમ માથું હલાવે, જાણે બરાબર એની ધારણા મુજબનું કામ હજુ થયું નથી. રોજ એ જ સ્થિતિ હું જોતો. એને પૂછ્યું, 'તને આમાં ક્યાં ખટકે છે?' કહે કે 'કંઇ બરાબર સમજાતું નથી; છતાં આમાં કંઈક રહી ગયું છે એમ તો લાગે જ છે.' આટલું બોલી ચિત્ર તરફ જોઈ એણે ફરી માથું હલાવ્યું. પણ પછી એક સવારે એ આવ્યો. એ સ્ટૂડિયોમાં પ્રવેશ્યો ત્યારે શિવલી ફૂલ આવવાં શરૂ થયાં હતાં. ઘરમાંથી છોકરીઓ થાળ ભરીને શિવલી ફૂલ એ ઓરડામાં મૂકી ગએલી. હવાને લઇને એમાંથી થોડાં ફૂલ અહીંતહીં વેરાયાં હતાં. ટાઈકાને એ જોઈ બધાં ફૂલ વીણી લીધાં. હું બેઠોબેઠો બધું જોતો હતો. ફૂલ હાથમાં લઈ એણે એક ઝપાટે ચિત્ર ઉપર ઢાંકેલું કપડું ઉપાડી લઇ ચિત્ર સામે જમીન ઉપર પેલાં ફૂલ મૂક્યાં—વેરી દીધાં. અને પછી થાળમાંથી બીજાં ફૂલો લઈ ચિત્ર ઉપર—આકાશમાં, વાદળાં ઉપર, વૃક્ષો ઉપર બધે જ ફૂલ વેરી દીધાં. એ હવે ખૂબ ખુશ હતો. એનું હાસ્ય હવે સમાતું નહોતું. રહીરહીને ઊભો થઈ દૂરથી ચિત્રને નિહાળે અને ચિત્ર ઉપર ફૂલ વેરતો રહે. આ રીતે એણે થાળનાં બધાં જ ફૂલ ચિત્ર ઉપર વેરી દીધાં. જાણે એ એક આનંદદાયક રમત હતી. ફૂલથી શણગારેલા ચિત્ર તરફ ઘણીઘણી વાર સુધી જોયા પછી ધીરેધીરે કરીને એણે એ બધાં જ ફૂલ પાછાં થાળીમાં સજાવી દીધાં. માત્ર એક ફૂલ ડાબા હાથમાં લીધું ને બેઠક જમાવી ચિત્ર ઉપર; અને પછી હળવો નારંગી રંગ લઇ એ ફૂલગૂંથણી કરવા લાગ્યો. ડાબા



મિથુન : સામેના પાને દર્શાવેલા, ઓરિસ્સામાં આવેલા કોણાર્કના સૂર્યમંદિરની દીવાલો પરનાં રસમસ્ત યુગલોનાં અનેક શિલ્પમાંનું એક સુંદર શિલ્પ

હાથમાંના ફૂલને ફેરવતો જાય અને એને જોઈજોઇને ચીતરતો જાય. જોતજોતાંમાં ચિત્ર ફૂલોથી ઉજ્જવળ થઈ ગયું—આકાશમાંથી જાણે પુષ્પવૃષ્ટિ થઈ રહી છે અને હવામાં તરતાં તરતાં ફૂલડાં રાસલીલાના નૃત્યોત્સવ વચ્ચે પથરાતાં આવે છે! રાધાના હાથમાં એણે એક કદંબફૂલ મૂકયું અને એના ગળામાં શિવલીફૂલની માળા આરોપી. અને કૃષ્ણની બંસરી ઉપર પણ ફૂલમાળ નાખી. ફૂલની આભાએ જાણે જ્યોત્સ્ના રાત્રી ખીલી ઊઠી. અને હવે જ એણે ચિત્ર પૂરું કર્યું. એ બોલ્યો : 'આ ખામી જ આજ સુધી ટાળી શકયો નહોતો.' એ ચિત્ર આખરે એક દિવસ દીવાલ ઉપર ટીંગાડવામાં આવ્યું. ટાઇકાને જાતે જ એને મઢયું. ફ્રેમની ચારે બાજુએ દરિયામોજાં સાડીનો પાલવ લગાડી દીધો. એ રાસલીલા ચિત્ર બતાવવા અમે મિત્રમંડળને સ્ટૂડિયોમાં નોતરી પાર્ટી આપેલી. એ દિવસો બહુ આનંદમાં વીત્યા હતા.

ટાઈકાન મને લાઇન ડ્રૉઇંગ શીખવતો. કઇ રીતે પીંછી ચલાવવી તે સમજાવતો. આપણે ઝટપટ—ઉતાવળે રેખા ખેંચીએ છીએ, પણ રેખા કેટલી ધીરજપૂર્વક તેઓ દોરે છે તે એની પાસેથી જ શીખ્યો. મુઘલ ચિત્રની વિવિધ પદ્ધતિ હું એને શિખવાડતો. આમ અમારી વચ્ચેનું સૌજન્ય વિકસતું રહેતું. વિદેશી અને દેશી કલાકાર વચ્ચે કંઇ જ ભેદ રહ્યો નહોતો. આજે એવું બહુ દેખાતું નથી.

ટાઈકાન કુદરતનો રીતસર અભ્યાસ કરતો. આપણા દેશનાં ફૂલ-પાંદડાં, છોડ-વૃક્ષો, માણસોની રીતભાત, અલંકાર, પહેરવેશ, જ્યાં-જ્યાંથી જે કંઈ ગમ્યું તેનું લેખન-આલેખન ઢગલાબંધ નોંધબુકોમાં ઉતારીને એ લઇ ગયો છે. ખાસ કરીને આપણે ત્યાંના લોકોનાં ચહેરા, મોં, આંખોની વિશિષ્ટતાનું એણે બહુ ધ્યાનપૂર્વક અવલોકન કર્યું હતું. એ વખતનાં ટાઇકાનનાં રેખાંકનો જોઇજોઇને જ મને કાગળ પાણીમાં ભીંજવી તેના ઉપર ચિત્રકામ કરી શકાય તે સમજાએલું. હું જોતો કે ટાઇકાન ચિત્રને ઘણાઘણા 'વૉશ' આપી ભીંજવી રાખતો. મેં મારા ચિત્રકામ સાથેના કાગળો ભીંજવી દીધા, અને પછી તેને ઉપાડીને જોતાં તેમાં સારી અસર—એક સુંદર 'ઇફેક્ટ' નજરે પડી. અને ત્યારથી 'વૉશ' પ્રચલિત થયા. અજબ કામગરો હતો એ ટાઈકાન. હિશિદા તેટલું ન કરતો. એ લહેરથી અહીંતહીં ફાવે ત્યાં ફર્યા કરતો. કયાંકથી કંઇક માટીનો ટુકડો મળતાં તે ઘસીને તેમાંથી રંગ કાઢયો જ છે. અમારા બગીચામાં સિમ-ઝાડ હતાં. ફરતાંફરતાં બેચાર પાંદડાં તોડી તે ચોળતાં તેમાં રંગ જણાયો. આવીને તુરત એનો ઉપયોગ એક ચિત્રકામમાં કર્યો. બીજા કોક ઝાડની ડાળી હાથમાં આવી તો લાવીને બાળી અને એના લાકડાના કોયલાની 'સ્ટિક' બનાવી તેનાથી એક ચિત્ર દોર્યું! બીચારો જાપાન જતાં જ અકાળે અવસાન પામ્યો. થોડાક મહિના અહીં રહેલો. જતી વેળા કહેતો ગયો હતો કે ફરીથી હિંદ આવીશ અને ત્યાં જઇને કલાકારોના એક જૂથને હિંદ મોકલીશ. પણ એ એમ કરી ન શકયો. એ જુવાન જીવતો રહ્યો હોત તો એક મહાન ચિત્રકાર થયો હોત. એનું એક ચિત્ર ખૂબ જ યાદ આવે છે. એ ચિત્રમાં દૂર સાગર ને આકાશ એક થઈ જતાં હતાં, સામે રેતાળ કિનારો. ચિત્રમાં એણે માત્ર એક જ મોજું ચીતર્યું હતું. પણ એ મોજું અજબ હતું. જાણે કિનારા ઉપર પછડાતું ન પડતું હોય તેવું હતું એ. એ ચિત્રની સુંદરતા વિષે શું કહું? સાગરતરંગનો પન્ના શો વર્ણ, એનો ઘુઘવાટ, જાણે કાનમાં સ્પષ્ટ સંભળાતો. એ ચિત્ર પર હું ખૂબ જ આકર્ષાએલો. એ હિશિદા તો મરી ગયો પણ ટાઇકાન જીવતો હતો. અમે અંતરંગ મિત્રો જેવા થઈ ગએલા. પત્રવ્યવહારથી અમે પરસ્પરના કુશળ-અંતર નિયમિત જાણતા રહેતા.

પછી રવિકાકા જાપાન જવાના હતા. નંદલાલને પણ સાથે લઇ જનાર હતા. તેમના દેશના કલાકારોમાં ભળી આવી બધું જોવું-જાણવું જરૂરી હતું. નંદલાલને કહ્યું, 'ટાઈકાનને મળતો આવજે.' પણ ખાલી હાથે મળવા જવાય? મારી પાસે એક કોતરકામ કરેલું, બહુ જૂના—કોઈ નવાબના જમાનાનું ઘોડાના પટ્ટામાં ભરાવવાના બકલના શણગાર જેવું સુંદર કાંસાનું એક ચગદું હતું. નંદલાલને કહ્યું કે 'ટાઈકાનને મારા વતી આ આપજો. એક બાજુ વીંટી જેવું છે એટલે તેને એ ચિત્રકામમાં ઠીક કામ લાગશે.' અને તેની વહુ માટે આપણા પહેરવેશની સાડી તથા થોડુંક કાપડ મોકલ્યું. નંદલાલ જાપાનથી પાછા ફરતાં તેમની પાસેથી સાંભળેલું કે ટાઈકાન કાંસાના એ ચગદાથી બહુ ખુશ થએલો. ફેરવીફેરવીને તે જોતોજોતો હસતો હતો.


ઓકાકુરા જ્યારે પહેલી વાર હિંદ આવ્યા ત્યારે ઘણું કરીને કલકત્તામાં સુરેનને ત્યાં ઊતર્યાં હતા. ત્યારે તેમની સાથે ખાસ વધુ પરિચય થયો ન હતો. વચ્ચે વચ્ચે જતો ત્યારે તેમને એક કોચ પર બેઠેલા જોતો. સામે રહેતું એક કાંસાનું પદ્મફૂલ, અને એમાં સીગારેટો ભેરવેલી રહેતી. એક પછી એક સુરેન ઠાકુર ઉપાડી ચેતાવે ને ધુમાડા કાઢયા કરે. વધુ વાત એ કયારે ય કરતા નહિ. ઠીંગણા ને ઘરાવદાર માણસ, સુંદર ચહેરો, લાંબી આંખો, જાણે ધ્યાનસ્થ મૂર્તિ.

બરાબર કોઈ ગહાપુરુષની અદાથી બેસતા. એમનાં આંખ-મોં ઉપર રાજતેજ ચમકતું રહેતું. એમને સુરેન ખૂબ ગમતા. સુરેન માટે એ કહેતા કે He is fit to be a king.

દસ વર્ષ પછી જ્યારે એ ફરી હિંદ આવ્યા ત્યારે હું કળા-પ્રવૃત્તિમાં રસ લેતો થયો હતો. લગભગ હમેશાં અમારા જોડા-સાંકોના સ્ટૂડિયોમાં આવીને બેસતા ને વાતો તથા ચર્ચા કરતા. નંદલાલ વગેરેને એ આર્ટની ટ્રૅડીશન, ઑબ્ઝર્વેશન અને ઓરિજિનાલિટી સમજાવતા,—દીવાસળીની ત્રણ સળીઓ વડે. જાપાનીઓ એને દેવતાની જેમ ભક્તિભાવે જોતા. અમારે ત્યાં એક જાપાની માળી હતો. ઓકાકુરા આવ્યા છે એમ સાંભળતાં એને ઓકાકુરાને મળવા મન થયું. ઓકાકુરા સ્ટૂડિયોમાં બેઠાબેઠા નંદલાલ સાથે વાતો કરતા હતા. એ આવી દૂરથી દરવાજા પાસે ડોકિયું કરવા લાગ્યો. મેં કહ્યું, 'અંદર આવ.' પણ કેમે ય આવે નહિ. દૂર રહ્યો રહ્યો જ જોયા કરે. થોડી વારે ઓકાકુરાનું ધ્યાન જતાં એમણે જમણા હાથની તર્જની ઊંચી કરી એને અંદર આવવાનો આદેશ આપ્યો, અને માળી બહારથી જ ગોઠણ વાળી, માથું ઝુકાવી અંદર આવ્યો. ઓકાકુરાએ કુશળતાની વાતો રૂપે બેએક વાત કરી, અને પછી એ આવ્યો હતો તે જ રીતે પાછો બહાર ચાલ્યો ગયો. એ જેટલી વાર અંદર રહ્યો તેટલી વાર સીધો થઇને ઊભો ન રહ્યો. પછી એને પૂછેલું કે 'તું એમ શા માટે ઊભો રહેલો?' તો કહે કે 'બાપા! અમારા દેશમાં એની પાસે જવું એ કંઈ રમત વાત છે? અમારે માટે તો એ દેવતા જેવા છે.'

આ વેળા ઓકાકુરા ચોતરફ ફરીને ભારતવર્ષ નિહાળવાના હતા. ઘણે સ્થળે થઈ આવ્યા હતા ને હવે થોડાંક જ બાકી હતાં. મેં કહ્યું, 'જ્યારે જોવા જ નીકળ્યા છો ત્યારે કોનારકનાં મંદિરો જોઈ આવો, નહિ તો ભારતવર્ષની મૂળ ચીજ જ જોવાની રહી ગયાનો વસવસો થશે. ઓકાકુરા કહે કે પુરીનાં

(અનુસંધાન... ...પાછળ)



↑ જગન્નાથપુરીથી ૨૦ માઈલ દૂર, ઓરિસ્સાના દરિયાકિનારે, આજથી ૭૦૦ વર્ષ પહેલાં રાજા નરસિંહે ઈ. ૧૨૪૦-૧૨૮૦ના ગાળામાં ભૂખરા પથ્થરનું બંધાવેલું કોનારક—કોણાર્કનું (કોણ+અર્ક=સૂર્ય) આ સૂર્યદેવતાનું મંદિર ભારતીય સ્થાપત્ય ને શિલ્પકળાની ચરમ સિદ્ધિઓ પૈકીનું એક ગણાય છે. બંગાળાના તોફાની સાગરના સૂસવતા પવનોની સાતસો સાતસો વર્ષ સુધી થપાટો ખાઇને, તેનું મુખ્ય મંદિર તો નાશ પામીને આજે માત્ર, આ ઉપર દર્શાવેલો તેનો 'જગમોહન'નો જ ભાગ (લોકોએ દર્શનાર્થે મળવાનો મંદિરનો સભામંડપ) બાકી રહ્યો છે, પરંતુ તેની અનિવર્ચનીય કારીગરી જોતાંવેંત જ મુગ્ધ કરે છે. સૂર્યના રથના આકારનું એ આખું મંદિર ૧૨ જોડી પૈડાંઓ ઉપર ઊભું કરેલું હોય એવી તેની રચના હતી; અને દિવસ તથા રાતના આઠ પ્રહરના પ્રતીક રૂપ આઠઆઠ આરા ધરાવતા તે પ્રત્યેક પૈડાંને જે બેનમૂન બારીક સુશોભનોથી શણગાર્યું હતું તેની કાંઈક ઝાંખી સામેના ચિત્રથી થશે. પૈડાંની પાછળ કંદોરાઓ ઉપર (જુઓ ઉપરનું ચિત્ર) પુરાણકથાઓ, દેવદેવીઓ, નાગનાગણીઓ ને આલિંગન દેતાં પ્રણયમત્ત મિથુનો(યુગલો)નાં સુંદર શિલ્પની હારોની હારો જે સબળતાથી કાતરેલી છે, એ જ સબળતા એ મંદિરરૂપી સૂર્યના રથને ખેંચતા પ્રચંડ અશ્વની વેગીલી છટામાં પણ જણાય છે. આપણી બે પૈસાની ટપાલની ટિકિટ ઉપર આ જ અશ્વનું ચિત્ર છે.



પરિચય સામે વાંચો

મંદિરો જોવાનું યે ઘણું મન છે: કંઈક ગોઠવણ કરી આપશો?' ત્યારે એ ભયંકર માંદગીથી પીડાતા હતા. શરીર સાવ ખખડી ગયું હતું. છતાં ભારતની કલા-કારીગરી જોવા આવેલા મારા આ વિદેશી કલાકાર બંધુને જગન્નાથનો સાદ હતો, પણ છડીદાર છોડતો નહોતો. ભલભલા સૂબાસર-સૂબાને પણ અટકાવી શકે તેવા સમર્થ હતા તે. તેમની પાસેથી કઇ રીતે છટકવું? કલાકારોમાં મંત્રણા થઈ. ખાનગીમાં કેટલીક ગુફ્તેગો પણ થઈ, છતાં મારા મિત્ર તો જગબંધુનાં દર્શને રાજાની જેમ ધોળે દિવસે જ ગયા. દરવાજા ઊઘડી ગયા. પ્રહરીઓ આદર સહ એક બાજુએ ઊભા રહ્યા. અને એમ જાપાનનો કલાકાર ભારતના કલાકારે ખડું કરેલ દેવમંદિર, વૈકુંઠ, આનંદબઝાર ને દેવતા સુદ્ધાંના દર્શન કરી આવ્યો.




રાસલીલા: જાપાની કલાકાર ટાઈકાને દોરેલું ચિત્ર


કોનારક જોઈને ઓકાકુરાને ઊંડી પ્રસન્નતા થએલી. એમણે મને કહેલું કે 'કોનારક ન જોયું હોત તો હિંદ આવ્યું વ્યર્થ ગણાત. ભારતશિલ્પનો પ્રાણ મેં ત્યાં નિહાળ્યો.' એમની વિદાય-દિનની એ છેલ્લી વાત મને આજે યે એવી ને એવી યાદ છે: 'ધન્ય થયો. આનંદની અવધિ ગળી. હવે સુખેથી આવતા ભવની યાત્રાએ ઊપડીશ.' જાપાન પહોંચ્યા પછી ટૂંક સમયમાં જ એમનું અવસાન થયું.

આ છેલ્લી સફરમાં જ એમણે નંદલાલને કહેલું કે દસ વર્ષ પહેલાં તમારે ત્યાં આજકાલની આર્ટ જેવું કંઈ જ નહોતું. આ વખતે એવું એંધાણ દેખાય છે. દસ વર્ષ પછી ફરીને આવીશ તો કંઇક એવું થએલું જોવા પામીશ એમ લાગે છે.

ઓકાકુરા પણ ફરી આવી ન શકયા. હું યે 'કંઈક' એવું થાય તે જોવા બેસી રહ્યો છું. પણ કયાં? કંઈ દેખાતું તો નથી. કદાચ ફરીથી મારે આવવું પડશે. પણ મારગ છે ખરો? (ચાલુ)

ચલો ક્રીડાંગણ





એ નામનું એક હિંદી પુસ્તક ભાવનગરના ગોખલે જ્ઞાનમંદિર દ્વારા સંચાલિત શિશુવિહાર તરફથી બહાર પડ્યું છે. ભાવનગરના ગોદી કામદારો તથા અન્ય મજૂર લત્તાઓમાં તેમનાં બાળકોના શિક્ષણ તેમજ સંસ્કારની પ્રવૃત્તિ પાછળ જીવન અર્પણ કરનાર શ્રી માનશંકર ભટ્ટનો પરિચય અમે આ અગાઉ 'કુમાર'માં આપી ગયા છીએ. એમના નાના ભાઈ શ્રી પ્રેમશંકર ભટ્ટ પણ જર્મનીથી શિક્ષણની ઉચ્ચ ડિગ્રી લઈ આવ્યા બાદ એ જ શિક્ષણ-સેવામાં પડ્યા છે. એ બંને ભાઈઓએ પોતાના અનુભવ પરથી આ પુસ્તક યોજ્યું છે. બાળકોને ગમ્મત સાથે તેમની ઉમરના પ્રમાણમાં પૂરતી કસરત મળી રહે તેવાં રમતગમતોનાં સાધનોની વિચારપૂર્વકની યોજનાના આપણે ત્યાં હજી સુધી લગભગ વણખેડાએલા ક્ષેત્રમાં તે સારું માર્ગદર્શન આપે છે. એવાં સાધનો કેમ ઊભાં કરવાં તથા તેનો ઉપયોગ કેટલી ઉંમરનાં બાળકો કઈ રીતે કરી શકે તેની, સંપૂર્ણ માપ સાથે સચિત્ર માહિતી આપતાં ૪૨ સાધનો એ પુસ્તકમાં આપ્યાં છે. તેમાંથી 'વાનર-ચઢ' (ડાબી બાજુ), તથા 'ચકઈ-ચકવા' (ઉપર) નામનાં બે સાધનોનાં સાદાં ચિત્રો કરીને અમે અત્રે એટલા માટે પ્રકટ કરીએ છીએ કે એ પુસ્તકની ઉપયોગિતાની પ્રતીતિ થાય. 'વાનર ચઢ'ની વિશેષતા એ છે કે તેમાં એક સાથે ઝુલતી સીડી, દોરડું, ગાંઠવાળું દોરડું તથા ત્રિકોણ કડીઓવાળી એક સાંકળનો સમાવેશ કરેલો હોઈ એક સાથે ચાર બાળકો તેનો ઉપયોગ કરી ગમ્મત મેળવવા સાથે પોતાનાં બાવડાં ને પીંડીઓની તાકાત વધારે છે. 'ચકઇ-ચકવા' એ નાનાં બાળકોને ઘૂમવાનો અનેરો આનંદ આપતું સાધન છે. તે ફેરવવા માટે તેને બંને છેડે પાઈપ મૂકી જે સગવડ કરી છે તેથી સરળતા ને સલામતી બંને વધે છે. આવાં ભરચક આલેખનો ઉપરાંત, આદર્શ ગણી શકાય તેવા ક્રીડાંગણની રચનાના એક નકશા સાથે, અકસ્માત વખતે પ્રાથમિક મદદ માટે જરૂરી સાધનોની યાદી તેમજ રમતગમતનાં સાધનોની સારસંભાળ માટે ઉપયોગી સૂચનાઓ વગેરેનો પણ એ પુસ્તકમાં સમાવેશ કરાયો હોઈ બાલસંસ્થાઓ, અખાડાઓ અને શાળાઓ વગેરેને એ ઘણું ખપનું પુસ્તક છે. યોજકો: માનશંકર ભટ્ટ તથા પ્રેમશંકર ભટ્ટ, પ્રકાશક: શિશુવિહાર, ગોખલે જ્ઞાનમંદિર, કૃષ્ણનગર, ભાવનગર (સૌરાષ્ટ્ર). કિં. ૧-૦-૦ પોસ્ટેજ ૦-૩-૦.

કલ્પનાભોમનો કલાકાર એડમંડ ડ્યુલાક





આજથી બરાબર પચ્ચીસ વરસ પહેલાં ૫૬મા અંકમાં 'કુમારે' જેમનું ચિત્ર પ્રકટ કરીને ગુજરાતને તેનો પહેલો પરિચય કરાવ્યો તે કલ્પનારંગી કલાકાર એડમંડ ડ્યુલાકનું, ગયા મે માસની ૨૫મી તારીખે લંડનમાં ૭૦ વર્ષની ઉમરે અવસાન થયું. 'બહોળા કાર્યક્ષેત્રનો કલાકાર' એવા મથાળા નીચે લંડનના મોભી પત્ર 'ટાઈમ્સે' એમને બિરદાવતી મૃત્યુનોંધમાં લખ્યું છે કે 'રંગભૂમિનાં નેપથ્યવિધાન ને વેશભૂષાથી માંડીને ગંજીપાનાં પત્તાંની પીઠનાં ડિઝાઈનો સુધીનાં કલાલેખનોના બહોળા વિસ્તારમાં ભાગ્યે જ કોઈ શાખા એવી હશે જેના પર ડ્યુલાકની કલમ નહિ ચાલી હોય.' ટિકિટો, ચંદ્રકો, સિક્કાઓ, બૅંકનોટો વગેરેનાં એમનાં ડિઝાઇનો ચાલુ ધરેડથી અલગ પડીને શોભન-માધુર્યનો એક વિશિષ્ટ નમૂનો બની રહેતાં.


પણ આ બધાં તો એમના પાછલા જીવનનાં ગૌણ કાર્યક્ષેત્રો હતાં. એમની કલમની ખાસ લાક્ષણિકતા તો પૂર્વની ઢબે સપાટ શૈલીનાં (two dimentional) આલેખનોની જે આગવી ચિત્રણા એમણે નિર્માણ કરી તેમાં હતી. આપણી જૂની ગુજરાતી ને રાજસ્થાની ઢબનાં કે પ્રાચીન ભારતીય તથા ચીની-જાપાની શૈલીનાં ચિત્રોમાં જે સપાટ રંગાવટ ને વેગવાન રેખાંકનની મધુર સાદગીની સાથે કાવ્યમય વાતાવરણ હોય છે એવું એમણે પોતાની અનોખી શૈલી વડે જમાવવાની કલા સિદ્ધ કરી હતી, અને એ જ એમની કીર્તિદા બની. એઢબે એમણે મોટે ભાગે અરેબિયન નાઈટ્સ, ઉમર ખય્યામની રુબાયાત, ગ્રિમ તથા હૅન્સ ઍન્ડરસનની પરીકથાઓ, સિંદબાદની સાહસ-સફરો, ખજાનાનો ભેદી ટાપુ, પ્રાચીન ગ્રીસની દંતકથાઓ વગેરે જેવી શિષ્ટમાન્ય કલ્પનાકથાઓ તથા લોકવાર્તાઓનાં ચિત્રો કરીને એ કથાસાહિત્યને વિભૂષિત કર્યું



'બુઢ્ઢા માછીમાર પાછળ માણસ દોડાવ્યો.'–અરેબિયન નાઇટ્સની એક વાર્તાના ડ્યુલાકે કરેલા આ ચિત્રમાં જરા ઝીણવટથી આલેખેલા જઈફ મુસ્લિમના લાક્ષણિક પાત્ર તથા પોશાક ને પડછે, સપાટ રંગપૂરણીવાળી સાદી ને વાંકીચૂંકી રેખાઓ વડે આલેખેલા માર્ગ તથા મકાનોથી જે પૂર્વ પ્રદેશના કોઈ નાના ગામનું શાંત વાતાવરણ રચાય છે તે, પાછળ ડોકાતા વહાણના સઢ તથા સમુદ્રરેખાની મદદથી એક કલ્પનારંગી ચિત્ર ખડું કરે છે.

છે; અને પોતાની કવિતારંગી શૈલીથી એ બધી કથાઓને એમણે એવી તો અનોખી સ્વપ્નસૃષ્ટિના રૂપમાં ખડી કરી છે કે ઇંગ્લંડની પ્રજા એમને આજે 'પરીકથાઓની કલ્પના-ભોમના સર્જક કલાકાર' તરીકે બહુ ઊંચા માનથી નવાજે છે. છેલ્લી બે પેઢીનાં વાચકો આગળ પરીકથાઓની સૃષ્ટિને અનન્યરીતે સજીવ કરનાર બે જ કલાકાર એમનાં હૃદયના સ્વામી થયા છે : આર્થર રૅકહામ ને એડમંડ ડ્યુલાક. રૅકહામ, ડાકણો, ઠ્હેંતિયાં વગેરેનાં અપરૂપ આલેખનો તથા ગૂઢ, ભેદી ને ભયાનક વાતાવરણના સર્જક તરીકે, ને ડ્યુલાક શોભનમાધુર્યવાળાં કવિતારંગી ચિત્રો માટે.

ભલે એ માત્ર 'ઇલસ્ટ્રેટર' (ગ્રંથચિત્રણાનો કલાકાર) કહેવાતો, પણ એની શૈલીએ




અરેબિયન નાઇટ્સની કલ્પનાકથાઓનાં પાત્રોને ડ્યુલાક જેટલી સફળતાથી કોઇ ભાગ્યેજ ઉતારી શક્યું છે. મથાળે-ડાબી બાજુથી : 'શાહઝાદો અને બોલતુ પંખી'; ચીનની શાહઝાદી બદરુલ બદર; અલાદીન ને તિલસ્મી ફાનસનો જીન; અલીબાબા; ચોરની કોઠીમાં ઊકળતું તેલ રેડતી મોરજિયાના; અને ખલીફ હારૂન અલ રશીદ.

ભલભલાને આકર્ષ્યા હતા. આપણે ત્યાં પણ ભારતીય કલાના નવનિર્માણના કાળમાં ઘણા કલાકારો પર તેણે અસર કરી છે. વીરેશ્વર સેન, એ. ડી. ટૉમસ વગેરે એમાં ગણાવી શકાય. મુંબઈની આર્ટ સોસાએટી પાસેથી ભારતીય ઢબના ચિત્ર માટે પહેલો સુવર્ણચંદ્રક જીતનાર ચિત્ર 'બિલ્વમંગળ'ના નિર્માતા શ્રી રવિશંકર રાવળનું એ ચિત્ર જોકે રાજપુત ઢબનું હતું, છતાં એમના મન ઉપર પણ એ કાળે ડ્યુલાકની ઘણી ઘેરી છાપ પડેલી.

ડ્યુલાકે પોતાની આ આગવી શૈલીનું નિર્માણ તો સ્વતંત્રરીતે જ કરેલું. પણ તેની પ્રેરણાનાં મૂળ બેશક પૂર્વની કૃતિઓની નાનપણમાં તેમના મન પર પડેલી છાપમાં રહેલાં હતાં. જન્મે એ ફ્રેન્ચ હતો. ફ્રાન્સની નૈઋત્યે આવેલા તુલાઉસ શહેરમાં ઇ. સ. ૧૮૮૨ના ઑક્ટોબરની ૨૨મી તારીખે એનો જન્મ થએલો. એના કાકા પૂર્વ—દેશોમાંથી વિવિધ વસ્તુઓની આયાત કરવાનો વેપાર કરતા. એમના સંગ્રહમાં નાનપણમાં એણે પૂર્વની શૈલીનાં સુંદર ચિત્રો જોએલાં, ને તેની અસર તેના પર એવી ઘેરી પડી કે મોટપણે પછી એણે સ્વતંત્રરીતે જે કાંઇ આલેખના કરી—કથાચિત્રો, તસ્વીરો, સુશોભનો—એ બધાં પર જીવનભર એની જ છાયા રહી.

તુલાઉસની યુનિવર્સિટીમાંથી સાયન્સ અને ફિલસૂફીના સ્નાતક થયા બાદ ડ્યુલાકે અનિચ્છાએ કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. પણ બે વરસમાં એ પડતો મૂકી ત્રણેક વરસ સુધી ત્યાંની કલાશાળાના વર્ગો તેણે ભર્યા ને મનમાં કોળી રહેલી રંગસૃષ્ટિને અવતારવા જેટલી તાલીમ મેળવી લીધી.

ઈ. ૧૯૦૪થી શરૂ થએલી કલાકાર તરીકેની એમની કારકિર્દી ત્યાર પછી ઊજમાળી સિદ્ધિઓ મેળવતી રહી છે. અને ૧૯૦૭થી માંડીને ઘણાં વરસ સુધી, લાગટ દર વર્ષે, 'લીસ્ટર ગૅલેરી'માં એમની કૃતિઓનાં પ્રદર્શનો ઇંગ્લંડની જનતા આગળ અનોખી મનભોમકાનાં એવાં કલ્પનાસમૃદ્ધ ને રંગમધુર વાતાવરણ સરજતાં રહ્યાં છે કે જેની ભભક આવતી પેઢીઓ પણ ભૂલી શકે તેમ નથી.



ઇરિથાબારના ટાપુની રાજધાનીના, કવિત્વમય સંયોજનવાળા અરેબિયન નાઇટ્સના આ ચિત્રમાં, બંદરમાં પડેલાં વહાણો પાસેની વાંકી તટ-રેખાથી માંડીને ટેકરી પર ઊંચે ને ઊંચે પથરાએલાં મકાનોના મિનારા મધ્ય કાળનાં ઈસ્લામી શહેરોનું વાતાવરણ રચતાં કોઇ સ્વપ્નનગરીનો પ્રભાવ ખડો કરે છે.


અરેબિયન નાઇટ્સનાં ચિત્રો ડ્યુલાકે ઘણાં—ને જીવનના જુદાજુદા તબક્કે કરેલાં છે, તે એમની શૈલી પરથી જણાય છે. પહેલા પાના ઉપરનું તથા આ ચિત્ર કૈંક વહેલા કાળનાં છે, એ તેનાં પાત્રો તથા સ્થળનાં આલેખનોની સવિશેષ વાસ્તવવાદી શૈલીથી પરખાય છે. પાછલા પૂઠામાંની આર્ટ પ્લેટ પરનું બારીક શોભનકલા ધરાવતું 'ડેકોરેટિવ' ચિત્ર જુદા કાળનું છે, અને સામેના પાના પરનાં વધુ સાદાં છતાં વધુ કલ્પનારંગી બનેલાં ચિત્રોના આલેખનનો સમય જુદો લાગે છે.

પરદેશનાં પત્રમિત્રો

☞ ૧૪થી ૧૭ વર્ષની ઘણી જર્મન કન્યાઓ હિંદ સાથે પત્રવ્યવહાર કરવા ઇચ્છે છે. તે માટે નીચેના સ્થળે લખવાથી સરનામાં મળી શકશે: Rameshchandra A. Bole, C/o Ratanji Bhagwanji & Co., Chawri Bazar, Delhi-6.


☞ આ ઉપરાંત Anna-Maria Braun નામનાં એક સન્નારી International Correspondence Bureau ચલાવે છે. તેમને લખવાથી પ્રત્યેક પત્રમિત્રને પોતાના અભ્યાસ ને સમજ પ્રમાણેનાં પત્રમિત્ર બહેન તે મેળવી આપશે. સરનામું: Lindwurm Strasse 126a/MUNCHEN-15-Germany. બહેનો પત્રવ્યવહાર કરશે તો વધુ ઉચિત થશે. પત્રવ્યવહાર કરનારે પોતાના દેશનાં ગૌરવ અને પ્રતિષ્ઠા બીજા દેશમાં જળવાય એ રીતે પત્રો લખવા જોઇએ એ હકીકત તરફ (અગાઉના અનુભવથી) ફરી ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે.






ગ્રીક પુરાણકથાઓનાં ચાર ચિત્રો : ચિત્રકાર એડમંડ ડ્યુલાક

(૧) યુરોપા : ફીનીશિયાના રાજા ઍગેનોરની એ અતિ રૂપવતી પુત્રી પિતાના ઉપવનમાં રમતી હતી ત્યાં, તેના પ્રેમમાં પડેલો દેવાધિદેવ ઝ્યૂસ (સંસ્કૃત ઘૌસ—ઈંદ્ર) સફેદ નંદીનું રૂપ લઇને ગેલ કરતો આવી, લલચાવીને પોતાની પીઠ પર બેસાડી હરી ગયો અને ઘૂઘવતા સમુદ્રની પાર ક્રીટના ટાપુમાં લઈ જઇને તેને રાખી, જ્યાં તે પાછળથી હેલોટિસ નામે દેવી તરીકે પૂજાઈ અને તેને ત્રણ પુત્રો થયા. (૨) સેલીન એટલે ચંદ્ર : એ એન્ડીમિયન નામના સ્વરૂપવાન ભરવાડના મોહમાં પડી હતી. એની જાણ દેવોને થતાં ઝ્યૂસે એન્ડીમિયનને ચિરનિદ્રાની સજા કરી. હજી રોજ રાત્રે સેલીન તેની ખબર કાઢી જાય છે. 'અનંત સુખમાં પડેલો એન્ડીમિયન જાણતો નથી કે થોડી જ વારમાં સેલીન તેના પર ઊંઘનો પડદો નાખીને તેના પાસામાંથી સરી જશે. રાત્રે તે પાછી મલાયમ વાદળી-ઢાંક્યા પગે અને તેજ-આભાથી ઓપતા ચહેરે ચુપકીથી આવીને નિદ્રાપટ ખેંચી લેતી.' એ પંક્તિઓ દાખવતું આ ચિત્ર છે.





(૩) સર્સી : સૂર્ય અને જળદેવીના એ પુત્રી, પોતાના મોહક સૌંદર્યથી માણસોને લોભાવી પશુ બનાવી દેતી ભયંકર જાદુગરણી હતી. વીર યુલિસિસના સાથીઓને તેણે ભુંડ બનાવી દેતાં, તેમને ઉગારવા નીકળેલા યુલિસિસને માર્ગમાં હર્મિસે ઔષધીય વનસ્પતિ આપેલી, તેથી તેના પર સર્સીના દારૂની કાંઈ અસર થવા ન પામી. યુલિસિસે તેને વશ કરી પોતાના સાથીઓને પૂર્વવત્ કરવા તેને ફરજ પાડી ને તેનો પ્રેમ પણ જીત્યો. (૪) ડાયાનીરા : ગ્રીક કથાઓનો મહાવીર હર્ક્યુલિસ, પોતાની આ સ્ત્રીને લઈ ટ્રાચીઝ તરફ જતો હતો ત્યાં માર્ગમાં નેસ્સુસ નામનો નર-ઘોડો તેને હરી જતાં હર્ક્યુલિસે લક્ષ્યવેધી બાણથી તેનો પ્રાણ લીધો. પણ તે આવી પહોંચે તે પહેલાં નેસ્સુસે પસ્તાવો કરતાં પોતાનો લોહીલીનો ઝભ્ભો ડાયાનીરાને ભેટ આપતાં જણાવ્યું કે તારો પતિ કદી નારાજ થાય તો આ ઝભ્ભો ઓઢાડવાથી એને જીતી શકાશે એવો મારા લોહીમાં જાદુ છે. જતે દહાડે આયોલના પ્રેમમાં પડેલા હર્ક્યુલિસનું દિલ જીતવા ડાયાનીરાએ તેને એ ઓઢવા આપ્યો; પણ તેથી તો તેના શરીરમાં કાળું ઝેર વ્યાપીને તે મરણ પામ્યો. ડાયાનીરા પણ પસ્તાવો કરતી મરી.



વિલાસ અને માણેક ગાંધી! એમ તો વચ્ચે બેચાર વાર અમે મળ્યાં હતાં; પણ કરાચીમાં જોડાએલા એમના જીવ હવે ઘણા મળી ગયા હતા, ને બને તો બંને પરણીને સાથે રહે એવો માર્ગ કાઢવા માગતાં હતાં; પણ એ વાત મારી આગળ મૂકતાં જરા અચકાતાં હતાં. માણેક મારો મિત્ર; અને વિલાસ મારી વહુ!

ગોવાળિયા તળાવના એ મેદાનમાં અમે બે ધણીધણિયાણી એકલાં વાતો કરવા ગયાં, અને એણે આ સૂચના મૂકી તેવી જ મેં વધાવી લીધી. એ જો એમ સુખી થતી હોય તો મારે વચમાં આવવાનું શું કારણ હતું–એમ વિચારી મેં હા પાડી. પણ એ બને કેમ, એની ચિંતામાં અમે પડ્યાં. આખરે બે દિવસમાં વિચાર કરી રસ્તો

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આડત્રીશની શરૂઆતમાં અમે ફેલોશિપ નિશાળના કૉમ્પાઉન્ડમાં બાદશાહીથી બેસી દિવસો કાઢતા હતા. બાદશાહી તો માત્ર બેઠકની; બાકી તો રમણિક અને હું ફકીરો જ હતા. ત્યાં બેઠાંબેઠાં, હજી એક દલાલ બાકી હતો એ ઉઘરાણીએ આવે તો એને કેમ પતાવવો એ માટે નજર રાખતા. ત્યાં અનાયાસ એક ભાઈ અને એક બાઈ મને મળવા ચડી આવ્યાં......

સંસારનો રગડો તો જુઓ! માણસ પર મુસીબત આવે ત્યારે કેવાકેવા વિચિત્ર સંજોગો ઊભા થાય છે! એ દરમ્યાન મન તો એવું ઘેરાએલું ધુમરાએલું રહેતું, કે ન પૂછો વાત. ત્યારે રમણિકના ભરૂચના એક જૂના બિરાદર નામે નટવર દીવાન વારંવાર આવીને બેસતા.

ઠીંગણો માણસ, વાંકી ટોપી, હાફ કોટનાં ખુલ્લાં બટન, સુકલકડી શરીર. પગની ચાલમાં જ લાપરવાહી જણાની. આવતાં જ વાંસી આંખે માણસોને માપી લેવાની એની જે શક્તિ હતી તે સૌનું ધ્યાન ખેંચે એવી હતી. ઉમર નાની, પણ ઘણી લીલીસૂકી જોએલી, અને પારાવારનું અનુભવજ્ઞાન એકઠું કરેલું. એ બાંકેલાલ શરૂઆતમાં તો જરા ઠંડા બેસતા, પણ પછી ચાનો કોપ ચડાવી ગરમીમાં આવતાં જે શુભ સરસ્વતી સંભળાવતાં, આ દુનિયાપારની હવાઇઓ ઉડાવતા, તે મારા દુણાએલા મોઢાને એ જ હસાવી શકતા. વચ્ચે મને ઊચકી પણ નાખતા, અને પાછા સમભાવથી પણ જોતા.

એ બહાદરને જન્મોત્રી જોતાં આવડે. ઇલ્મીજ્ઞાન પણ કહી બતાવે. ટીપણું હાથમાં લઈ ભારે હિંમત આપે. એણે પણ બજારમાં હાથ શેકેલા: થોડું કમાએલા, વધારે ગુમાવેલું. પણ આટલા નાના માણસની છાતીમાં સીસાનો રસ ઉતારેલો; બીક કે ગભરાટ તો રુંવાડાંમાં ન મળે. ત્રણચાર કલાક વગરની તો એ શેઠની બેઠક નહિ. કંઈક વાતો કરે. ભરૂચથી શરૂ કરે, પણ ભટકે મંગળના ગ્રહ સુધી અને અટકે ક્યાં એ કંઈ કહેવાય નહિ. જોષ જોઈ બહુ લાંબી વાત કરે, પણ આખરે બે સાદા બોલ કહી ટીપણું બીડાવી દે કે 'જ્યારે વખત બારીક હોય ત્યારે જરા સમાલીને ચાલવું.'

રમણિક વળી બીજી વિદ્યાનો જાણકાર. એ અંગ્રેજી ઈંગ્રેસ અને રસન સ્કવેર મૂનના સેફ્રુટાઇલ બતાવે; એફીમરીઓ ફથલાવે. એ પણ કહે, 'અરે એ તો જિંદગી છે; હસી વીસી તો આવે જ કેની? હમણાં જરા ગમ ખાઈ જવી. આપણે ઘરડા થઇએ છીએ, બજાર ઘરડો નથી થતો. અરે પાંડુ! બનાવ જરા ગરમ મસાલાની ચા...'

એમ અમે બેઠા હતા અને એ બે મારી મુરદાલ ને રોતી શિકલને જરી જીવવાળી કરવા કંઈક ગપ્પાં હાંક્યા જતા હતા, એવે એક ટાંકણે ત્યાં એક ભાઈ ને એક બાઈ મને મળવા આવી ચડી આવ્યાં:

કાઢવાનું નક્કી કરી તેમાં અમે છૂટાં પડ્યાં.

પેલા જોષ જોતા હતા ત્યારે લગ્નવિચ્છેદનો તો કોઇએ જોયો જ નહોતો—કોઇને સૂઝ્યાં પણ નહોતો! બીજું લગ્ન થશે, થશે જ, થશે જ જ, એમ વિવિધ વર્તારા નીકળતા, પણ આ તો નવો જ ફણગો ફૂટ્યો!

આમ તો મારે શ્રી મંગળદાસ પકવાસા સાથે ઠીકઠીક પરિચય. પહેલો તો દાર્જિલિંગમાં થયો હતો તે, ને પછી લડતમાં. ભૂલાભાઈ અને મંગળદાસ ખાનગીમાં લડતમાં સારો ફાળો આપતા ને પછી અવારનવાર મળતા રહેતા. માણસ વ્યવહારુ; ગમે તેવી ગૂંચ પડી ગઇ હોય, પણ એમાંથી વ્યવહારુ અને સાદો ઉકેલ લાવવા માટે એમની સલાહ ઘણા જણ લેતા. એમ મેં પણ લીધી, અને એમણે તરત જ એક પછી એક પગલાં નક્કી કરી નાખ્યાં.

હું તો ત્યારે મારા મનમાં બીજી જ મૂર્તિનું ધ્યાન ધર્યા કરતો હતો, એટલે વિલાસ સાથે સંબંધ સુધારવાનો સવાલ જ નહોતો; અને ઉપરાંત એણે પોતાનો મનપસંદ વર શોધી કાઢ્યો હતો, એટલે પકવાસા સાહેબે ગાડી આગળ હંકારી આપી.

તરત પ્રગતિમાન વડોદરા રાજ્ય તરફ નજર ગઈ અને ત્યાંના 'લગ્નવિચ્છેદના નિબંધો' (કાયદા) મંગાવ્યા. એમાં પહેલી વાત તો એ કે ત્યાંનો 'ડોમીસીલ' (નિત્યાવાસ) લેવાનો; બીજો મુદ્દો ધણિયાણી પાસે દાવો મંડાવવાનો અને ત્રીજો વકીલ તૈયાર રાખવાનો. આમ પગથિયાં તૈયાર કરી, એક પછી એક કામ ઉકેલવાં શરૂ કરવા માટે જાતકાળજી રાખી, કુશળ વકીલની કુનેહથી એમણે દોરવણી આપ્યા કરી. આને લઇને હવે વડોદરે મારા આંટાફેરા શરૂ થઇ ગયા.

કહે છે કે માંડવો બાંધતાં વાર લાગે, પણ ઉકેલવો એ તો ઘડીનું કામ છે. સાથે એમ પણ કહે છે કે માંડવો બાંધતી વેળા સૌ કોઇ આવે, પણ ઉકેલતી વેળા કોઇ ન મળે. લગ્ન તો ચાર દિવસમાં ઉકલી ગયાં હતાં, પણ આ વિચ્છેદ કરવાનું કામ વિકટ હતું, અટપટું અને મારે ડંકળાયેલું હતું.

પહેલું તો વડોદરામાં મારે 'ડોમીસીલ' લેવાનું એનું હવે કેમ કરવું? ત્યાં પ્રતાપગંજમાં ડૉ. રમણિક ત્રિવેદી રહે. ચાર-પાંચ વર્ષ પહેલાં એમની સાથે વડોદરામાં ઓળખાણ થઈ હતી. દોસ્ત તરીકે અચ્છી સહૃદયતાની છાપ મારા પર પડી હતી, એટલે સીધા જઇ એને બારણે ટહેલ નાખી. આખી વાત એને કહી. એ વફાદાર સન્મિત્રે પ્રતાપગંજમાં જ એક ઘર અપાવ્યું. પણ ખાવા માટે તો મને પોતાના ઘર સિવાય બીજે જવા જ કેમ દે? એમ વડોદરામાં વસવાટ શરૂ કર્યો.

ત્યાં કૉલેજના એક જૂના દોસ્ત મળી આવ્યા. એ અમદાવાદની ઉત્તરના ગામના રહેવાસી, અવટંકે વખારિયા, ત્યાં વેપાર ખેડે. એણે

ન્યાયાધીશીમાં એક ભારે સાહિત્યરસિક ને પૂરા સજ્જન મિત્રની ઓળખાણ કરાવી આપી. એમનું નામ રમણલાલ વ્યાસ. લેખક માટે એમને બહુ માન. અને એ તો ખૂબ જ હોંસભેર મને મદદ કરવા મડયા. 'ડોમીસીલ' માટે દોઢેક વર્ષ તો વડોદરામાં રહેવું જોઇએ, પણ મહિનામાં જ મને વડોદરાના નિત્યાવાસનું સર્ટિફિકેટ મળી ગયું ! કામકાજ, તો કે વેપાર.

પિલાજીરાવ ત્યારે સરસૂબા. શ્રી રમણલાલ દેસાઇને તો મળેલો જ નહિ. બને એટલો છૂપો રહું. ડૉ. રમણિકભાઈને ત્યાં સવારસાંજ વખત કાઢું; બાકી એકલો ઊંઘ્યા કરું. પણ ત્યારે બીજું કરું પણ શું?

પણ વખારિયા મારા વેપારની બહુ મોટી વાતો કરતા ફરે. પાસે સારી જેવી પૂંજી છે, એટલે વડોદરા પ્રાંતમાં એક બે જીનો નાખવા ભઇ વડોદરામાં રહે છે! બેચાર ઠેકાણે એ વાત થઇ, એટલે એક દિવસ ત્યાંના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થે મને બોલાવી મંગાવ્યો. ગાડી મોકલી હતી. હું ગયો, જમ્યો, ઓળખાણ થઈ. મારા લખાણની વાતો તથા તારીફ થઈ. પછી પૈસા કેમ રોકવા એની સલાહ પણ અપાઈ. અને અમે છૂટા પડયા.

ત્રણચાર દિવસ રહીને પાછું તેડું આવ્યું. પણ એ દરમ્યાન મેં ડૉ. રમણિકને આ વાતથી વાકેફ કર્યા હતા, એટલે એમણે મને જરા ઇશારો કરી રાખ્યો હતો. અને તે ખરો પડયો. એ સદ્ગૃહસ્થે તો વિવાહ માટે સૂચના કરી; ને—કન્યા પણ ત્યાં જમવામાં પણ હાજર હતાં ! ને મારી મૂંઝવણનો પાર નહોતો.

હું તે અહીં કંઇ હજારોના વેપાર ખેડવા આવ્યો હતો કે નસીબે આપેલી વહુને તરછોડવા આવ્યા હતા ? અને અહીં પરણવાનો તો વિચાર જ નહોતો. મનમાં તો બીજાને માટે પ્રેમનો સાગર ભરી બેઠા હતો. પણ આંધળે બહેરું છો કુટાતું, કરી આપણે પણ મોઘમમાં માગલો એમનો એમ રાખી, 'પછી જોઇશું' કરી છૂટા પડયા.

આમ ગાળો કાયદો વિચિત્ર ! ધણી-ધણિયાણી બંને જો છૂટાછેડા માટે એકમત થઈ જાય યાને બંને રાજીખુશીથી છૂટાં થવા માગે તો કાયદો આડે આવે! બંને મળીને, સમજીને, છૂટા થવા માંગે તો તે કાયદામાં 'કપટ' કહેવાય! અંગ્રેજી કાયદામાં કનાઇવન્સ અને કોલ્યુશન કહે છે, તેમ અહીં જો એમ ખબર પડે કે ધણીધણિયાણી બંને મળી ગયાં છે, અને રાજીખુશીથી છૂટાં થવા તૈયાર છે તો તે કોલ્યુશન કહેવાય, અને કાયદાની આંખે છૂટાં ન થઈ શકે! એ જ પ્રમાણે વડોદરાનો નિબંધ પણ ઘડાએલો. પણ એ જરા હળવો હતો. બાકી તો એ ડાઈવૉર્સના અંગ્રેજી કાયદાની ઠેકડી વાંચવી હોય તો એ. પી હર્બૅટની 'હોલી ડેડલૉક' વાંચી જજો. સરસ નવલકથા છે. બે પરણેલા જીવને-બંનેએ પોતપોતાના મનપસંદ પ્રેમભાગિયા શોધી કાઢ્યા છતાં એ બે અભાગિયાઓને—લગ્નની ગાંઠ છોડતાં જે વીતી છે, જે વીતી છે, તેની એ નવલકથા હોવા છતાં ઘણાંના જીવનની એ સત્યકથા જ છે.

સુભાષિત

(અનુષ્ટુપ)

अमंत्रमक्षरो नास्ति नास्ति मूलमनौषधम् ।
अयोग्यः पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः ॥

અનુવાદ

અમંત્ર અક્ષરો છે ના, અનૌષધ ન મૂળ છે;
અયોગ્ય જન કોઈ ના, તેના યોજક દુર્લભ.

[વિવરણ: કોઈ પણ અક્ષર મંત્રશક્તિ વિનાનો નથી, પણ એના યોજક કોઇ મહર્ષિ કે યોગી જ થઇ શકે છે. એ તંત્રશાસ્ત્રનો વિષય છે. એવી જ રીતે દરેક વનસ્પતિના મૂળમાં ઔષધિનો કાંઈક ગુણ હોય છે જ, પરંતુ તે શોધીને યોજનાર વૈદ્ય દુર્લભ છે. તે જ પ્રમાણે કોઇ પણ માણસ અયોગ્ય નથી, પણ એને પારખી અધિકાર પ્રમાણે એને કાર્યમાં યોજનાર મહાપુરુષ વિરલ જ હોય છે મહાત્મા ગાંધીજીમાં એ શક્તિ હતી અને એ માટીમાંથી માણસ બનાવતા એમ કહેવાય છે. લોકસંગ્રહ કરી નેતા થવા માટે કેવા પુરુષની જરૂર છે તે આથી સમજાશે. પોતાના સિવાય બધા અયોગ્ય છે એમ કહેવાથી લોકસેવા કે જગકલ્યાણ થતાં નથી. ર. ભી.]

સાચી વાત છે. બે પરણેલા જીવને ન બને તો, તરત લૂગડાં કાઢી નાંખીએ એમ છૂટાછેડા સસ્તા કરી આપીએ તો લગ્નનું ગૌરવ શું? પણ બીજે પક્ષે જેમને વર્ષો સુધી બન્યું જ નથી, અને છતાં જિંદગીનો બાકીનો ભાગ જે બંને આપમેળે છૂટાં થઇને એકબીજાને સુખી કરી શકતાં હોય તેવાઓને પણ, છૂટા થવા ખાતર કારણો જોઈએ: ધણીએ ધણિયાણી પર ક્રૂરતા બતાવી; એને મારી; એને ભરણપોષણના પૈસા ન આપ્યા; એને રીબાવી; એને માનસિક આઘાતો આપી દુઃખી કર્યા કરી; ધણીએ પોતે આડચાલ કરી; બીજી સાથે સંબંધ બાંધ્યો; એના પુરાવા મળે એ માટે ધણિયાણીએ ધણી ઉપર જાપ્તો રાખ્યો... વગેરે વગેરે બધું ચારે ગમથી ગંદું છે.

જેનો સંસાર કથળ્યો એને વધારે સતાવવાં એ તે કયાંનો ન્યાય ? ઉપર્યુક્ત નવલકથામાં મિસ્ટર અને મિસિસ બંને ભોળાં અને બિનવ્યવહારુ; એને કાયદા પ્રમાણે છૂટાછેટા લેવાને વકીલ બંધુઓએ એવે એવે માર્ગે ચલાવ્યાં કે કોઇ પણ અકળાઈ જાય. મિસ્ટર સીધા રસ્તાનો માણસ, છતાં એને ગલીગૂંચમાં ભટકાવવો પડયો : એવિડન્સ, એવિડન્સ, એવિડન્સ! હલકા પ્રકારના પુરાવાઓ ઊભા કરવા પડયા. નામચીન હોટલોમાં ગમે તેની સાથે નાચ રાખવો પડયો, અને એ બધું કરતાં મિસ્ટરનો સીધો સાદો આત્મા રૂંધાઇ ડઘાઇ ગયો. આખરે 'જા જીવ, કયાં આ લગનની બેડીમાં બંધાયો ! આના કરતાં તો જેલ સારી યા મોત સારું', એવા નિર્ણય ઉપર તે આવી લાગ્યો. હર્બૅટે (લાખો ધન્યવાદ છે એને) હાસ્યરસથી ભરપૂર એ ઠેકડી-કથા લખ્યા પછી આખું ઈંગ્લંડ ખળભળી ઊઠયું, એ પોતે પાર્લામેન્ટમાં ચુંટાયો ને છૂટાછેડાના કાયદામાં ફેરફાર કરાવવા સમર્થ થયો.

મૂળ વાતે તો બે જીવ મળ્યા. એટલે લગ્ન પણ એમ દુષ્યંતશકુન્તલાને હિસાબે આપણે ત્યાં કેટલાં પરણી શકે છે? અને એમ ગાંધર્વમાં એટલે કે ખાનગીમાં પ્રેમપ્રયોગ કરી બેસે તો યે કાલિદાસને મહાકવિ ગણવા છતાં આપણે ત્યાં કેટલાં માબાપો એવા કિસ્સાઓને અપનાવી આશીર્વાદ આપવા તૈયાર થશે વારુ? પાકા અનુભવે સિદ્ધ એવા મહામુનિ કણ્વ જ એને આવકારી શકે. આ ઉપરાંત ઇશ્વરની સરજતમાં જાતજાતની રીતે લગ્નો થાય છે. આપણા દેશમાં અતિ પવિત્ર એવા હિન્દુ શાસ્ત્રાનુસારનાં અગ્નિની સાક્ષીએ એની પ્રદક્ષિણા ફરી, ધ્રુવ તારલાનાં દર્શન કરી, અરુન્ધતી આદિ મહાવ્યક્તિઓનાં સંસ્મરણ કરી લગ્નો થાય છે. હા, એ જ રીતે જન્મતાં પહેલાંનાં લગ્નો પણ થાય છે, જન્મીને તરત જ પણ થાય છે, અને પછી તો પ્રકાર પ્રકારનાં લગ્નો વિધવિધ રીતે થાય છે. દુનિયાભરમાંનાં લગ્નોનાં રૂઢિ, પ્રથા, વ્યવહાર, કાનૂન, બંધન જુદીજુદી જાતનાં છે. એની ખરી વિધિ કઈ એ તો ભગવાન જાણે.

ક્યાંક બે મિનિટમાં સહી દસ્કત કરીને પરણે છે, તો ક્યાંક વળી ફક્ત ટેલીફોનની વાતચિતે પણ ચોપડે ચડે છે! સમાજના મૂળ પાયાના વ્યવહારમાં જ જોઈએ તેટલી વિવિધતા, એમાં કઈ પદ્ધતિ એક તેનો જ તોડ માનવજાત નથી કાઢી શકી, ખેર.

અને લગ્નની ગાંઠ બાંધી તો તેને છોડવા માટે પણ ધર્મ કરતાં વ્યવહારે—માણસ જાતે થોડાથોડા રસ્તા બનાવ્યા છે. ખરું જોતાં તો સાચાં લગ્નો એક જ વાર થાય, અને અવિભાજ્ય આત્મા જેવાં અતૂટ જ રહે. એવાં દૃષ્ટાંતો પણ ગળે એમ છે, પણ કમનસીબે બહુ થોડાં.

મેં અગ્નિની પ્રદક્ષિણા કરેલી, છેડે ગાંઠ બાંધેલી, પ્રતિજ્ઞાઓ લીધેલી, મંગલાષ્ટક ગવાએલાં ને બધાંના આશીર્વાદ પણ મળેલા; અને છતાં લગ્નસંબંધ ગાંઠો ન બંધાયો. બંનેનાં મન બીજે મળ્યાં. અમે બંને મન મેળવવા અસમર્થ નીવડ્યાં, એમાં મોટા ભાગનો વાંક મારો: તોર, છાક, ગુમાન, ગદ્ધાપચ્ચીસી, અણસમજ, બિનવ્યવહારું જે કહો તે ખરું. બન ગઇ. એમ ન થાય તો બધાના જ સંસાર સુખરૂપ ચાલ્યા કરે; જગતમાં કશે કલેશ જ ન હોય.

'પૃથ્વીને પાટલે આત્મા ઓળખે તે વર, બાકી બીજા પર', એમ વરવહુને લગ્નગાંઠે બાંધવાના જુદાજુદા તરીકાઓ છે, તેમ એ ગાંઠને છોડવા માટે પણ દેશપરદેશે,સૈકેસૈકેજુદીજુદીજાતનાંછટકાં ઉપજાવ્યાં છે. ક્યાંક ધણી-ધણિયાણી ન્યાયાધીશપાસે જઈ આપમેળે કબૂલ કરી દે કે અમારે પાલવતું નથી એટલે મામલો પતી ગયો, એટલી સરળતાથી માંડી ત્યાં સુધી કે બબ્બે ત્રણત્રણ વર્ષો સુધી ગાંઠ છોડવાનો રગડો ચાલ્યા જ કરે ચાલ્યા જ કરે, જેનો કશો હિસાબ નહિ ને એમ કરવા માટે પારવિનાનાંકારસ્તાનો, તૂતો, કાંટા, તરકટો, જુઠ્ઠાણાં ઊભાં કરવાં પડે.

સર સયાજીરાવ ઘણા બાહોશ અને સમજુ રાજા થઇ ગયા. નાનપણમાં પેલી દશેરાની સવારીમાં હાથી પર બેઠેલા જોયા હતા ને, તે. એમણે પોતાના રાજ્યમાં બ્રિટિશને પણ આંટી જાય એવા સુધારાવાળા કાયદા કર્યાં હતા. એમાં છૂટાછેડાનો કાયદો પણ બ્રિટિશ કરતાં સારો હળવો બનાવ્યો હતો. એનો લાભ લેવા અમે તત્પર થયાં હતાં.

વડોદરાનિવાસી તો થયાં. કાયદો કહેતો કે ધણીને નિત્યાવાસ મળે તો ધણિયાણી આપોઆપ નિત્ય નિવાસિની બની જ જાય. એ બી ઠીક. મુંબાઇમાં મંગળદાસ પકવાસાએ એક પછી એક પગલાં ઘડી કાઢ્યાં હતાં તે પ્રમાણે ચાલવાનું હતું. એમની સલાહ પ્રમાણે સ્ત્રીએ જ ધણીપર દાવો માંડવો, એટલે કોર્ટ જરા નમણી નજરે જુએ.

એ તો ખરું, પણ વિલાસે ચન્દ્રવદન પર આરોપો શા મૂકવા? કાયદામાં તો ઘણી મોટી યાદી હતી. કેટલુંક જુઠ્ઠાણું કર્યા વિના ચાલે એમ નહોતું. આખરે કાળજીપૂર્વક ફરિયાદનામું તૈયાર કર્યું એમાં એણે જણાવ્યું કે પ્રતિવાદીએ—

(૧) કોઈ પણ કારણ વિના મારી મરજી વિરુદ્ધ મારો ત્યાગ કર્યો છે. (ત્યાગ ત્રણ વરસથી વધારે નો હોવો જોઈએ. અને તે હતો.)

(૨) પ્રતિવાદીએ મારું ભરણપોષણ કરવા જરા પણ દરકાર કરી નથી. (જો કે આ સવાલ કદી ઊભો જ નહોતો થયો.)

(૩) સખ્ત માંદગીમાં મારી દરકાર ન કરી,—અને

(૪) મને માનસિક વ્યથા કરી. (આ બંને કલમો નિર્દયતા સાબિત કરવા માટે જરૂરી હતી એટલે.)


(૫) અમે કપટથી મળી ગયાં નથી. (આમ છૂટા થવાને તો મળી જ ગયાં હતાં તો. અને સાચાં જ મળી ગયાં હોત તો છૂટાં શાં માથાં ફોડવાં થાત?)

(૬) પ્રતિવાદી કદીક કદીક હિમાલય તરફ રખડ્યા કરે છે.

(૭) દાવાનું ખર્ચ પ્રતિવાદી આપશે. (હાસ્તો, દેખીતું હતું.)

વડોદરાના મકાતી વકીલે દાવો માંડ્યો. તે નોંધાયો. પંચ નક્કી થયું; એમાં સદ્‌ગત્ પ્રેમલીલા મહેતા અને ગટુભાઈ ધ્રુવ તો હતાં જ. વિલાસ તરફથી સાક્ષીઓ હાજર હતા, એ પણ વડોદરે માણેક ગાંધી પણ વડોદરે. ખરું જોતાં માણેકે કે મારે વડોદરે હાજર ન રહેવું જોઇએ. પણ વિલાસ બીચારી એકલી આ જંજાળ કેમ આટોપી શકે?

વડોદરાના એક અતિ પ્રામાણિક અને મોટા પ્રતિષ્ઠિત અમલદારને મારા પિતાના સંબંધે ઓળખતો હતો. એમની પાસે ગયો. ન્યાયાધીશ એમના એક વખતના શિષ્ય થતા હતા, એટલે હું એમની આગળ ગયો અને કહ્યું કે આ અમારો સંસાર તો કથળ્યો; આજ દસે વર્ષેય કંઈ કે કાણું પડ્યું નહિ. જો ચુકાદો તરફેણમાં આવે તો અમે સુખી થઈએ. વિલાસ તો જરૂર થાય જ એ દેખીતું છે. આપ કંઈ મદદ કરી શકો તો આભારી થઇશ.



અત્યંત પ્રામાણિક ને ચારિત્ર્યશીલ એ વ્યક્તિ. ધર્મનિષ્ઠ; રાજ્યવહિવટમાં કાબેલ. તરત જ એમને ગળે વાત ઊતરી. અમારા આખા સંસાર ભંગારની તેર એમને ખબર હતી જ. એમણે છૂટા થવામાં ફલિત થતું સુખ પ્રમાણ્યું. અને ન્યાયાધીશને એટલુંજ લખ્યું: 'આ બે પરિણીત વ્યક્તિઓને હું ઓળખું છું. છૂટાં જ છે, અને છૂટાં થાય તો સુખી થાય એવું મને લાગે છે. વિચારી જોશો.'

બીજી સવારે કેસ ચાલ્યો. ફરિયાદીએ ફરિયાદ કરી. બચાવ માટે પ્રતિવાદીના નામની બૂમ પડી: ચન્દ્રવદન મહેતા હાજર છે? એમને હાજર રહેવા નોટીસ આપવામાં આવી હતી, છતાં એમનો પત્તો જ નહોતો! એમણે બચાવ માટે વકીલ પણ ઊભો નહોતો રાખ્યો. હા. ન્યાયમંદિરમાં એક ખૂણે રાહ જોતા એ ઊભા હતા ખરા, પણ કોર્ટની આંખે તો એ ક્યાંક હિમાલય તરફ ભટકતા હતા. વિલાસ તરફથી સાક્ષીમાં એની બહેન પણ અશ્રુ દેસાઇ પિંજરામાં જુબાની આપી ગયાં:


વિલાસના વકીલ: પ્રતિવાદીને તમે ઓળખો છો?

અશ્રુ દેસાઇ: હા જી.

વકીલ: એમના મગજનું કંઈ કોઇકોઈ વાર ઠેકાણું ન રહેતું, ખરું.

અશ્રુ દેસાઈ: હા જી; એવું ખરું.

વકીલ: ચસકેલ કહી શકો?



'રોટી અને સાબુ!' ઇ. સ. ૧૭૯૩ના ફેબ્રુઆરીમાં ફ્રાંસમાં રોટી સાથે સાબુની યે માગનો આ પોકાર ઊઠેલો! ફ્રેંચ રાજ્યક્રાન્તિ પછી કેટલાય સમય સુધી એ ચાલુ રહેલો. એ અર્થે 'કન્વેન્શન' સમક્ષ પ્રતિનિધિમંડળ ગએલું.

સાબુ એ શરીર ને કપડાંની સફાઈ માટે આજે તો સુલભ ને સસ્તી વસ્તુ બની ગઇ છે, પણ એક કાળે એ આટલો સુલભ પણ નહોતો ને સસ્તો પણ નહોતો. જોકે આજથી ૧૭૦૦ વરસ પહેલાંના પૉમ્પીઆઇનાં ખંડેરોમાંથી સાબુની ગોટી મળી આવી છે, પણ પ્રાચીન કાળે એનો ઉપયોગ સાધનસંપન્ન વર્ગ પૂરતો જ મર્યાદિત હતો. પ્રાચીન રોમનો બકરાંની ચરબી તથા બીચ વૃક્ષના લાકડાની રાખમાંથી સાબુ બનાવતા.

રોમન ઇતિહાસકાર પ્લીનીના લખવા મુજબ આ જાતના સાબુની શોધ 'ગૉલ' લોકોએ કરેલી. બીચના લાકડાની રાખમાં પોટાશ સારા પ્રમાણમાં હોઇ બકરાની ચરબી સાથે તેનું મિશ્રણ સાબુ તરીકે સારું કામ આપતું. અત્યારે આપણે વાપરીએ છીએ એ જાતના સાબુ બનાવવાનું તો હજી દોઢ બે સદીથી શરૂ થયું. આજથી સોએક વર્ષ પહેલાં ય યુરોપનો મોટો ભાગ અંગ તેમજ વસ્ત્રની સફાઈ માટે લાકડાની રાખનો જ ઉપયોગ કરતું. આજે આપણે વાપરીએ છીએ એવી બનાવટનો સાબુ પહેલવહેલો ફ્રાન્સમાં શોધાયો અને માર્સેલ્સમાં એનાં પહેલવહેલાં કારખાનાં ઊભાં થયાં. ઓલિવ વૃક્ષો ત્યાં પુષ્કળ હોઇને ઓલિવના તેલ તથા દરિયાઈ વનસ્પતિમાંથી મેળવેલા કાચા સોડા વડે એ સાબુ બનતો.

આપણે ત્યાં સાબુનો આટલો વ્યાપક ઉપયોગ પશ્ચિમના સંપર્ક પછી થવા લાગ્યો. એ અગાઉ તો માટી તથા સાબુ જેવું કામ આપતાં અરીઠાં વપરાતાં, જે હજુ ય દેશના અંતર્ભાગમાં ચાલુ છે. અરીઠાંના જેવું કામ આપતાં વૃક્ષો અમેરિકામાં પણ થાય છે. કૅલિફૉર્નિયામાં થતાં 'સોપબલ્બ' વૃક્ષો, ચીલીમાં થતાં 'સોપ-બાર્ક' વૃક્ષો તથા ઉષ્ણકટિબંધ પરના અમેરિકામાં થતાં 'સોપ-બેરી' વૃક્ષો આ જાતનાં છે.

આજે સાબુ મોટે ભાગે તેલમાંથી બનાવવામાં આવે છે, ને આપણે ત્યાં તેલીબીયાંની નીપજ પુષ્કળ હોઈ અહીં તો કદી સાબુનો દુકાળ ઊભો થવાનો સંભવ નથી, પરંતુ પશ્ચિમના દેશોમાં તો યુદ્ધસમયે તેનો જબરો દુકાળ ઊભો થએલો. જર્મનીમાં તો સાબુ વિલાસની એક ચીજ ગણાય એટલો મોંઘો થઇ ગએલો અને ઇંગ્લંડમાં એનું કડક રૅશનિંગ કરવામાં આવેલું!

ઇંગ્લંડમાં પણ સાબુનો વ્યાપક વપરાશ તો હજી સોએક વરસ પર ઓગણીસમી સદીમાં જ શરૂ થયો: અને ત્યારે પણ એના પર એટલો બધો કર હતો કે શ્રીમંત માણસ જ તેનો ઉપયોગ કરી શકે. એક રતલે ૩ શિલિંગ ૯ પેન્સ કર તો ઠેઠ ૧૮૫૩ સુધી લેવામાં આવતો. સામાન્ય લોકો ખરીદી શકે એટલો સસ્તો તો એ હજી થોડા દાયકા થયાં જ થયો છે. જોકે હજુ યે દુનિયાના કેટલાક પ્રદેશોમાં તો એ દુર્લભ છે અને એ દુર્લભતાના કારણે જ મેક્સિકોના કેટલાક ભાગોમાં તો તે ચલણી નાણા તરીકે વપરાય છે!

રશિયામાં તો ક્રાંતિ પહેલાંના સમયમાં જાનવરોનાં હાડકાં ઉકાળીને તેમાંથી નીકળતા તેલી પદાર્થમાંથી સાબુ બનાવવામાં આવતો.

અશ્રુ દેસાઈ: એમ તો નહિ, પણ ઠેકાણું નહિ.

વકીલ: ઘડીમાં શું કરી બેસે તે કહેવાય નહિ?

અશ્રુ દેસાઈ: એમ જ.

મારા તરફથી વકીલ રોક્યો હોત તો ઊલટ તપાસમાં સાક્ષીને તોડી પાડત. પણ કપટથી, આગલી સાંજે જ બધો ઘડોલાડવો વાળેલો તેમ સાક્ષી પોપટજી જેમ બોલી ગયાં. મારે ચસકેલ ને ઠેકાણા વગરના ભેળવાળાની વચ્ચેનો જ ન્યાયની આંખે ઠરવાનું ત્યાં શું થાય.?

વીસેક મિનિટમાં મામલો પતી ગયો અને ચુકાદાની રાહ જોતા બેઠા. ટૂંક સમયમાં જ કોર્ટે ફરિયાદીની તરફેણમાં ચુકાદો આપ્યો.

પણ આ કેશવ અમીન, અને ડૉ. રમણિક ત્રિવેદી, અને બધા મળી આ ઉજાણીનો મેલાવડો શાના કરી રહ્યા છો? લગ્ન પછી ન્યાત, તેમ વિચ્છેદ પછી પણ ઉજાણી, એ તો બરાબર; પણ લગ્ન એમ સહેલે છૂટતાં નથી. હજી તો આ 'ડિક્રી નીસી'—કાચું હુકમનામું. વરસ દિવસ રહી કોર્ટ 'ડિક્રી ઍબ્સોલ્યૂટ' કરી આપે. દરમ્યાન, જો અરધાં પરણેલાં અને અરધાં છૂટા થએલાં આ ધણી-ધણિયાણી મળી જાય, યા કપટથી મળે, તો તરાપો પાછો ખરાબે ચડે! એમાં માણેક ગાંધી અને મારાથી તો મળાય જ નહિ! હા, એ વરસ પણ વીતી ગયું, અને આખરે, ૧૯૨૫માં પરણેલા જીવ ૧૯૩૮માં છૂટા થયા અને માણેક ગાંધી તથા વિલાસ પરણ્યાં.

લગ્ન રજિસ્ટર કરાવી સીધાં બંને મારી સમક્ષ આવ્યાં, અને મેં એમને ખૂબ આનંદથી અભિનંદન આપ્યાં. મિત્રો સાથે અમે ઉજાણી માણી. પણ વિધિનાં સોગઠાં કોઈ બીજી જ ચાલે ચાલતાં હતાં.

ત્યાર બાદ વિલાસે બાળકને જન્મ આપી, બાળક સાથે થોડી મુદત રહી આ વિપરીત સંસારમાંથી વિદાય લઈ લીધી. એના અવસાનને આગલે દિવસે અમે બહુ બહુ વાતો કરી. મરણપથારી પરથી જિંદગીના અંત ભાગમાં પોતે માણેલા સુખ વિષે કહી, એક બાજુ માણેક ને બીજી બાજુ હું એમ અમ બંનેના હાથ પકડી સંતોષ અનુભવી એ ખૂબ રડી, અને પછી થોડાક જ કલાકમાં એ ચાલી ગઈ!

નાનાલાલ કવિ અમને બંનેને પોતાને ઘેર રાખી અમારો સંસાર સુધારી આપવા વારંવાર મહેનત કરતા હતા, પણ એ યોગ સધાયો જ નહિ એ અસંતોષ એમને રહ્યા કરતો. વિલાસના ગુજરી જવાના સમાચાર મળતાં એમને ઘણું દુઃખ થયું. મને પણ મનમાં ઘણો રંજ રહ્યો હતો. મારા મનની એ હોળીની વાત તો જવા દો, પણ કવિ નાનાલાલે 'જન્માન્તરનાં સ્મરણો' ના મથાળે કાવ્ય લખી

સાબુ વિષે આ તમે જાણતા હતા?

યુદ્ધ દરમિયાન યુરોપમાં ઊભી થએલી સાબુની તંગી વખતે ફ્રાન્સના કેટલાક વિજ્ઞાનીઓએ તીડમાંથી સાબુ બનાવવાનું શોધી કાઢેલું. તીડને સૂકવી નાખીને પછી રાસાયણિક દ્રાવણમાં નાખી, વરાળ વડે એ દ્રાવણને શુદ્ધ કરતાં તે સાબુ બનાવવાના ઉપયોગમાં લઈ શકાય તેવું બનતું હોવાનું તેમણે જણાવેલું!

સાંસ્કૃતિક પરંપરામાં શ્રેષ્ઠ ગણાતા આપણા દેશમાં સ્વચ્છતા માટેનાં અનેક સાધનોનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાંથી મળે છે. નદીના કાંપની માટી, અરીઠાં, દહીં, કોપરાના ખમણ વગેરે સસ્તાં ઘરગથ્થુ સાધનો ઉપરાંત શિષ્ટ વર્ગની પ્રસાધન-સામગ્રી માટે કામસૂત્ર, અનંગરંગ વગેરેમાં વિવિધ બનાવટોના ઉલ્લેખ છે. ચણાના અધોળ લોટને અરધી પળી તેલનું મોવણ દઈને બનાવેલી લુગદી અને દૂધની તાજી મલાઇનો ઉપયોગ તો હજી ગઈ પેઢી સુધી ચાલુ હતો અને આજે ય કૂમળાં બાળકો માટે તે વપરાય છે.

આપણા દેશમાં આધુનિક યંત્રસામગ્રી સાથેનું સાબુનું પહેલવહેલું કારખાનું ઈ.સ. ૧૮૭૫માં મીરત મુકામે શરૂ થયું. જ્યારે બીજું કલકત્તા મુકામે. બંને કારખાનાં અનેક હાથમાં ફરતાં રહ્યાં પછી કલકત્તાનું હાલ લીવર બ્રધર્સ (ઈન્ડિયા) લિ.ને હસ્તક છે. હાલ બધાં મળીને હિંદમાં સાબુનાં ૮૬ કારખાનાં છે: ૨૬ મોટાં અને ૬૦ મધ્યમ કદનાં આ ઉપરાંત નાના પાયા પરના ઉદ્યોગ તરીકે લગભગ ૫૦૦૦ જેટલા સાબુ બનાવવાનાં કેન્દ્રો ચાલે છે. આ બધાંનું મળીને વરસે લગભગ ૧,૯૦,૦૦૦ ટન ઉત્પાદન થાય છે, જે દેશની સામાન્ય જરૂરિયાત કરતાં ઘણું ઓછું ગણાય.

જોકે શહેરો સિવાય આપણે ત્યાં ઘણે સ્થળે હજુ માટી, અરીઠાં વગેરેનો ઉપયોગ ચાલુ રહ્યો હોઈ, સાબુનો માથાદીઠ વપરાશ બહુ ન આવે; પરંતુ જ્યાં એકલો સાબુ જ સફાઇ માટે વાપરવામાં આવે છે એવા દેશોમાં એનો માથાદીઠ વપરાશ જોતાં અમેરિકાનો નંબર સૌથી પહેલો આવે. અમેરિકનો વરસે માથાદીઠ ૨૫ રતલ સાબુ વાપરે છે, હોલૅન્ડ ને સ્કૅન્ડીનેવિયા ૨૧ રતલ, બ્રિટન ૨૦ રતલ, જર્મની ૧૫ રતલ, ને ઑસ્ટ્રિયા તથા ઈટલી ૧૦ રતલ. દરેક દેશમાં સાબુના વપરાશનું પ્રમાણ જેમ જુદુંજુદું છે તેમ દરેક દેશની સાબુને લગતી પસંદગી પણ જુદીજુદી હોય છે. સાબુના કદ, આકાર, રંગ અને વાસની બાબતમાં દરેક દેશને તેની લાક્ષણિક પસંદગી રહેવાની.

આપણા દેશનું સરેરાશ આવક પ્રમાણ જોતાં સાબુનો વધુ ઉપયોગ ન થતો હોય એ સ્વાભાવિક છે. એના વધુ ઉપયોગ માટે એની સસ્તી કીમત અનિવાર્ય છે. એ તો જ શક્ય બને, જો સાબુનાં કારખાનાં તેલ પીલવાનાં યંત્રો પણ વસાવે એટલું જ નહિ, પરંતુ સાબુ બનાવતાં શેષ રહેતા દ્રવ્યમાંથી બીજી ચીજો બનાવવાનું શરૂ કરે. અત્યારે એ શેષ દ્રવ્ય કચરા તરીકે ફેંકી દેવાય છે.

સાબુ સામાન્યરીતે પાણીમાં ડૂબી જાય છે, પરંતુ તે બનાવતી વખતે તેમાં જો હવા અથવા તો 'કાપોક ફાઈબર' દાખલ કરવામાં આવે તો તેનું ઘટત્વ પાણી કરતાં ઓછું રહેતું હોઇ તે ડૂબવાને બદલે પાણી પર તરતો રહે છે. વળી સાબુ બનાવતી વખતે તેના ઘાણમાં જો ખાંડ અથવા દીવેલ ઉમેરવામાં આવે તો તે પારદર્શક પણ બને છે.

મોકલ્યું, તે એમના હસ્તાક્ષરમાં જ આ સાથે પાછલે પાને આપું છું. સાથે એમણે લખેલો કાગળ પણ નીચે ઉતારું છું:

એલિસ પૂલ, અમદાવાદ; ૨૮મી નવેમ્બર ૧૯૩૯

ભાઇશ્રી, મ્હારા છેલ્લા કાગળના અનુસંધાનમાં સાથેનું કાવ્ય મોકલાવું છું. આજે જ સવારે લખાયેલું છે. કહેવાની જરૂર છે કે મ્હારા છેલ્લા કાગળમાંના એક પૅરેગ્રાફ ઉપરથી આ કાવ્ય લખાયું છે? મંહીનું સંબોધન તો Subjectively તમને છે, ને Objectively જગતની સકળ જનતાને છે: મંહીનું સત્ય વ્યક્તિગત છે એટલું જ સાર્વત્રિક છે.

કાવ્ય પસંદ પડે તો ત્હમારી વતી ત્હમારે અક્ષરે નકલ કરીને 'ગુજરાતી'માં કે જ્યાં રુચે ત્યાં મોકલાવશો. મ્હારા પ્રેમભક્તિ કવિનામનો આદ્યાક્ષર 'પ્રે' કાવ્ય નીચે લખેલો છે તે રાખવાનું ભૂલશો મા.

તબિયત ધીરેધીરે પણ સુધરતી આવે છે—શિયાળામાં ઉથલો ન ખાય તો.

—ન્હાનાલાલ દ. કવિના જય શ્રીહરિ

થોડાક નિસાસા નાખી લઉં; થોડી વરાળ પણ કાઢી લઉં. વિલાસ તો ગઇ. આજે હવે યાદ આવે છે, પસ્તાવો પણ થાય છે; છતાં અંતે એને મનગમતો વર મળ્યો, ને એ મેળવવા એ ભાગ્યશાળી થઈ. એમાં હું કાંટારૂપ ન બન્યો એટલો એક સંતોષ રાહત આપે છે. પણ સાથેસાથે છૂટાછેડાના હિમાયતીઓ, સમાજસુધારકો, ઘરમાં અને બહાર કેવી રીતભાત રાખે છે, એ પણ જરા જાણી લેવા જેવું તો છે જ.

માણેક ગાંધી છૂટાછેડા મેળવનાર—એટલેકે વિલાસ સાથે પરણનાર છે, એની ઊડતી વાત કાને આવતાં જ એના માલેતુજાર શેઠે એને નોકરીમાંથી રૂખસદ આપી દીધી!

ઠીક! વિલાસ મુંબાઈમાં બહેનોના એક જાણીતા હોસ્ટેલમાં રહેતી. એનું સંચાલન સમાજસુધારક બહેનોના હાથમાં હતું. એ હોસ્ટેલમાં, એણે છૂટાછેડા માટે દાવો માંડ્યો છે એમ ખબર પડતાં, એની ઉપર સુપરિન્ટેન્ડેન્ટની બારીક નજર રહેવા માંડી. એ તો ઠીક; એણે કેટલીક સુસીબતો તો વેઠી. પણ હું કેટલીક વાર એ વખતે એને મળવા જતો, તો એને, ત્યાં હોસ્ટેલમાં મળવા દેવાની ના ફરમાવવામાં આવતી! ખરી વાત. આજ સુધીનો ધણી, હવે ન ધણી થવાનો એટલે પરાયો પુરુષ! એને કેમ જ મળવા દેવાય?! એથી અમે પછી તો બહાર જ મળતાં અને ચર્ચા કરતાં. એમ અમે બહાર મળીએ તો એમાં વાંધો નહોતો! હું અહીં દંભ ઉપર લાંબું ભાષણ ઠાંસવા નથી માગતો; પણ દુઃખિયારી બહેનોના છૂટવાના પ્રયાસમાં બહેનો મદદરૂપ થાય એમ તો સૌ કોઈ ઇચ્છે. (ચાલુ)

દુખાવો અને ઈલાજ



પ્રબોધ જોષી

તમે કદીક કૉર્ટમાં સાક્ષી તરીકે ગયા હશો તો તમને ખબર હશે કે ત્યાં તમારી તપાસ ને ઊલટ-તપાસ લેવાય છે. તમે કદાચ કાયદાનો ભંગ કર્યો હશે તો જાણતા હશો કે પોલીસ તમારી તપાસ—ઊલટતપાસ કરે છે. તમે પરણેલા હશો અને તમારી પત્ની જો વહેમી હશે (આ વાક્યમાં 'કદાચ' શબ્દ વાપરવાનું મોકૂફ રાખ્યું છે, કારણકે તમે બધા પરણેલા જ હશો તેમજ તમારી પત્ની વહેમી જ હશે તેની ખાતરી છે) તો તમને પાકો અનુભવ હશે કે અન્ય સ્ત્રી સાથે તમે વાત કરો કે રાત્રે મોડા ઘેર આવો તો તમારી તપાસ લેવામાં આવે છે.

પણ મને આમાંનું કશું જ થયું નહોતું; અને છતાં બધું થયું છે. હું કોર્ટમાં સાક્ષી તો શું પણ પ્રેક્ષક તરીકે પણ નથી ગયો; કાયદાનો ભંગ સ્વપ્નામાં યે મેં નથી કર્યો; અને પત્ની બાબતમાં તો સમજૂતી એટલી જ આપું કે મારે માથે હજુ વાળ છે અને તાલ નથી પડી. નોકરી પણ નથી કરી કે કોઈ શેઠ યા સાહેબે તપાસ કે ઊલટતપાસ લીધી હોય. આ બધું છતાં પણ મને એવો તો હેરાન કરવામાં આવ્યો છે કે ન બોલવામાં જ મઝા છે; (અને લખવામાં જ મઝા છે.)

વાત એમ બની કે એક દિવસ બપોરે હું મારા મિત્રની ઑફિસેથી નીકળી ફાઉન્ટનના બસ સ્ટૅન્ડે ઊભો હતો. મિનિટેક પછી એક યુવાન ચામડાની હૅન્ડ બૅગ લઇને આવ્યો અને મારી પૂછી તરત જ લાઈનમાં ઊભો.

મને એણે પૂછ્યું, 'યે "બી" રૂટ કા સ્ટૅન્ડ હય?' મેં કહ્યું 'હાં.' તેમણે પૂછ્યું, 'આપ કૌન દેશકે હૈ?' મેં કહ્યું, 'ભારત દેશકા હૂં.'

'તુમ સમજ્યા નહિ. હમારા પૂછને કે મતલબ આપ કૌન પ્રાંત કે હૈ વો થા.'

મેં કહ્યું, 'મંય ગુજરાત કા રહનેવાલા હૂં.'

તરત જ તે કૂદી પડયા, 'ઓહ, તો તમે ગુજરાતી છો? ત્યારે બોલતા શું નથી મારા ભાઇ! હું તો તમને કંઈનું કંઈ સમજી બેઠેલો.'

'આફ્રિકાનો સમજેલા?'

'ના, ના; હોય! ખેર, જવા દો એ વાત. તમારે પણ 'બી' રૂટમાં જ જવું છે ને?'

'ત્યારે શું જખમારવા અહીં ઊભો હોઈશ?'

'એમ ગરમ ન થાઓ. ઘણાને ટેવ હોય છે કે સમય કાઢવા લાઇનમાં ઊભા રહે અને નંબર આવે એટલે નીકળી જાય!'

'માફ કરજો, મને એવી ટેવ નથી.'

'એમ કે? તો તો સારું. તે હાં, તમારે તારદેવ જવું હશે.' 'ના.'

'તો તો અહીં મરીનડ્રાઈવ્સ જવું હશે?'

'ના.'

'તો પછી ગોવાળિયા ટૅંક?' 'ના.'

'તો તો વચ્ચે જ કોઈ સ્ટૅન્ડે ઊતરવાના હશો. ક્યાં ઊતરશો?'

મેં કહ્યું, 'ઑપેરા હાઉસ.'

'ઓહ! તો તો આપણે સંગાથ થશે.'

હું ચૂપ રહ્યો. તેથી તે પણ ચૂપ થશે એવી મારી માન્યતા ખોટી પડી:

'તે, તમે ઑપેરા હાઉસ રહો છો?'

'હું? ના!'

'તો તો તમારા સાહેબને કે શેઠને મળવા જતા હશો.' 'સમજ્યો નહિ.'

'કેમ? તમે નોકરી નથી કરતા?'

'ના જી.'

'ઓહ, તો તો તમે કંઈ ધંધો કરતા હશો. શાનું બિઝનેસ છે?'

'છે—નાનકડું.'

'કેમ, કેવુંક ચાલે છે?'

'ઠીક ઠીક. આજકાલ મંદી છે.'

'હા, મારો ધંધો પણ ખાસ ચાલતો નથી. હાં, તો તો તમે ઑપેરા હાઉસ કંઈ ધંધા માટે જ જતા હશો?' 'ના રે.'

'તોતો કોઇ સગાંને કે ઓળખીતાંને મળવા?'

'હા જી.'

'કોણ છે? તમારા કાકા, મામા, માશી, ફોઇ કે બનેવી?' 'એકે નહિ.'

'તો તો કોઈ મિત્ર કે ઓળખીતાને મળવા જાઓ છો એમ કહોને.' 'હેં?-હા!'

'તે એમનો ફ્લૅટ ઑપેરા હાઉસ ઉપર છે, એમ જ ને?' 'ના જી.'

'ઓહ! તો તો એકાદ બે ઓરડીમાં પડયા રહેતા હશે!' 'ના જી.'

'હેં? ઓહ તો તો કોઇના 'પેયિંગ ગેસ્ટ' તરીકે રહેતા હશે.' 'ના જી.'

'તો પછી?'

'બહારગામ રહે છે.'

'ઓહ, તો તો થોડા વખત માટે જ અહીં આવ્યા હશે.' 'હા.'

'તે તમે ખાસ કામ છે માટે મળવા જાઓ છો, કે અમસ્તા?'

'અમસ્તો. આવે એટલે મળવા તો જવું જ પડે ને?'

'હા હા. મળવા તો જવું જ. આજકાલ તો ચપટી ધૂળનો યે ખપ પડે છે. જમાનો જ બદલાઈ ગયો હોં ભાઈ; આજે તો કોઇને ય કોઇને માટે લાગણી નથી રહી. તે હાં; આ તમારા બાળપણના દોસ્ત છે કે તાજી જ ઓળખાણ છે?'

'કૉલેજમાં સાથે ભણતા હતા.'

'એમ? તે અહીં તો તેઓ તેમના કોઈ સગાને ત્યાં જ ઊતર્યા હશે ને?'

'હા.'

'કાકા કે મામાને ઘેર ઊતર્યા હશે.'

'ના જી; તેમના માસા અહીં રહે છે.'

'એમ? તે તેમના માસા શું કરે છે?'

'મને ખબર નથી.'

'તમારા મિત્રના માસા શું કરે છે તેની તમને ખબર નથી? હદ કહેવાય. તમારા મિત્ર ક્યાં રહે છે?' 'વડોદરા.'

'પ્રતાપગંજમાં કે માંડવી?'

'સુરસાગર.'

'બાગ પાસે કે તળાવ પાસે?'

'થીએટરો પાસે.'

'પ્રખ્યાત લસ્સી જલેબીની દુકાનો સામે?'

'બે ત્રણ લૉજ આવે છે તેમની પાછળ.'

'તો તો રોજ રાત્રે હોહા થતી હશે.'

'ખબર નથી.'

'તમે યે ખરા છો. તમારા મિત્રની કોઈ વાતની તમને ખબર જ નથી!'

'એવું બધું પૂછીને શું કામ?'

'જાણતા હોઇએ તો કામ લાગે કોઇ વાર. હાં; તે તમારા મિત્ર પણ ધંધો કરે છે?'

'ના જી.'

'તો નોકરી કરતા હશે.' 'હા જી.'

'સરકારી કે ખાનગી?' 'સરકારી.'

'તો તો મારી ખાવાનું સારું મળતું હશે.'

હું કંઈ જ બોલ્યો નહિ. તેમણે આગળ ચલાવ્યું: 'હશે ભાઇ, તમને ખોટું લાગે છે તો એવું નહિ બોલું. પણ તે મૂળ વડોદરાના જ છે?' 'ના.'

'તો તો કાઠિયાવાડના કે અમદાવાદના, કે પછી ચરોતરના કે સૂરત બાજુના હશે!'

'વલસાડના છે.'

'ઓહો, વલસાડના છે? તો તો વાણિયા હશે.' 'ના.'

'તો તો કાયસ્થ જ હશે!' 'ના.'

'તો પછી અનાવિલ હશો.'

'હા જી.'

'મને બધી જ ખબર પડી જાય.'

આટલા બધા સવાલો પૂછીને તો બધી ખબર પડે જ ને? તેઓએ પાછું આગળ ચલાવ્યું: 'પરણેલા છો કે કુંવારા?'

'પરણેલા.'

'વહુ સારા ઘરની લાવ્યા હશો!'

'યાદ નથી; પણ તેમના લગ્ન વખતે ગયો ત્યારે મકાન તો સીમેન્ટનું જ હતું.'

'તમે સમજ્યા નહિ. સારા મકાનવાળાની છોકરી છે એમ નથી પૂછતો. હું તો સારા ખાનદાનનું પૂછું છું.'

હું ચૂપ રહ્યો, તો તેમણે વળી આગળ ચલાવ્યું: 'છોકરાંછૈયાં છે?'

'એક સંતાન છે.'

'નાનું છે કે મોટું?'

'નાનું.'

'બાબો હશે?'

'બેબી છે.'

'હશે; સુખી હોય તો સારું. આપણે બીજું શું જોઇએ?'

'કંઈ જ નહિ; માત્ર બસ જલદી આવે એટલું જોઇએ.'

તેમણે કહ્યું 'એમ કંઈ બસ જલદી નહિ મળે. ખાસ્સો અરધો કલાક જશે.'

'અરધો કલાક?!' મને થયું કે અરધા કલાકમાં તો આ માણસ મારા અંગે અંગનું પૃથક્કરણ કરી નાખશે. મને થએલો પરસેવો હું લૂછું તે પહેલાં તો સામા પક્ષના વકીલ જેવા ચબરાક, અને અમદાવાદી જેવા ઇંતેજારીથી ભરપૂર તથા, સી.આઈ.ડી. જેવા પૂછપરછિયા આ બિરાદરે આગળ ચલાવ્યું:

'તમે મુંબાઈના જ કે?'

'હા, મુંબાઇમાં જ રહું છું.'

'કઇ નાતના છો?'

મેં પૂછ્યું, 'નાતનું શું કામ છે?'

'અમસ્તા જ.'

'નાગર મૂઓ છું.'

'તો તો કાઠિયાવાડના હશો!' 'ના.'

'તો પેટલાદના કે વડોદરાના?' 'ના.'

'તો તો સૂરતના!'

'ના.'

'હં; તો તો અમદાવાદના જ છો.'

'હા જી.'

'ક્યાં રહો છો અમદાવાદમાં?'

'તમે તો ચાર વાતો કરીકરીને મારું માથું દુખાડ્યું!'

'જાઓ જાઓ; સાચ્ચે જ તમારું માથું દુખ્યું?' મેં માથું દુખવાની વાત કરી એથી જાણે તેને ખૂબ આનંદ થયો. હું ચૂપ રહ્યો. તેણે કહ્યું, 'તમે અમદાવાદમાં ક્યાં રહો છો?'

મેં નછૂટકે કહ્યું: 'એલિસ બ્રિજ.'

'તો તમે પુષ્પાબહેનને ઓળખતા હશો!'

'પુષ્પા બહેન? પુષ્પા બહેન, કોણ?'

'કેમ? નવરંગપુરાવાળા શાંતિલાલના જમાઇ રમણલાલના બનેવી જયંતીલાલનાં માશી. ઘણાં સારાં બહેન છે. હજી હું ભૂલેશ્વરથી પૌંઆ લઇને દર વર્ષે મોકલું છું.'

'હશે, હું નથી ઓળખતો.'

'તો પછી જમનાબહેનને તો ઓળખોને?'

'જમનાબહેન કોણ?'

'કેમ વળી? મણિનગરમાં શારદાબહેનના બંગલા સામે ચંદ્રિકાબહેનના બંગલામાં દિલીપભાઈ ભાડે રહે છે ને, તેમની છોકરીને ટ્યૂશન આપવા જે બંસીલાલ માસ્તર આવે છે, તેમની સાળીની નણંદ.'

આ બિરાદરની જીભ અને તેમના ભેજાને નૉબેલ પ્રાઇઝ આપવાનો વિચાર મને થઇ આવ્યો, પણ ખામોશી રાખી કહ્યું, 'જુઓ બે વાત કહી દઉં: એક તો હું સ્ત્રીઓને ઓછી ઓળખું છું. અને બીજી વાત એ કે મણિનગર એલીસબ્રિજથી માઈલો દૂર છે.'

'તો પછી જીવણલાલને તો ઓળખતા જ હશો. હવે તમે એમ ન પૂછતા કે જીવણલાલ કોણ? આપણે રાયપુર'ચકલેથી જળોવાળીના નાકે થઇને ખાડિયા જતાં સેવકાની વાડીના નાકે બિપિનભાઇ રહે છે ને, તે જે ઑફિસમાં કામ કરે છે તેના શેઠ સુરેશભાઇની બીજી પેઢી છે, તેમાં મૅનેજર નવનીતલાલના નાના ભાઈ પોપટલાલનાં વહુ માંદાં પડે છે ત્યારે જેની દુકાનેથી પેનિસિલિન લાવે છે તે મંગાભાઇના છોકરા મનુના કાકા સસરા.'

આ ભાઈને ચાલતી લાયબ્રેરી કહેવી કે શું કહેવું તેના વિચારમાં હું પડી ગયો. તેમણે મને ગભરાએલો જોઇને આગળ ચલાવ્યું: 'તો તો તમે અમદાવાદમાં કોઇને જ ખાસ ઓળખતા નથી. એમ કેમ?'

'ભાઈ, હું સૂરત ભણેલો છું એટલે સૂરત વધારે રહ્યો છું.' મેં છુટકારો મેળવવા કહ્યું.

'ઓહો, સૂરતમાં ભણતા હતા, એમ કે? જૈન હાઇસ્કૂલમાં ભણતા હશો.'

'ના, સાર્વજનિકમાં.'

'નાનપુરાની કે હરિપુરાની?'

આ ભાઇએ, ગાંધીજીની પેઠે કહ્યા કરતાં કોલમ્બસની પેઠે કહીએ તો ગુજરાતના ગામે ગામની પત્તર ફાડી નાખી હતી એમ મને લાગ્યું. મેં કહ્યું, 'નાનપુરાની'.

'મૅટ્રિકમાં કયા વિષયો હતા?'

મેં કહ્યું, 'મૅટ્રિક લગી તો કોઈ જ વિષયો નહોતા; કૉલેજમાં ગયા પછી બધા વિષયો શીખ્યો: ચા પીતાં, ફિલ્મ જોતાં...'

'ઓ ભાઈ, હું વિષય એટલે દુર્ગુણ નથી પૂછતો; હું તો ભણવાની વાત કરું છું.'

કોઈ હિસાબે આ મને છોડે એમ નહોતા, એટલે મેં કહ્યું, 'ગુજરાતી, સંસ્કૃત અને...'

'ગુજરાતી ભાષા હતી કેમ? તો તો નૃસિંહગિરિ મહેતાની પાસે શીખ્યા હશો?'

'હા જી.'

'ઘણા સારા લેખકો તેમની પાસે ભણેલા છે. મૅટ્રિકમાં કશામાં ડિસ્ટિંક્શન આવેલું?'

'હા. ગણિત, ભાષા, વિજ્ઞાન અને ઇતિહાસ-ભૂગોળમાં.'

'વાહ સરસ. તમારી ભૂગોળ કોણ છગનભાઇ લેતા હતા કે?' 'હા.'

'વાહ, વાહ, તો તો તમે ઘણા નસીબદાર.'

મેં કહ્યું, 'ઓ ભાઈ, તમે વાતો બંધ કરો તો?' 'કેમ?'

'તમારી વાતોથી મારું માથું સખત દુખવા આવ્યું છે. મારે ઘેર જઇને તરત બામ લગાડવો પડશે.'

'ઘેર જઇને શું કામ? જો સાચેસાચ માથું દુખતું...'

'તે શું હું મશ્કરી કરું છું? ખરેખર તમારા કકળાટથી મારું માથું ફાટફાટ થાય છે.'

'તો પછી, ઘેર જઇને લગાડવાની જરૂર નથી; અત્યારે જ લગાડો.'

'અત્યારે લાઈનમાંથી બહાર કોણ નીકળે?'

'બહાર નીકળવાની જરૂર નથી. આઠ આના કાઢો અને લ્યો આ બામની શીશી!'

તેણે તરત જ હાથમાંની બૅગ ઉઘાડી બામની શીશી કાઢી. મેં આઠ આના આપી બામની શીશી લઈ લગાડવા માંડ્યું, ત્યાં તો તે ભાઈ લાઈનમાંથી સરકવા માંડ્યા. મેં પૂછ્યું, 'કેમ? તમે તો ઑપેરા હાઉસ આવવાના હતા ને?'

'નારે સાહેબ; હું તો બામનો સેલ્સમૅન છું. આજે મંદીમાં એમ ને એમ કોઈ બામ લેતું નથી, એટલે આવી રીતે બસ સ્ટૅન્ડ ઉપર ઊભો રહી લોકોને વાતો કરી, તેમનાં માથાં દુખાડી બામ વેચું છું...'

મેં આ પહેલો જ સેલ્સમૅન જોયો જે દુઃખનો ઇલાજ વેચતો હતો, પણ તેનું વેચાણ કરતાં પહેલાં દુખાવો ઊભો કરીને પછી વેચાણ કરતો હતો!

હા જી; મેં તેની પાસેથી ખુશ થઇને બીજી ત્રણ શીશી લઈ લીધી હતી. હજુ ચાલે છે.

> દાન માટે ખુલ્લો રહેતો એક હાથ પ્રાર્થનામાં જોડાએલા રહેતા બે હાથ કરતાં વધુ પ્રશંસનીય છે.

કરોડરજ્જુ (અનુસંધાન પૃષ્ઠ ૨૪૮થી ચાલુ) શરીરમાં વિસ્તરેલા જ્ઞાનતંતુઓ કરોડરજ્જુના (Spinal Nerves) છે એ જ્ઞાનતંતુઓનાં એકત્રીસ જોડકાં છે. દરેક જોડકું પોતાની તરફના શરીરની સરખી સેવા ઉઠાવે છે. આમાંના થોડાક જ્ઞાનતંતુઓ આ પ્રમાણે છે:

ફ્રેનિક નાડી (Phrenic Nerve): આ નાડી ગરદન ને છાતીમાં થઈ છેક ઉદરપટલ સુધી જાય છે. એ ઉદરપટલની ક્રિયા-નાડી (Motor Nerve) હોઈ શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જ્યારે આ નાડીમાંથી અનિયમિત આજ્ઞાપ્રવાહ વહે છે ત્યારે ઉદરપટલ સંકોચાવાથી હેડકીની વ્યથા ઊપડે છે. ફેફસાંના ક્ષયની સારવારમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં ફેફસાંનું હલનચલન બંધ રાખી તેને આરામ આપવા માટે આ ફ્રેનિક નાડી કાપી નાખવામાં આવે છે.

કોણી ઉપર વાગવાથી હાથ જૂઠો પડી ગયાની જે ઝણઝણી ચડે છે કે ટાંકણીઓ ભોંકાવાની જે વિચિત્ર વેદના અનુભવાય છે એ વેદના થવાનું કારણ આ સ્થળે આવેલી અલ્નર નાડી (Ulner Nerve)ને થએલી ઇજા છે. આખા હાથમાં એવી ત્રણ નાડીઓ પથરાએલી છે: (૧) મીડિયન (૨) અલ્નર અને (૩) રેડિયલ. આ ત્રણેના સંવેદનતંતુઓ પહોંચાની ચામડી સુધી ફેલાએલા છે.

જાંઘની પાછલી બાજુએ આવેલી સાયેટિક નાડી (Sciatic Nerve: ગૃધ્રસી) શરીરમાં લાંબામાં લાંબી છે. એ તથા એની શાખાઓ જાંઘ, પગ, તથા ચાબખા ઉપર ફેલાએલી છે.

કરોડરજ્જુ એટલે જ્ઞાનકોષોનાકેન્દ્રોનો એક થાંભલા જેવો જ થશે. એના વિસ્તારમાં અનેક જુદાજુદા જ્ઞાન-કેન્દ્રો છે. એમાંથી નીકળતા તંતુઓ શરીરના જેજે ભાગોમાં જાય છે ત્યાંત્યાં માંસપેશીઓ ને અવયવોનું સંકોચન થાય છે. વળી મૂત્રાશય કે ગર્ભાશય જેવા એકાકી અવયવોની માંસપેશીઓ પણ કરોડરજ્જુના અમુક અમુક ભાગના નિયંત્રણ નીચે છે. એટલે નીચે દર્શાવેલી ક્રિયાઓનાં કેન્દ્રો એમાં સમાએલાં છે: (૧) પેશાબ (૨) મળત્યાગ (૩) વીર્યસ્રાવ (૪) શિશ્નનું ઉત્થાન (૫) પ્રસૂતિ (૬) માંસપેશીઓની સુદૃઢતા (Tone).

માંસપેશીઓની સુદૃઢતા એટલે માંસપેશીઓનું થોડા અંશે સંકોચન. દરેક અંગસ્થિતિ વખતે કેટલીક માંસપેશીઓ ગુરુત્વાકર્ષણનો સામનો કરતી સંકોચાતી રહે છે. આમ થતું હોવાથી શરીરની બધી અંગસ્થિતિઓ જળવાય છે. માણસ કલાકોના કલાકો સુધી ઊભો કે બેઠો રહી શકે છે, એમાં ગુરુત્વાકર્ષણનો સામનો કરતી માંસપેશીઓ શું થાકતી નહિ હોય? ના; એની સુદૃઢતા નાશ નથી પામતી. પ્રયોગો દ્વારા નક્કી થયું છે કે માંસપેશીના બહિર્વાહી તંતુઓ જો કાપવામાં આવે તો એની સુદૃઢતા નાશ પામે છે. માંસપેશી ખેંચાવાથી અંતર્વાહી સંદેશો કરોડરજ્જુમાં જાય છે ને એ જ માંસપેશીમાં તંતુપ્રવાહ વળી પાછો વળે છે. જ્યાં સુધી માંસપેશીનો ખેંચ Stretch રિફ્લેક્સ ચાલુ રહે ત્યાંસુધી માંસપેશીનું સંકોચન કાયમ રહે છે. આ રીતે માંસપેશીની સુદૃઢતા અને અંગસ્થિતિ જળવાય છે.

પ્રાણીનું મગજ કાઢી નાખવામાં આવે તોપણ એની માંસપેશીઓની સુદૃઢતા કાયમ રહે છે. પણ જો કરોડરજ્જુનો જ નાશ કરવામાં આવે તો બધી માંસપેશીઓ નરમ, ઢીલી અને સુદૃઢતા વિનાની (Atonic) બની જાય છે.

માંસપેશીઓના પોષણનો આધાર પણ કરોડરજ્જુ ઉપર છે. આગલા મૂળના કોષો (Anterior Horn Cells) રોગી બનતાં માંસપેશીઓ સુકાય છે. કરોડરજ્જુની આ રોગાવસ્થામાં આગલું મૂળ સંડોવાયું હોય તો હાડકાં અને પાછલું મૂળ સંડોવાયું હોય તો સાંધાઓ પર ભારે માઠી અસર થાય છે. વળી ચામડીનું સ્વાસ્થ્ય પણ કરોડરજ્જુ ને જ્ઞાનતંતુઓના અખંડિતપણા ઉપર જ અવલંબે છે.

આપણે જોઈ ગયા કે કરોડરજ્જુમાં રિફ્લેક્સ ક્રિયા માટે સંખ્યાબંધ કેન્દ્રો છે. માથા સિવાયના આખા શરીરની ચામડી, અવયવો અને માંસપેશીમાંથી આવતી સંવેદનાઓ કરોડના ભૂખરા દ્રવ્યમાં સ્વીકારાય છે અને આના જવાબમાં આજ્ઞા કે ક્રિયાનો સંદેશો જે માંસપેશીઓને લાગુ પડતો હોય એના બહિર્વાહી તંતુ ભણી પાછો વાળવામાં આવે છે. કરોડનું બીજું કામ એના બીજા વિસ્તારોમાં તથા મગજભણી કે મગજમાંથી સંદેશાઓ વહન કરવાનું છે. કરોડ વિશ્વાસુ નોકરની જેમ કેટલાંક કાર્યો આપમેળે ઉપાડે છે અને ઉપરાંત મગજ રૂપી શેઠના સંદેશાઓનું વહન પણ કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે શરીરનો નાનામાં નાનો ભાગ, વાળ જેવું ઓછું ઉપયોગી અંગ પણ જ્ઞાનતંત્ર સાથે બેવડીરીતે જોડાએલું છે. વળી જ્ઞાનતંતુ દ્વારા શરીરનો દરેક ભાગ બીજા ભાગો સાથે જોડાએલો રહે છે. આવી રીતે શરીરની પેશીએ પેશીએ સંસર્ગમાં આવતું બીજું દ્રવ્ય સદોદિત ફરતું લોહી છે. આમ હોવાથી બહુ પ્રકારના અને સંખ્યાના ભાગો એકસૂત્રે જોડાઈ એક અને અખંડ શરીર બને છે. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



અષાડ ૧૯૮૪
અંક ૫૫માંથી


આ જે તો એ ખાસ લખતા નથી; પણ પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી સુરેશ દીક્ષિતે 'સૈનિક'ની સહીથી થોડા પ્રેરક લેખો, સુંદર સ્થળવર્ણનો ને પાછળથી 'ગુજરાત: સંસ્કાર અને સંસ્કૃતિ' નામની મનનીય લેખમાળા લખેલી. એમના 'ગુજરાતનું શરીર' નામક લેખનો પ્રસ્તુત ભાગ સામે આપ્યો છે.

એકમાં નૃત્ય કરતી કન્યા અને બીજીમાં વેણુ વાતો યુવાન યોગીને શ્રી રવિશંકર રાવળે રચેલી જાળીઓ માટેનાં હિંદી ઢબનાં બે ડિઝાઈન જે એ વખતે આર્ટ પ્લેટ પર છાપેલાં તે આજે પણ નયનરંજક એટલાં જ ઉપયોગી હોઈ નાના રૂપમાં આ કૉલમ નીચે મૂક્યાં છે.

ફોટોગ્રાફીની વિદ્યામાં પ્રવેશ કરાવતી એક સચિત્ર લેખમાળા એ વખતે ચાલતી. આ અંકમાં ફોટોગ્રાફીના વિજ્ઞાનનો મૂળ સિદ્ધાંત સમાએલો હોઈ તેનો શરૂનો પેરેગ્રાફ (આકૃતિ સાથે) અહીં ઉતારીએ છીએ.

"આપણે જાણીએ છીએ કે ફોટોગ્રાફિક ચિત્રો પ્રકાશનાં કિરણોથી જ પડે છે, ને તમે એકાદ ઓરડાને બંધ કરી બારણામાંથી એક જ છિદ્ર મારફત કિરણો કોઈ કાગળ પર લેશો તો બહારનું ચિત્ર તે પર જોઈ શકાશે. આમ કૅમેરા એ બીજું કાંઇ નહિ, પણ અંધારી ઓરડી જ છે. તમે એક નાની પેટી બનાવી, એક બાજુ ટાંકણીથી છિદ્ર પાડી, સામી બાજુ ઢાંકણાને ઠેકાણે સફેદ તેલિયો કાગળ રાખી, કપડાથી પાછલો ભાગ ઢાંકી જોશો તો સામેનું ચિત્ર કાગળ પર ઊંધું પડેલું દેખાશે.

હવે આ કેમ બન્યું તેનો વિચાર કરીએ. આ સામેના ચિત્રમાં બહારના આકારનાં 'અ' બાજુનાં કિરણો સીધાં છિદ્રમાંથી અંદર જઈ પડદાને અડે છે. અને 'બ' તરફનાં કિરણો પણ સીધાં જ જાય છે. એ બંને તરફનાં કિરણોને એક જ છિદ્રમાંથી સીધાં જવાનું હોવાથી આકાર ઊલટો પડે છે. પડદો છિદ્રથી આઘોપાછો ખસેડવાથી આકૃતિ નાની-મોટી દેખાય છે તેનું કારણ, કિરણ છિદ્રોથી દૂર જતાં પહોળાં થાય છે તે છે. છિદ્રને મોટું કરશો તો આકૃતિ બંધાશે નહિ.



કૅમેરાની રચનામાં પણ આ જ પ્રકારે ચિત્ર પકડવાની ગોઠવણ રાખવામાં આવે છે. પડદાની જગ્યાએ પ્રકાશની છાપ લેનારાં રસાયણો ચોપડેલી કાચની પ્લેટ મૂકવામાં આવે છે અને છિદ્ર આગળ, ઝડપથી ઉઘાડવાસ થાય એવી ચાંપ હોય છે; જેથી પ્લેટ ગોઠવી પ્રકાશ આપતાં જ તે પર ચિત્ર ઝડપાય છે."



ગુજરાતનું શરીર

ગુજરાતનું શરીર નબળું છે. એ નબળાઇ ગુજરાતના હવાપાણીની અસરને લીધે છે એમ મનાતું આવ્યું છે. ગુજરાતમાં દક્ષિણના ડુંગરાઓની હારમાળા નથી; કચ્છના રણની રેતી નથી; ઊછળતી નદી કે મહાસાગરનાં મોજાં નથી. એને લીધે પ્રજામાં મહારાષ્ટ્રની સાહસિકતા નથી, કચ્છની કઠોર સહનશીલતા નથી કે જોખમમાં ઝંપલાવવાની વહાણવટીની તાકાત નથી. સ્વતંત્રતાની ઉપાસના સામર્થ્યથી જ થઈ શકે. સ્વતંત્રતાનો વાસ પહાડ કે પાણીમાં છે તેટલો બીજે નથી. ઇંગ્લંડ, સ્વિટ્ઝર્લૅન્ડ, અરબસ્તાન આંખ આગળ તરે છે. જેટલે અંશે જીવનું જોખમ તેટલે અંશે તેની સામે થવાની શક્તિ.

ગુજરાતનું શરીર સુકાતું જાય છે; એની યુવાનીને એબ સંતાડવા શણગાર સજવા પડે છે. એનું હૃદય પોચું છે. ઈતિહાસમાં હિંદના બીજા ભાગોએ ઘા સહ્યા છે; ગુજરાતે તો ફક્ત ઊઝરડા જ ખમ્યા છે. મુસલમાનની તલવારને મ્યાનં થયે બસો વર્ષ પૂરાં થયાં છતાં હજુ ગુજરાતમાં મુસલમાનનો ડર છે. ચરોતરની સુંદર વાડીઓ આજે પરદેશી પઠાણો સાચવે છે. ઘરની શાંતિ બીજાની દયા ઉપર જીવે છે.

ગુજરાતની આંખમાં તેજ નથી; તેથી જ તે બીજાના તેજમાં અંજાય છે. ગુજરાતની ચાલમાં છટા નથી; એટલે જ બીજાના કદમથી તે ધ્રૂજે છે. ગણ્યાગાંઠ્યા હૃષ્ટપુષ્ટ યુવાનો એ ગુજરાતના અલંકારો ખરા; પણ ગુજરાતનું શરીર નહિ. રાખમાં રહી ગએલા કોઇ સળગતા અંગારા માત્ર. આપણું શરીર અફઘાન પ્રજા જેવું હોય; દમામ રશિયન કૉઝૅકનો હોય અને તાલીમ અંગ્રેજી હોય. આપણો ખોરાક ગમે તેવો હલકો હોય, આપણા વિલાસનું સ્થાન ભલે કાસ્મીરની ખીણ કે કૈલાસની ટોચ હોય, પણ આપણે જિંદગી મૂઠીમાં લઈને ચાલીએ. આપણી રમતગમત અને મોજ પળેપળ મૃત્યુની પાંખ નીચે રહે. તો જ આ હાડપિંજર જેવાં શરીર પરમેશ્વરને વસવા લાયક મંદિર બનવાનાં છે.

જેટલો ભોગ અકસ્માતથી લાચારીએ 'દેવે કર્યું' કહી આપીએ છીએ તેટલો ભોગ ખુશીથી મર્દાનગી માટે આપીએ. ગુજરાતના સાહિત્યમાં શૃંગાર છે તેટલાં જ વિરાગ અને વિચાર જોઇએ છે. ગુજરાતના ઘરસંસારમાં જેટલો ક્લેશ છે તેટલું જ પ્રચંડ હાસ્ય જોઇએ છે. સાપ જૂની કાંચળી ઉતારી નવો અવતાર પામે છે તેમ ગુજરાતે બેચાર સામટી જ કાંચળી ઉતારી પોતાની કાયાપલટ કરી નાખવાની છે. ગુજરાતીઓના આખા જીવને પલટો લેવાનો છે. રોમ તો સિંહની જોડે કુસ્તી કરતું હતું છતાં પછડાયું, કેમકે કુસ્તી જોનાર જેટલા ત્યાં કુસ્તી કરનાર ન હતા. અખાડાઓ ભલે ગમે તેટલા હોય, પણ તે દેશને નિભાવી ન શકે. આજે તો દેશનું એકેએક મેદાન વ્યાયામશાળા હોય; રહેવા કરતાં રમવાની જગ્યા વધારે હોય; જંગલેજંગલ મોરના ટહુકાર જોડે મનુષ્યનો પગરવ સંભળાય; પાણીનાં મોજાંના સ્વચ્છંદ સંગીતમાં મનુષ્યના આલાપ ભળે; મદમસ્ત માનવીઓને પડઘા આપતાં પણ પહાડો થાકે; તો દેશ જરૂર અમર થાય.

'સૈનિક' (સુરેશ દીક્ષિત)

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ વિષે ઉપયોગી માહિતી આપતો વિભાગ



આ વર્ષે ભારત બે નવી ટિકિટો કાઢનાર છે. આવતા ઑક્ટોબરમાં હિંદના તારખાતાની શતાબ્દી આવે છે તે નિમિત્તે તે બે આના ને બાર આનાની ટિકિટો કાઢવાનું જ હતું, તેમાં હવે એવરેસ્ટ-આરોહણના વિજયથી નવો પ્રસંગ ઉમેરાયો છે અને તેની ટિકિટો તો ટૂંક સમયમાં નીકળનાર છે. તેના પર વિજેતાઓની તસવીરો, એવરેસ્ટનું શિખર વગેરે આવશે, અને તારખાતાની શતાબ્દી-ટિકિટ પર જૂના તથા નવા તારના થાંસલા વગેરે આવનાર હોવાનું જણાયું છે. એ પ્રસંગે બાર આનાની ટિકિટ તો એટલા માટે કઢાનાર છે કે ૧૮૫૩માં તાર શરૂ થયા ત્યારે તેનો ઓછામાં ઓછો દર બાર આના હતો.

રાણી ઈલીઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે ઇંગ્લંડે ચાર નવી ટિકિટો કાઢી છે તે નીચે છેલ્લે આપી છે. તેમાં નીચલી ડાબી તરફની ૧ શિ. ૩ પે.ની ટિકિટનું આલેખન આ અંકમાં જેનો પરિચય આપ્યો છે તે એડમંડ ડ્યુલાકે કરેલું છે. બધી ટિકિટોમાં રાજ્યારોહણનાં મુખ્ય સાધનો—બે તાજ (સેંટ એડવર્ડનો તથા શાહી તાજ) રાજદંડ, ઓર્બ, ઍમ્પ્યુલા વગેરે—તથા ઇંગ્લંડ, વેલ્સ, સ્કૉટલાંડ ને આયર્લાંડનાં રાષ્ટ્રીય પુષ્પો–ગુલાબ, લીક, થિસલ અને શૅમરૉક–ની ગૂંથણી છે (જુઓ ૪ પેન્સની ટિકિટ).



આવતા ઑક્ટોબરમાં રાષ્ટ્રસંઘ પણ એક નવી ટિકિટ કાઢનાર છે. એ માસની ૨૪મીએ ઊજવાનાર રાષ્ટ્રસંઘ-દિન નિમિત્તે 'ટેકનિકલ સહાય' વિષેની એ ટિકિટનું આલેખન આ સામે આપ્યું છે.



અમેરિકા પણ નવી ટિકિટ કાઢનાર છે. ઈ. ૧૯૦૩ની ૧૭મી ડિસેમ્બરે ઑરવિલ અને વિલ્બર રાઈટ નામે બે ભાઇઓએ પહેલવહેલું યાંત્રિક હવાઈ વિમાન 'કિટ્ટીહૉક' સફળરીતે ઉડાડ્યું તેની ૫૦મી જયંતી નિમિત્તે નીકળનારી ટિકિટનું આલેખન મથાળે આપ્યું છે.

આયર્લાંડે થોડા સમય પર કાઢેલી ટિકિટ ડિઝાઇનમાં સાદી પણ જોરદાર છે. (મથાળે) તંતુવાદ્યની છાપ સાથે ઉઠાવદાર અક્ષરોથી તેમાં લાક્ષણિકતા ને આકર્ષણ બંને સધાય છે.









પરદેશનાં પત્રમિત્રો

નરેશ પી. શાહ [Electrical Engn. Dept., University of Louisville, Louisville -8, Keutucky (U. S. A.)થી] લખી જણાવે છે કે એ ગામમાં દસથી તેર વર્ષનાં બાળકોની એક 'રૉયલ એમ્બૅસૅડર' નામે ક્લબ ચાલે છે. તેના સભ્યોમાંના પત્રમૈત્રી ઇચ્છતાં કેટલાંક બાળકોનાં નામ-સરનામાં આ નીચે આપ્યાં છે. તે ભાઈ લખે છે કે અંગ્રેજીમાં પત્રવહેવાર નહિ કરી શકતા કોઇ પત્રમિત્ર અગર જો ગુજરાતીમાં પણ પત્રવહેવાર કરશે તો તે પત્રનું ભાષાંતર બાખુશી તે બાળકોને પોતે કરી આપશે. નીચે આપેલાં એ બાળકોના દરેક સરનામાને છેડે Louisville, Ky. (U.S.A.) એટલું ઉમેરી લેવું.

(1) Otis H. Whitlock III, 1160 Berkeley Square; (2) John W. Sloan, 844 Rose Drive; (3) Aubrey Birkelbach, 4502 Dearing Drive; (4) Charles Fitch, 911 Lotus Drive; (5) Gerald Senn, 921 Lotus Drive; (6) Ronnie Slosn, 844 Rose Drive; (7) Richard Roederer, 1133 Berkeley Square; (8) Michael Cassidy, 1131 Berkeley Square; (9) Morrison Borders, 1222 Farmdale Road; (10) Jerry M. Mumford, 888 Lotus Drive.

હિંદી પત્રમિત્રો અ.પૃ ૨૩૬થી

(38) Vinodrai Jethalal Mehta, Phathak Fali, Andabapa's Chakala, Jamnagar (Saur.)—19, Stamps, Literature, Cinemas; (39) Dalsukh N. Ramani, Near Bari, Jodia (Saur.)–19, Stamps, Sports, Photography. (ચાલુ)



મધુકરી

ક્ષણે ક્ષણે વિસ્તરતી અનંગ
વિભાવરી નાગણ શ્યામ રંગ
પડી વિંટાઈ અવકાશ-વૃક્ષ;
મદારીનું રૂપ અમાપ રુક્ષ
આવ્યો ધરી સૂર્ય 'ગ્રહું' કહે તહીં
અદૃશ્યમાં ગેબ બની ગઈ કહીં !

(પ્રતીક) —પ્રિયકાન્ત મણિયાર

સ્વરદેવતા સુંદરાબાઇ

જેમના કંઠનું માધુર્ય સંગીતપ્રેમીઓ માટે અવિસ્મરણીય બની રહ્યું છે એ સ્વરદેવતા શ્રીમતી સુંદરાબાઈ જાધવનું તા. ૩જી જૂનના રોજ મુંબઈ મુકામે ૬૧ વર્ષની ઉંમરે અવસાન થયું છે. 'હિઝ માસ્ટર્સ વૉઇસ' કંપનીએ એમની પ્રથમ રેકૉર્ડ 'બાલબંધ જોડ' ઉતારી ત્યાર પછી તો એ મધુર કંઠની હિંદભરમાં માંગ થવા માંડી. અને એ કંપની સુંદરાબાઇની અનેક રેકૉર્ડો ઉતારી એ માંગ સંતોષતી રહી. પરંતુ એમની આ વ્યાપક પ્રસિદ્ધિ પહેલાં પણ મહારાષ્ટ્રમાં તો એ ઘેરઘેર જાણીતાં હતાં. લાવણીગીતોને મહારાષ્ટ્રમાં લોકપ્રિય બનાવનાર સ્વ. સુંદરાબાઈ જ હતાં. કંઠની મધુરતા સાથે એમની ભાવાભિવ્યક્તિ બેનમૂન હતી. એમની લાવણીઓ સાંભળીને જેની આંખમાં પાણી ન આવ્યાં હોય એવો મહારાષ્ટ્રીય ભાગ્યે જ શોધ્યો જડશે.

ઈ. ૧૮૯૨માં પૂનામાં સુંદરાબાઇનો જન્મ. નવ વર્ષની વયથી જ એમણે સંગીત શીખવું શરૂ કરેલું. પ્રથમ ઇંદોરના ઠાકુરદાસ બુવા અને પછી ખાંસાહેબ ગુલામરસૂલ તથા તેમના ભાઇ ખાંસાહેબ ગુલામઅહમદ પાસે એમણે સંગીતની તાલીમ લીધી. જન્મથી જ મધુર કંઠમાં તેમણે તાલીમ વડે વધુ મધુરતા વિકસાવી અને સંગીતપ્રેમીઓનાં આદરપાત્ર બન્યાં. એ વખતે સંગીતમાં શૃંગાર સિવાય બીજા રસનું ખાસ મહત્ત્વ નહોતું. સુંદરાબાઇએ તેમના લાવણીગાન દ્વારા સંગીતમાં વીર અને કરુણ રસને પ્રધાનસ્થાને મૂક્યાં. અનેક જૂની લાવણીઓ એમણે અત્યંત કષ્ટ વેઠીને એકઠી કરી અને પોતાના મધુર કંઠસ્વરે તે ગાવા માંડી. મહારાષ્ટ્રમાં એમની ગાયકી એટલી તો લોકપ્રિય થઈ પડી કે પ્રસિદ્ધ મરાઠી નાટક 'એક ચ પ્યાલા'માં કેટલાંક ગીતો તેમની પાસે જ ગવડાવવામાં આવ્યાં. બાલગાંધર્વના આગ્રહથી એમણે કલકત્તાનાં ગોહરજાનની પદ્ધતિએ કેટલાંક ગીતો એ નાટકમાં ગાએલાં. એ નાટકની સફળતા જેટલી એના લેખક શ્રી ગડકરીની કલમને આભારી હતી એટલી જ સુંદરાબાઈના કંઠને આભારી હતી એમ કહેવું ભાગ્યે જ અત્યુક્તિરૂપ ગણાય.



સ્વ. સુંદરાબાઈ ('લોકનાદ'ના સૌજન્યથી)

ગોહરબાઇ મહારાષ્ટ્રમાં આવેલાં ત્યારે તેમને નજરે જોઇને તથા સાંભળીને સુંદરાબાઇએ એમની ગાનપદ્ધતિનો સારી પેઠે અભ્યાસ કર્યો ને ભાવના તથા તન્મયતાપૂર્વક તેમણે પોતાનું અનોખું સ્થાન જમાવવા માંડ્યું. હૈદરાબાદ એમને અનેક વાર જવાનું થતું, એટલે ત્યાં સંગીતનો કાર્યક્રમ આપવાની



માસમાસનાં પંખી-૯૦
રાજાલાલ

વૃક્ષોની ઘટામાં ભભકદાર કસુંબી ને કાળા રંગના, ચકલીથી સહેજ મોટા, નાચતાકૂદતા કોઈ પંખીની આનંદભરી મૃદુ મીઠી સિસોટી સાંભળી છે ? એ રાજાલાલ. નામ જેવું જ એ લહેરી પંખી પાંચથી દસના ટોળામાં જ રહેતું હોવા છતાં ક્યારે યે લડતુંકકળતું નહિ સંભળાય. કૂદીકૂદીને ઝાડનાં પાંદડાં ઉથલાવી તેમાંનાં જીવડાં વીણી ખાતાં એ આનંદથી રહે છે. અને સંપીલાં ય એવાં કે એકાદું જો ઊડીને કોઈ બીજે ઝાડે જાય તો એકએક કરીને બાકીનાં પણ તેની પાછળ જવાનાં.

સાતેક ઇંચના આ પંખીના નરને માથું, ગળું ને અરધી પીઠ સુધીનો ભાગ ચળકતો કાળો. બાકીનો દેહ લાલકસુંબી. કાળી પાંખમાં યે લાલ પટ્ટો. પૂછડી પણ વચ્ચે કાળા પટ્ટા સાથે લાલ. માદા પીઠે ને માથે ઝાંખીલીલી ઝાંયવાળી ભૂરી, ને પેટાળ વગેરે હેઠલે ભાગે પીળી. પૂંછડી યે પીળી અને કાળી. નરમાદા બંનેની પૂંછડી લાંબી ને પંખા પેઠે ચડઊતર પીછાંવાળી. નાની ઉંમરમાં તો નર પણ માદા જેવો જ લાગે. ચાંચ અને પગ કાળા.

હિમાલયની ૬૦૦૦ ફૂટની ઊંચાઇએથી માંડી કન્યાકુમારી સુધી ભારતભરમાં ઘટાદાર વૃક્ષરાજિવાળા પ્રદેશોમાં લગભગ બધે તે જોવા મળે છે. રંગવૈવિધ્યે અને ખાસ તો પૂંછડીનાં પીછાં તથા પ્રાથમિક પીછાંના જુદાપણાને લઇ તેની છએક જાતો પાડેલી છે.

સંપૂર્ણ વૃક્ષચારી આ પંખી સ્વભાવે તદ્દન શાંત અને નિરુપદ્રવી છે. હાલ તેનો પ્રજનનકાળ ચાલે છે. આ કાળમાં નરમાદા સાથે મળી, ૧૦થી૪૦ ફૂટ જેટલી ઊંચાઇએ વૃક્ષોમાં કૂમળાં મૂળિયાં, વેલાના રેસા, સૂકી છાલ ઈત્યાદિને કરોળિયાનાં જાળાં તથા લીલથી ગૂંથી પ્યાલા ઘાટનો સુંદર માળો બનાવે છે ને તેમાં ઘેરા તપખીરી ને લવંડર ટપકાંવાળાં ઝાંખીલીલી ઝાંયનાં બેથી ચાર ઇંડાં મૂકે છે.

સાથેસાથ એમણે ઉર્દૂ ભાષાનો પણ અભ્યાસ શરૂ કર્યો અને ગઝલ-કવાલી વગેરે ઠેકાપૂર્વક ગાવામાં પણ પ્રવીણતા મેળવી. એમનું ગાન શ્રોતાઓને મંત્રમુગ્ધ બનાવી દેતું તેનું કારણ એ કે શબ્દ, અર્થ અને લય ત્રણે એમાં સપ્રમાણ રહેતા. ગાવા માટે ગોઠવી દીધેલા ગમે તેવા શબ્દોથી જ ગાયન બની જતું હોવાનું એ કદિ ન માનતાં. આવી સમજદારીપૂર્વકના એમના શ્રોતાગણ પરના પ્રભાવથી પ્રેરાઈને જ મુંબાઈ રેડીઓએ એમને 'સ્ટાફ આર્ટિસ્ટ' તરીકે રાખેલાં. રેડિયો પર ગાવા જનારાં સ્ત્રી ગાયક તે પ્રથમ હતાં. સંગીતમાં સ્વરસૌન્દર્ય સાથે ભાવસૌન્દર્ય પણ આત્મસાત કરનારાં, ગાતી વખતે બાહ્ય જગત વીસરી જઈ સંગીત સાથે જ તન્મયતાપૂર્વક સ્વરાનંદ આપનારાં એ વિરલ સ્વરદેવતાની ખોટ મહારાષ્ટ્રથી પૂરી શકાય તેમ નથી.

એમના મૃત્યુના થોડા દિવસ પૂર્વે એક પૂર્વપરિચિત વ્યક્તિ સાથે એમનો ભેટો થઈ જતાં તેણે સુંદરાબાઈના પ્રસિદ્ધ દાદરા 'સુંદર સારી મોરી'ની વાત ઉપાડેલી. તેના કહેવા પ્રમાણે અખતરીબાઇ એ દાદરો ગાતાં હતાં, પરંતુ સુંદરાબાઈના જેવી મધુરતા તેમાં નહોતી. આ સાંભળી સુંદરાબાઇએ જવાબ આપેલો, 'એ બાઈ સારું ગાય છે. મેં સાંભળી છે ને? એના ગળામાં દર્દ છે. મને તો તેની ગાયકી ખૂબ ગમે છે. મારી પાસે મારું કહી શકાય એવું હવે રહ્યું છે ય શું?'

અને ખરેખર, એમની પાસે એમનું કહી શકાય એવું કશું જ નહોતું રહ્યું. પોતાની સઘળી ગાનસંપત્તિ એમણે છૂટે હાથે લુંટાવી દીધી હતી, તેમ ભૌતિક સંપત્તિ પણ છૂટે હાથે ખરચી હતી. મૃત્યુ સમયે એમની પાસે ખાસ કંઈ જ રહ્યું નહોતું. એમની દિલાવરીએ એમને આમ અકિંચન જેવી સ્થિતિમાં મૂકી દીધા છતાં મૃત્યુ પર્યંત એની માત્રા જરાયે ઘટી નહોતી. ચારેક વર્ષ પહેલાં એ ગંભીર માંદગીમાં પટકાએલાં ત્યારે પણ મુંબાઈ રેડીઓના કાર્યકરોએ ભંડોળ ઊભું કરી એમને હૉસ્પિટલમાં પહોંચાડેલાં.

સુંદરાબાઇએ શાંતારામના 'આદમી' ચિત્રમાં સિપાહીનું પાત્ર બનનાર શાહુ મોડકની માતાની ભૂમિકા ભજવેલી. બાલગંધર્વનાં ગીતોનું સ્વરનિયોજન એ કરતાં એની ઘણાને ખબર નહિ હોય. ગમે તેવી સ્થિતિ હોય પણ એમના ચહેરા પરનું સાત્ત્વિક સ્મિત અને એમનાં નેત્રોમાંથી સૌ પ્રત્યે વરસતી શુભાશિષમાં મુદ્દલ ફેર પડયો નહોતો. એમનાં વાત્સલ્ય ને ઔદાર્યનો લાભ અનેકને મળેલો, પરંતુ એમના અવસાન સમયે એમને પડખે મુંબાઇ રેડિયો સ્ટેશનના અધિકારીઓ સિવાય કોઇ જ નહોતું.

સુંદરાબાઈ તો ગયાં. એમની સાથે જ મહારાષ્ટ્રની લાવણી ગઈ, ઠુમરી ગઈ, ભજનો ગયાં. રહ્યા છે માત્ર એ સ્વરદેવતાના સ્વરના પડઘા.

દવાઓની શોધખોળ (૨)

માટીની ફૂગમાંથી દવાઓની શોધખોળ ચાલુ રહી છે. ઇ. સ. ૧૯૫૦માં ન્યૂ યૉર્કની ફીઝર લૅબોરેટરીનાં સંશોધનોના પરિણામે સ્ટ્રેપ્ટોમાઇસિસ રીમૉસસ નામની ફૂગમાંથી ટેરામાઈસીન નામે ઔષધ હાથ લાગ્યું છે. આ ઔષધની ખૂબી એ છે કે તે ઉભયરૂપી (Amphoteric) છે. એનો સોડિયમ ક્ષાર અલ્કગુણયુક્ત છે તો હાઇડ્રોક્લોરાઇડ આમ્લિક છે.

પદાર્થોની અણુરચના પાણીના જેવી સાદી અને સરળથી માંડી એવી તો અટપટી હોય છે કે એનું રહસ્ય શોધવા આધુનિક વૈજ્ઞાનિક સાધનો પણ ટાંચાં પડે છે. હમણાં શોધાએલી ઍન્ટીબાયોટિક દવાઓની રચના આવી જટિલ છે. કોઈક રહસ્યભરી આથાની ક્રિયાથી ફૂગમાંથી પેદા થતા ટેરામાઇસીનના પરમાણુઓ શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્ર વડે પણ જોઈ શકાતા નથી. આથી એક બાબત તો એ ચોક્કસ થઈ છે કે આવી અટપટી રચનાવાળું ઔષધ લૅબોરેટરીમાં કૃત્રિમ રીતે પેદા થઈ શકે એમ નથી. ઍન્ટીબાયોટિક ઔષધિઓ તો ફક્ત માટીની ફૂગમાંથી કુદરતીરીતે જ મળી શકે એમ છે.

ટેરામાઈસીનના અણુમાં પ્રાણવાયુનું પ્રમાણ વધારે હોવાથી માનવશરીરના પ્રવાહીમાં તે સારી રીતે ભળે છે. આથી એની અસર પણ જલદી થાય છે. એનો ઉપયોગ ન્યૂમોનિયા, પરૂના રોગો, ઇન્ફ્લુએન્ઝા, ઉંટાટિયું, જૂનો મરડો, ફેફસાંનું ગૂમડું. ચોખિયાનો સોજો, પરમો, ચાંદી, પેશાબના ચેપી રોગો, પ્લેગ, ટ્રેકોમા નામનો આંખનો ચેપી રોગ, દાઝ્યા પછી લાગુ પડતો ચેપ, લાંબા વખતથી પાકતા કાન ને કાન પાછળના મેસ્ટૉઇડના ચેપ વગેરે માનવજાતને પીડતા એંશીથી વધુ ચેપી અને ઉગ્ર રોગો માટે ઘણો અસરકારક નીવડયો છે. દવાના ક્ષેત્રમાં એ ઓરિયોમાઇસીનનું હરીફ નીવડયું છે. વળી ઓરિયોમાઇસીન વગેરે પેઠે આ મોઢા વડે લેવાનું છે. ઇન્જેક્શનની સોયોનો ત્રાસ વેઠવાનો નથી. નાનાં બાળકોને દૂધ કે મધના પ્રવાહીમાં સહેલાઈથી આપી શકાય છે.

ઍન્ટીબાયોટિક દવાઓના વપરાશને પાંચ-દસ વરસ વીત્યાં ન વીત્યાં ત્યાં તો એના ગુણ વિરુદ્ધ ફરિયાદો થવા માંડી. દાક્તરોને માલૂમ પડયું કે કેટલાક રોગજનક જીવાણુઓ એક વાર આ દવાઓના વપરાશ બાદ વિફરીને એવા તો માતેલા બની જાય છે કે બીજી વાર એ દવાઓની ઝેરી માત્રાઓને પણ ગાંઠતા નથી. પેનિસિલિનથી નાશ પામતા પરૂ પેદા કરતા જીવાણુઓ એક વાર પેનિસિલિનની અસર પામ્યા બાદ એવું તો 'બખ્તર' સજે છે કે બીજી વાર તેમને નિર્મૂળ કરવા માટે એ દવા પાણી જેવી નીવડે છે. આ રીતે ક્ષયના જીવાણુઓ પણ સ્ટ્રેપ્ટોમાઇસીનને મચક ન આપે એવાં બની જાય છે.


દેવ અને દાનવો વચ્ચેના સંગ્રામ જેવી આ ઘટના છે. ઘવાએલા કે કપાએલા દાનવોના લોહીનાં બુંદમાંથી નવા દાનવો જન્મતા હતા, પણ દેવો એમને પરાક્રમથી પરાજિત કરી શક્યા હતા. શક્તિશાળી બનેલા જીવાણુઓને મહાત કરવાનું અસ્ત્ર શોધવા વિજ્ઞાનીઓ પ્રયોગશાળામાં મચી પડયા છે અને પરિણામ પણ આશાજનક દેખાયું છે. પેનિસિલિન તથા સ્ટ્રેપ્ટોમાઈસીન, અને સ્ટ્રેપ્ટોમાઈસીન તથા આયોનીઝાઇડ ઔષધો એકઠાં કરી વાપરવાથી પરૂ થતા રોગો અને ક્ષયરૂપી શત્રુઓને શરીરમાંથી નેસ્તનાબૂદ કરવાનું શક્ય બન્યું છે.


પણ એક વાર પરાસ્ત થએલા જીવાણુઓ ફરીવાર સુદૃઢ બની શરીરમાં હુમલો કરે તો એના નાશ માટે અમેરિકાના એક વિજ્ઞાનીએ એક પ્રબળ સર્વોપરિ ઍન્ટીબાયોટિક ઔષધ શોધ્યું છે. એનું નામ છે મૅગ્નામાઈસીન. નામ પ્રમાણે એના ગુણ છે. ખુશીની વાત તો એ છે કે બીજાં ઍન્ટીબાયોટિકથી પણ કાબૂમાં ન આવતા રોગો આ ઔષધથી મટે છે.

—(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી


ભારતીય નૃત્ય

આજથી ૪,૦૦૦ વર્ષો પૂર્વે પણ નૃત્ય ભારતમાં જીવનના અંગ સમાન હતું; માત્ર મનોરંજનના સાધન તરીકે નહિ, પરંતુ જીવનની અભિવ્યક્તિ સમું હતું. આ ભાવના આજ દિન સુધી ભારતના શાસ્ત્રીય નૃત્યમાં જળવાઈ રહી છે. મુદ્રાઓ એ ભારતીય નૃત્યની વિશેષતા છે અને દુનિયાની કોઇ પણ પદ્ધતિ કરતાં મુદ્રાઓનો અભિનય તેમાં વિશેષ છે. શાસ્ત્રીય ભારતીય નૃત્યમાં ૫૦૦૦ જેટલા સંકેતાત્મ અભિનયોનો ઉપયોગ થાય છે, અને આ બધા અભિનયો દ્વારા જીવનનો પ્રત્યેક ભાવ સ્ફૂટ કરી શકાય છે. પશ્ચિમી નૃત્યકારો સ્નાયુઓના હલનચલનમાં સર્વોચ્ચ તાલીમ પામેલા છે, પરંતુ ભારતીય નૃત્યકારની ઊર્મિશીલ તદ્રૂપતા તેમાં ઓછી હોય છે. —રામગોપાલ





ડાબી બાજુ: બ્રિસ્ટલ(ઈંગ્લંડ)નાએક ડ્રાફ્ટ્સમૅને (નકશાનવીસે) એવું યંત્ર શોધ્યું છે કે જે વડે સામાન્ય સપાટ નકશામાંથી થ્રી ડાઇમેન્શનલ (ત્રિપાર્શ્વ) આલેખન એક જ ક્રિયામાં થઈ શકે. જમણી બાજુ: ભારતના જંગલ-સંશોધન ખાતાએ, સરેસ લગાડેલી 'વેનીઅર' લાકડાની પાતળી છાલ-પટ્ટીઓને ગૂંથીને ગરમીમાં દબાણ આપી આ સાદડી ઘાટનાં પાટિયાં બનાવ્યાં છે જે પડદા, છત તથા બીજા ગૃહસુશોભનમાં વાપરી શકાય.





પડખે: આ વિચિત્ર લાગતું યંત્ર જમીન પર સપાટ દોડ લીધા વિના હેલિકૉપ્ટરની માફક સીધું ઊંચું ઊડી શકે એવું વિમાન છે. તેની આગલી ચાર પાંખો હવાને નીચે દબાવી એકદમ ઊંચે ખેંચી જાય છે. પણ ઊંચે ગયા પછી તે પાંખોનાં મોં ફેરવી નાખી સામાન્ય વિમાન પેઠે અને હેલીકૉપ્ટર કરતાં અનેકગણી ઝડપે તેને ઉડાડી શકાય છે. નીચે: આ સર્વતોમુખી એન્જિનને દુનિયાભરની રેલવેના કોઇ પણ માપના પાટા પર ચલાવી શકાય. તેનાં પૈડાં છૂટાં કરીને પાટાની પહોળાઈના માપ પ્રમાણે ધરી પર પહોળા કે સાંકડા બેસાડી શકાય છે. તે ડીઝલ તેમજ વીજળિક બંને પ્રકારે ચાલતું હોવા ઉપરાંત શૂન્ય નીચે ૬૫ ડિગ્રી ઠંડી સુધીના સર્વ હવામાનમાં કામ આપી શકે એવી તેની બનાવટ છે.

શિખર-આરોહણની વિશેષ સિદ્ધિ

એવરેસ્ટના આરોહણની સિદ્ધિ એટલી બધી મહાન છે કે આ વર્ષે થએલાં એવાં જ બીજાં દુર્ધર્ષ આરોહણો તેની છાયામાં ઝાંખાં પડી જાય છે. બાકી હમણાં જર્મન-ઑસ્ટ્રિયન ટુકડીએ સર કરેલું નંગા પર્વતનું શિખર એ જેવીતેવી સિદ્ધિ નથી. ડૉ. હરલિગકોફરની એ ટુકડીનો વિક્રમ માત્ર હિલેરી અને તેનસિંગના વિજયથી જ બીજે નંબરે આવી શકે એટલો ઉજ્જવલ છે; કેમકે ૨૬ ૭૦૦ ફૂટ ઊંચા, બરફ અને ખડકના એ વિરાટકાય નંગાએ આજ સુધી અનેક આરોહકોને હંફાવીને પાછા કાઢ્યા છે. દુનિયાના પર્વતોમાં ૮મે નંબરે આવતું એ શિખર ૨૬,૦૦૦થી વધુ ઊંચાઈનાં જિતાએલાં શિખરોમાં તો ત્રીજું જ છે—એવરેસ્ટ અને અન્નપૂર્ણા એ બીજાં બે. અને હિંદી ટુકડીએ સર કરેલું 'પંચ-શૂલ' શિખર પણ ઓછો ગણનાપાત્ર બનાવ નથી.

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

જુલાઈ માસની વ્યક્તિવિશેષ

સર ચીમનલાલ હરિલાલ સેતલવડ



પોતાની પ્રખર બુદ્ધિમત્તા વડે માત્ર કાયદાના જ નહિ, પણ સામાજિક, રાજકીય, શૈક્ષણિક એમ અનેક ક્ષેત્રમાં પ્રકાશ પાથરનાર ને હિંદના એક કાળના અગ્રગણ્ય વિનીત નેતા સર ચીમનલાલ હરિલાલ સેતલવડનો જન્મ ૧૮૬૪ના જુલાઇમાં બ્રહ્મક્ષત્રિય કુટુંબમાં ભરુચ મુકામે થએલો. ઊમરેઠમાં પ્રાથમિક શિક્ષણ લઈ, અમદાવાદથી મૅટ્રિક થઈ, મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ.થયા બાદ પિતાજીના આગ્રહનેવશ થઈ અનિચ્છાએ સાણંદમાં રેવન્યૂ ખાતામાં જોડાયા.પણ ચાર જ દિવસ બાદ રાજીનામું આપી કાયદાનો અભ્યાસ કરવા મુંબાઇ ઊપડી ગયા, ને ત્યાં એલએલ.બી. થઈ ૧૮૮૭માં વકીલાત શરૂ કરીને ટૂંક વખતમાં જ નામના મેળવી.

એ સમયે એમને ત્યારના મુંબાઇના એતાજ બાદશાહ સર ફિરોઝશાહ મહેતાનો પરિચય થયો. જેને પરિણામે, ધરખમ આવકવાળો ધંધો છોડીને જાહેરજીવનમાં ન પડવાની મિત્રોની સલાહને અવગણીને એમણે ફિરોઝશાહ મહેતાના નેતૃત્વ હેઠળ રાજકીય તથા સાર્વજનિક ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ફિરોઝશાહ મહેતાની વિચારસરણીના તેઓ એવા તો ચુસ્ત પુરસ્કર્તા હતા કે ઈ. ૧૯૧૫માં ફિરોઝશાહના અવસાન બાદ તેમની બંધારણીય રીતે જ દેશને સ્વતંત્ર કરવાની મતપ્રણાલીને છેવટ સુધી ટકાવી રાખનાર વિનીતોમાં અંતે તેઓ એકલા અડગ રહ્યા હતા. ૧૯૧૮માં એ પક્ષે કૉંગ્રેસથી જુદા થઇ 'નૅશનલ લિબરલ ફૅડરેશન ઑાવ ઇંડિયા' નામનો જે નવો પક્ષ સ્થાપ્યો તેના તેઓ ૧૯૨૮માં અને '૩૭માં એમ બે વાર પ્રમુખ થએલા.

૧૯૧૮માં જલિયાંવાલા બાગના હત્યાકાંડની તપાસ માટે નીમાએલી હંટર સમિતિમાં તે નિમાએલા.એ વખતે ખફગી વહોરીને પણ તેમણે પોતાનો અભિપ્રાય સ્વતંત્ર રીતે જુદો જ પ્રકટ કરેલો. સાઇમન સમિતિમાંની તેમની કામગીરી પણ નોંધપાત્ર છે. ગોળમેજી પરિષદમાં પણ તેઓ હતા. ત્યારે તેમણે કોમી પ્રશ્ન માટે તથા ફેડરેશનના વિરોધમાં સારું કાર્ય કરેલું.

પ્રખર ધારાશાસ્ત્રી તરીકે તેમની વિદ્વત્તા અને પ્રતિભા તો અજોડ હતાં. કોઇ પણ મુદ્દાનું બળાબળ પરખી લેવાની તેમની શક્તિ, પૃથક્કરણ કરવાની આવડત તથા કાયદાના સિદ્ધાંતો પર અદ્ભુત પકડ આદિ ગુણોને કારણે તેઓ સમસ્ત હિંદમાં પ્રથમ કક્ષાના ધારાશાસ્ત્રી તરીકે પંકાતા. આ ઉચ્ચ શક્તિઓને લીધે ૧૯૨૦માં તે હાઇકોર્ટના વધારાના ન્યાયાધીશ તરીકે પણ નિમાએલા.

૧૮૯૨થી ૧૯૨૦ સુધી તેઓ મુંબાઈ મ્યુ. કૉર્પોરેશનમાં હતા. ૧૮૯૩થી વખતોવખત મુંબાઈની વડી ધારાસભાના સભ્ય તરીકે સરકારી બિલો પર કડક સમાલોચનાઓ કરી તેમણે લોકહિતની જાગરૂક રીતે રક્ષા કરેલી. મધ્યસ્થ ધારાસભામાં વિઠ્ઠલભાઈ પટેલ પ્રમુખ થયા પહેલાં તેના કામચલાઉ પ્રમુખ તરીકે તેઓ જ નિમાએલા.

૧૯૨૦માં ગવર્નરની કારોબારીમાં પણ તેમને લેવામાં આવેલા, પણ મુદત પૂરી થતાં પહેલાં જ રાજીનામું આપી છૂટા થઈ ગએલા.

૧૯૧૭થી લાગલાગટ બાર વર્ષ સુધી મુંબાઈ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે તેઓ રહેલા. ત્યાં રીઝર્વ ફંડ, લશ્કરી શિક્ષણ, શૈક્ષણિક સુધારા આદિ અનેક મહત્ત્વની બાબતોમાં કામગીરી બજાવેલી. '૨૭માં મુંબાઈ યુનિવર્સિટી ધારો ઘડવામાં એમણે જે જહેમત લીધેલી તે એમના પ્રત્યે માન પ્રેરે તેવી હતી. યુનિવર્સિટીએ પણ એ બદલ એમને 'ડૉક્ટર ઑાવ લૉઝ'ની ઉપાધિ આપી નવાજેલા.

'નિર્ભયતા' એ એમના જીવનનો સાર કહી શકાય. કોઈની યે શેહમાં દબાયા વિના કે લાગણીમાં તણાયા વિના તેઓ સ્પષ્ટપણે પોતાનો અભિપ્રાયદર્શાવતા. પોતાનાં જીવનસંસ્મરણો આલેખતા 'રીકલેક્શન્સ ઍન્ડ રિફ્લેક્શન્સ'પુસ્તકમાંએમના વિચારો જોવા મળે છે. આમ, માત્ર ૨૬ વર્ષની વયે જાહેર જીવનમાં પડી, ૮૨ની વય સુધી સતત કાર્યરત રહી, અષ્ટપૈલુ બુદ્ધિમત્તા ધરાવનાર ખડતલ પ્રકૃતિના એ પુરુષ ૧૯૪૭ની ૧૦મી ડિસેમ્બરે ટૂંકી માંદગી બાદ અવસાન પામ્યા.

જુલાઇ માસના દિનવિશેષ

તા. ૧ ઈરાક સ્વતંત્ર રાષ્ટ્ર થયું, ૧૯૩૦. ** આયર કૂટે હૈદરઅલીને હરાવ્યો, ૧૭૮૧.

તા. ૨ હોમિયોપથી ઉપચાર-પદ્ધતિના શોધક સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન, ૧૮૪૩.

તા. ૪ અમેરિકાનો સ્વાતંત્ર્યદિન : ફિલાડેલ્ફિયામાં તેની પ્રથમ જાહેરાત થઇ, ૧૭૭૬.

તા. ૫ સુભાષબાબુએ 'આઝાદ હિંદ સેના'ની સ્થાપના કરી, ૧૯૪૩.

તા. ૧૧ હિંદમાં પાંચ રૂપિયાની ચલણીનોટો પહેલવહેલી મુંબાઇથી શરૂ થઇ, ૧૮૭૨.

તા. ૧૯ પુષ્ટિમાર્ગના સંસ્થાપક અને વૈષ્ણવોના આચાર્ય વલ્લભાચાર્યજીનું અવસાન, ૧૫૩૧.

તા. ૨૨ ભારતની બંધારણસભામાં દેશના હાલના રાષ્ટ્રધ્વજનું નિર્માણ થયું, ૧૯૪૭.

તા. ૨૩ સ્વરાજ્ય-મંત્રના પ્રથમ ઉદ્ગાતા લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનો જન્મ, ૧૮૫૬.


તા. ૨૮ જર્મનીનું સંગઠન કરનાર લોખંડી રાષ્ટ્રપુરુષ બિસ્માર્કનું મૃત્યુ, ૧૮૯૮.

તા. ૩૦ મધ્યયુગના ભારતનાં ભક્ત કવિ સંત તુલસીદાસનું અવસાન, ૧૫૩૧.

તા. ૩૧ સર રૉબર્ટ બેડન-પૉવેલે 'બૉય-સ્કાઉટ' પદ્ધતિ શરૂ કરી, ૧૯૦૮.


જુલાઈ માસનો પ્રસંગવિશેષ : દારાનો વધ · ૨૮મી જુલાઇ ૧૬૫૯

શાહજહાંએ પોતાના ચાર પુત્રો–દારા, શૂજા, મુરાદ ને ઔરંગઝેબને અનુક્રમે પંજાબ, બંગાળ, ગુજરાત અને દખ્ખણના સૂબા નીમેલા. પોતપોતાના પ્રાંતોમાં ચારે ય લગભગ બધી જ સત્તા ભોગવતા હોઈ મુરાદ તથા શૂજાએ તો બાપની ઉપરવટ જઈ પોતાના નામના સિક્કાઓ પણ પડાવેલા. પિતાની ગંભીર માંદગીના સમાચાર મળતાં જ એ બંનેએ તો પોતપોતાના પ્રાંતોમાં પોતાનો રાજ્યાભિષેક કરાવી સ્વતંત્ર સલ્તનત સ્થાપી. પણ ઔરંગઝેબ મહા ગણત્રીબાજ હતો. એણે તો પોતાની નેમ મુઘલાઈની રાજધાની આગ્રા ભણી જ તાકી અને તે સર કરી બાપને જન્મભરની કેદમાં નાખ્યો. પછી મુરાદને માર્યો, શૂજાને દબાવ્યો ને બાકી રહેલા નાસતા ફરતા દારાને પણ કેદ કરી તેના પર દેશદ્રોહી તથા ધર્મદ્રોહી હોવાનું આળ મૂકી ૧૬૫૯ની ૨૮મી જુલાઇએ તેનો શિરચ્છેદ કરાવ્યો. દારા સર્વ ધર્મની સમાનતામાં માનતો એમ તેના 'મજમૂઅહ-ઇ-બાહરિયાન' નામના પુસ્તક પરથી જોઇ શકાય છે. તેણે ઉપનિષદોનું પણ 'સિર્રે-અલ-અસરાર' નામે ફારસી ભાષાંતર કરાવેલું. આ ઉપરાંત, એ વિદ્વાન શાહઝાદાએ 'સફીનત-ઉલ-ઔલિયા' નામનો મુસ્લિમ સંતોના ચરિત્રોનો એક ગ્રંથ પણ લખેલો. વિદ્યાવ્યાસંગે અને ધાર્મિક વૃત્તિએ એ જાણે અકબરનો જ શિષ્ય હતો.



સિંદબાદ ખલાસી પોતાની સફરનું વર્ણન કરતો. ચિત્રકાર: એડમંડ ડ્યુલાક, જેનો પરિચય આ અંકમાં આપ્યો છે.
પૂર્વની શૈલીએ સપાટ રંગો, સરળ રેખાઓ અને શોભનાત્મક આલેખનો કરનાર કલાકાર તરીકેની એની નામના છે

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ




પહેલું ઇનામ · 'અણપ્રીછ્યાં સૌંદર્ય'—હસરાજ વૃંદાવન (મુંબાઇ); બીજું ઇનામ : 'નિર્દોષ હાસ્ય' (?)—નવીનચન્દ્ર સંઘાડિયા (નવસારી); ત્રીજું ઇનામ : 'કમળફુવારો' (?)—ડૉ. એમ. રાજે (મુંબાઇ). નોંધપાત્ર : (૧) 'પાડોશીઓ': હંસરાજ વૃંદાવન–મુંબાઈ; (૨) 'કંઇક જડયું' : તિમિર ઉપાધ્યાય–અમદાવાદ. ❡. આ વખતના ૧૬ હરીફોના ૩૬ ચિત્રોના સમૂહમાં થોડાક હરીફોએ સારાં કહી શકાય તેવાં ઘણાં ચિત્રો મોકલ્યાં છે. પણ એના એ જ હરીફોનાં તે હોઇ સ્પર્ધા થઈ શકતી નથી. પણ એક મુખ્ય ખામી નામકરણની જણાઇ છે. ઉપર જે ચિત્રોના નામ સામે અમે પ્રશ્નાર્થ મૂકયા છે તે હરીફોએ તો નનામાં મોકલ્યાં છે. (લખેલાં નામ અમે પાડેલાં છે.) આ, હરીફાઈની શરતનો એક ભંગ છે અને હવેથી તે ચલાવી નહિ લેવાય. ❡. પહેલું ઇનામ મેળવનારે શિલ્પની અઘરી ગણાતી ફોટોગ્રાફી સાધ્ય કરી છે અને આવા પ્રકાર માટે જરૂરી છાયા-પ્રકાશની સમજ તથા એક્સ્પોઝર ઉપરનો કાબૂ દર્શાવવા ઉપરાંત પ્રાચીન કલાની કદર કરનારી આંખ પણ તે ધરાવે છે. હસતા બાળકનું બીજા ઇનામને પાત્ર ચિત્ર પણ કમેરાનો કૉણ, પ્રકાશયોજના અને ટેકનિકમાં સફળ છે, પણ સ્વાભાવિકતાનું કાંઇક માધુર્ય ખૂટતું લાગે છે. ત્રીજા ઇનામના ચિત્રની પશ્ચાદભૂમિકામાંનું સ્ત્રીપાત્ર ઘેરી ભોંયમાં મળી જાય છે તેને બદલે નેમાંના પુરુષપાત્રને કમી કરીને તેને સ્થાને સ્ત્રીપાત્ર ઊભું રાખ્યું હોત તો મુઘલ મહેલના વાતાવરણને ઉચિત પોશાકવાળું એ પાત્ર પ્રકાશની ઓથ પર ઉઠાવ પકડીને, આ વિરલ ગણાય એવા સ્થાપત્ય-ચિત્રને ઉત્તમ બનાવી મૂકત. ❡. મંદિર, મઢૂલી અને વૃક્ષનું નજરને ઠારે એવું ભાઈ હંસરાજનું બીજું ચિત્ર સારા સંયોજનનો નમૂનો છે; એવું જ સારું સંયોજન (વર્તુલાકાર કિનારરેખામાં બાળકો, પાણી, દૂરના છોડ તથા કૂતરાથી રચાતું સંયોજન) ધરાવતું બામ તિમિર ઉપાધ્યાયનું ચિત્ર નબળી ટેકનિકથી પાછું પડે છે. આફ્રિકાના બેએક બંધુઓનાં ચિત્રોમાં પણ સંયોજનાની આવી જ સારી સામગ્રી હોવા છતાં ચિત્રયોજનાને અનુરૂપ ગૂંથણી ન હોવાથી એકવાક્યતા સર્જાતી નથી. —બીદામ ભટ્ટ